વર્નાક્યુલર ટેક્સ્ટ બૂકસ રીવિઝન કમિટીએ સુધારેલી

ગુજરાતી સાતમી ચોપડીના અર્થ

કવિતાની સમજુતી, વ્યાકરણ અને મહાન પુરૂષોના
ચરિત્ર સહીત.

બનાવનાર

નગીનદાસ

ફકીરભાઈ કાસીદાસ,

છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઈ જગજીવનદાસ.

નવી સુધારેલી આવૃત્તિ.

(સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે નોંધાવી છે).

કીમત ૮ આના.

મુંબઈ;

" તત્વવિવેચક " પ્રેસ.

સને ૧૯૦૮.

ગુજરાતી સાતમી ચોપડીના અર્થઃ

પાઠ ૧ લો.
નાગરિક (ના.) નગરમાં વસનારા.
દેશજન (ના.) દેશમાં વસનારા.
ધર્મ (ના.) ફરજ.
હિત (ના.) લાભ, ફાયદો.
આચરણ (ના.) વર્તન.
બહોળા (વિ.) વિસ્તારવાળા.
પ્રત્યે (અ.) તરફ.
અંગ (ના.) ભાગ, બાબત.
આણ (ના.) આજ્ઞા.
કાર્યો (ના.) કામો.
આબાદી (ના.) ચઢતી.
પ્રતાપ (ના.) મોટાઈ.
ઉત્તેજન (ના.) મદદ.
ધોકો (ના.) નુકશાન.
સ્વાર્થ (ના.) મતલબ.
ભંગકરે (ક્રિ.) તોડે.
શાખ (ના.) આંટ, શાહુકારી.
બટ્ટો (ના.) એબ.
લોપ (અ.) નાશ.
વફાદાર (વિ.) પ્રમાણિક,
દ્વેષ (ના.) અદેખાઈ.
ધુરૂંઇચ્છે (ક્રિ.) ભૂંડું તાકે.
અદાલતો (ના.) કોરટો, કચેરીઓ.
પંચ (ના.) જ્યુરી, આસેશર.
જુબાની (ના.) સાહેદી.
સ્થાનિક (વિ.) સ્થાનના.
સોસવું (કૃ) વેઠવું.
અગત્યનાં (ના.) જરૂરીઆતી.
બંધારણો (ના.) ગોઠવણો.
મ્યુનિસિપાલિટિ (ના.) શહેર સુધરાઈ ખાતું.
લોકલબોર્ડ (ના.) જીલ્લા સુધરાઈ ખાતું.
મંડળો (ના.) સમાજો.
પ્રતિષ્ઠિત (વિ.) આબરૂદાર. [વૉટ.
મત (ના.) અભિપ્રાય,
સહે (ના.) બીક.
તણાઈ (કૃ.) ડરીને, ખેંચાઈ.
પ્રાપ્ત થયો (ક્રિ.) મળ્યો.
વજીરો (ના.) પ્રધાનો.
જૂજ (વિ.) થોડા.
ખ્યાલ (ના.) સમજ, ધ્યાન.
સર્વોપરિ (વિ.) શ્રેષ્ઠ.

પાઠ ૨ જો.
ખગોળવિદ્યા (ના.) આકાશી પદાર્થોની વિદ્યા
સંશોધન (ના.) શોધ ખોળ.
ઋગ્વેદ (ના.) ચાર વેદમાંનો પહેલો.
ગતિ (ના.) ચાલ.
અનુસરીને (કૃ.) આધારથી.
બંધ બેસતું (કૃ.) મળતું આવતું.
અધિક માસ (ના.) વધારાનો મહિનો.
યજ્ઞ (ના.) હોમ.
નિરીક્ષણ (ના.) અવલોકન.
મંડળ (ના.) પ્રકરણ.
સત્ર (ના.) છત્ર, વન, ધન, સરોવર, યજ્ઞ.
આરંભવાં (કૃ.) શરૂ કરવાં

સમાપ્ત (અ.) પૂરાં.
દક્ષિણાયન (ના.) કર્ક સક્રાંતિથી મકર સંક્રાંતિ સુધીનો અથવા ૧૩ મી જાનેવારીથી ૧૩ મી જુલાઈ સુવખત.
અશુભ (વિ.) નઠારો.
સમાગમ (ના.) મેળાપ, મુલાકાત.
સંશય (ના.) શક,વહેમ.
દૈનિક ગતિ (ના.) પોતાની ધરીપર ફરવાનો વેગ.
વિવરણ (ના.) વિવેચન.
યોજન (ના.) ચારકોસ, આઠમાઈલ.
ભારતવર્ષ(ના.) હિંદુસ્તાન
ભૂષણ (ના.) શોભારૂપ.
સમકાલિન (વિ.) એક સમયમાં થએલા.
બીજ ગણિત (ના.) અક્ષર ગણિત.
અધ્યાય (ના.) ભાગ.
ટીકા(ના.)નોટ, ખુલાસો.
નિરૂપણ (ના.) વર્ણન.
નિપુણ (વિ.) હોશિયાર.

પાઠ ૩ જો.

અંતર્યામી (વિ.) મનની વાત જાણનાર.
જીવન (ના.) જીવાડનાર.
દીનશરણા (ના.) ગરીબના રક્ષક.
આત્મા ઢાળી=ઘણા ભાવથી, પ્રેમથી.
અનુપમ (વિ.) ઉપમા ન અપાય એવા.
સખા (ના.) મિત્ર.
વિમલમુખ (ના.) નિર્મળ મુખવાળા.
અદ્દ્ભૂત (ના.) નવાઈ.
જ્યોતિ (ના.) પ્રકાશ.
પર (અ.) જુદો.
પરમ (વિ.) શ્રેષ્ઠ.
આદિ (અ.) પ્રથમ.
શુચિ (વિ.) પવિત્ર.
પુરાણ (વિ.) જુનો.
ધારેછે(ક્રિ.) રક્ષણ કરેછે.
સૃજન (ના.) ઉત્પન્ન કરવા વખતે.
પ્રલય (ના.) નાશ કરવા વખતે.
નાથ (ના.) ધણી.
અહરનિશ (ના.) રાત્રિ દિવસ.
ગોપાલ (ના.) રક્ષક.
અપાપી(વિ.)પાપ રહિત.
શિવસદન (ના.) કલ્યાણનું ઠેકાણું.
એકાકી (વિ.) એકલો.
વિભુરાયા (ના.) સર્વ વ્યાપી રાજા.
સમીપમાં (અ.) પાસે.
હીણો (અ) વિનાનો.
દરસનાં (ના.) દરશનનાં

કવિતાની સમજુતી.

અન્વય—અંતર્યામી પ્રભો! જીવના જીવન! દીનશરણા? પિતા! માતા! બંધુ? અનુપમ સખા? હિતકરણા? જનના ધન, વિભવ, પ્રભો, કીર્ત્તિ, કાંતિ સર્વસ્વ? (એવા હે?) જગતના વિમલમુખ સ્વામી (હું તમને) નમુંછું! વંદુંછું.

અર્થ—હે! સર્વના મનની વાત જાણનાર પ્રભુ? હે ? બધા પ્રાણીઓના જીવનરૂપ ? હે ? ગરીબના બેલી ? હે ? માબાપ ભાઈ? હે ? ઉપમા અપાય નહિ એવા મિત્ર ? હે ? ભલું કરનાર ? હે ? માણુસોના વૈભવ, પૈસાટકા, આબરૂ, તેજ, રૂપ વગેરે સર્વરૂપ ? હે ? જગતના પવિત્ર ધણી હું તમને વારંવાર નમુંછું નમુંછું ૧.

અન્વય—(હેપ્રભુ ?) સઉ અદ્ભુતોમાં તુજ સ્વરૂપ અદ્ભુત નીરખું (છું, ત) મહા જ્યોતિજેવું (અને એક) નયન શશીને (બીજુ઼ં) સૂર્ય સરખું (છે, તું) દિશાની ગુફાઓ, પૃથિવી (ને) ઉંડું આકાશ ભરતો (દેખાયછે અને હે ?) પ્રભો તે સૌથીએ તું પર (છે અને) પરમદૂર ઉડતો (જણાયછે.)

અર્થ—હેપ્રભુ ? આપૃથ્વી ઉપર જેજે અદ્ભુત વસ્તુઓ છે તે સર્વમાં તારૂંસ્વરૂપ ઘણુંજ અદ્ભુત જોઉંછું. તે સ્વરૂપ મહા પ્રકાશિત જ્યોત જેવુંછે અને તારાં નયનોમાં એક ચંદ્ર જેવું અને બીજું સૂર્ય જેવું પ્રકાશિત છે, અને તું દશે દિશા રૂપી ગુફાઓમાં પૃથ્વીના પડોમાં અને આકાશમાં ભરેલો છે હેપ્રભુ ? તે બધા કરતાં તું શ્રેષ્ઠ અને ઘણે દૂરસુધી ઉડતો જણાય છે ૨.

અન્વય—(હે ?) પ્રભો ? તું આદિછે, તુંજ શુચિ (અને) પુરાણ પુરૂષ છે, તું સૃષ્ટિધારેછે, તુંજ સૃજન પ્રલયે નાથ છે, તુંજ અમારા ધર્મોનો અહર-નિશ ગોપાલછે, (અને) તુંજ અપાપી (ને) પાપીનું શિવસદન કલ્યાણછે.

અર્થ—હેપ્રભુ ? તું પહેલામાં પહેલોજ છે તુંજ પવિત્ર અને જુનામાં જુનો છે તું સૃષ્ટિને ધારણ કરેછે, તુંજ ઉત્પન્ન કરતી વખતે અને નાશ કરતી વખતે પણ ધણીછે, અમારા ધર્મોનું રાત દિવસ રક્ષણ કરનાર તુંજ છે અને તુંજ પાપી અને પુન્યશાળી માણુસોના કલ્યાણનું ઠામ છે ૩.

અન્વય—(હેપ્રભુ ?) સકળ જડ અને ચેતન તણો (તું) એકાકી પિતાછે, તું જનકુલ તણો ઘણો પૂજ્ય ગુરૂછે. મોટોછે, (હે) દેવા ? ત્રણ લોકે તુજ સમો નથી, **અન્યન** થશે. (હે) વિભુરાયા તુંથી અધિક પછીતો કોણુજ હશે?

અર્થ—હેપ્રભુ ? બધા જડ અને ચૈતન્ય પ્રાણી અને પદાર્થોનો તું એકજ પિતા છે તું માણુસ માત્રને ઘણો પૂજવાલાયક છે ગુરૂછે અને મોટોછે, હે દેવ! ત્રણ લોકમાં તારા સમાન કોઈ છે નહિ અને બીજો થશે પણ નહિ. તો પછી હે સર્વ વ્યાપક સ્વામિ? તારાથી વધારે કોણુ હોય? ૪.

અન્વય—(તું) બ્રહ્માંડોમાં વસેછે (છતાં) અમ ઉર વિષે વાસ વસતો (લાગેછે) તું આઘેમાં આઘે (છે છતાં) પણ નિત્ય સમીપમાં હસતો (જણાયછે. એવા હે પ્રભુ? તમને હું) આત્મા ઢાળી નમું (વળી આ) નમન લળતી દેહ નમજો, કોટીવારે નમું વળી (હે) પ્રભુ નમસ્કારજ હજો.

અર્થ—હેપ્રભુ? તું અનંત બ્રહ્માંડોમાં રહેછે છતાં પણ અમારા હૃદયમાં રહેલો છું. તું દૂરમાં દૂરછે છતાં પણ નિત્ય અમારી પાસે રહી ખુશી થતો જણાયછે. એ પ્રતાપવાળા હે પ્રભુ? હું તમને ઘણા ભાવ પૂર્વક નમું છું અને નમન કરવાને વાંકું વળવા લળી પડતું આ શરીર પણ તમને નમેછે એમ કરોડોવાર હું તમને નમું છું તે નમસ્કાર હે પ્રભુ તમને હજો ૫.

અન્વય—પ્રભુ? અસત્યોમાંથી પરમ સત્યે તું લઈજા, પ્રભુ ઉંડા અંધારેથી પરમ તેજે તું લઈજા, નાથ? મહા મૃત્યુમાંથી અમૃત સમીપે લઈજા. હું તું હીણો છું તો તુજ દરસનાં દાન દઈજા.

અર્થ—હેપ્રભુ? આ જુઠા સંસારમાંથી જે ખરૂં હોય સત્ય હોય તે તરફ મને લઈજા અને માયાના મહા અંધકારમાં પડેલો છું તેને શ્રેષ્ઠ પ્રકાશ તરફ દોરવ અને હેપ્રભુ અમારે માથે મરણ રૂપી મહા દુઃખ ચોટેલું છે તેનાથી બચાવી તું રૂપી અમૃત પાસે લઈજા મતલબકે મારો જન્મ મરણનો ફેરોટાળ અને હું તારા વગરનો અભાગિ છું તો તારા દર્શનરૂપી દાન-આપીજા. ૬

અન્વય—પિતા પેલો આઘેજગત વીંટતો સાગર રહે (છે) અને સકળ નદીનાં પાણી તેગમ વેગે વહે (છે,) એવી મુજ જીવનની સર્વે ઝરણી દયાના (અને) પુણ્યોના મહાસાગર (એવા) તુજ પ્રભુ ભણી નિત્ય વહો.

અર્થ—હે બાપ? પેલો દૂર જગતને વીંટલાયલો સાગર રહ્યોછે તે તરફ જેવીરીતે બધી નદીઓનાં પાણી વહી જાય છે. તેવીરીતે મારી જીંદગીનું વહેણ હે દયાના અને પૂણ્યોના ભંડાર રૂપ મહાસાગર તમારા તરફ હમેશાં વહો. મતલબકે મારૂં આખું જીવતર તમારી ભક્તિમાં ચકચૂર બનેલું રહો ૭.

અન્વય—જે કાયાથી થતું, ઘડીક ઘડી વાણીથી ઉચરૂં, ઈંદ્રિઓની કૃતિ, મુજમન વિષે ભાવજ સ્મરૂં, સ્વભાવે, બુદ્ધિથી શુભ અશુભ જેકાંઈ કરૂં (તેબધું) ક્ષમા દષ્ટે જોજો (હે) નાથજી તુજ ચરણમાં (મારૂં મસ્તક) ધરૂં (છું.)

અર્થ—આ શરીરથી જે કંઇ થાય, ઘડીએ ઘડીએ વાણીવડે જે કંઈ બોલાય, ઈંદ્રિયો વડે જે કામથાય, મારા મનમાં જે ભાવ યાદ લાવું, ટેવથી અને અકલવડે જે કાંઇ સારૂં કે નરતું કરૂં તે બધું માફ કરજો અને હે સ્વામિ ! તમારા પગ પાસે માથું મૂકું છું નમુંછું ૮.

પાઠ ૪ થો.

દ્રવ્ય (ના.) મહેનત વડે મેળવાતી જનોપયોગી વસ્તુઓ.
ઉત્પાદન (ના.) પેદા કરવાં, અથવા ઉપયોગમાં આવે એવું બનાવવું.
કરજે (ના.) વ્યાજે.
દેણદાર (વિ.) દેવાદાર.
લેણદાર (વિ.) માગનાર.
પ્રત્યક્ષ (અ.) ખુલ્લીરીતે
પરોક્ષ (અ.) ગુપ્તરીતે.
ઉપભોગ (ના.) વાપરવાને
અનાયાસે (ના.) સુલભતાથી, સહજ.
સભ્ય (વિ.) વિવેકી, વિનયી.
લક્ષણ (ના.) વર્તણુક.
સૃષ્ટ (વિ.) ઉત્પન્ન કરેલા.
સાધન (ના.) સાહિત્ય.

પાઠ ૫ મો.

ભિન્ન ભિન્ન (વિ.) જુદી જુદી.
શીકલ (ના.) ચહેરો, આકાર.
ઈત્યાદિ (વિ.) વગેરે.
સ્વીડ (ના.) સ્વીડનના વતની.
સમૂહ (ના.) જથો.
વર્ણ (ના.) જાત.
ગોત્રી (વિ.) વંશજ.
સમાવેશ (ના.) સમાસ.
નીવડે (ક્રૃ.) ઉત્પન્ન થાય
બહુધા (વિ) ઘણે ભાગે.
અરણ્ય (ના.) જંગલ.

પાઠ ૬ ઠ્ઠો.

રમણિક (વિ.) સુંદર, મનહર.
અપસરા (ના.) પરિ.
વગ (ના.) સોઈ, સગવડ
યથાસ્થિત (વિ.) પૂરેપૂરૂં.
શ્રમ (ના.) મહેનત, રંજ
નિરંકુશ (વિ.) ધાસ્તી વગર, સ્વતંત્રપણે.
કવચિતજ (અ.) ભાગ્યેજ.
બાલ્યાવસ્થા (ના.) બાળપણ.
વક્રીભવન (ના.) કિરણનું પાછું ફેંકાવું.
દબદબા ભરેલો=ધમ ઘોર
ધુમર (ના.) ધુમસ.
ફુંજાર (વિ.) તાજું.
વૃષ્ટિ (ના.) વરસાદ.
પ્રફુલ્લિત (ના.) ખીલી.
લગભગ (અ.) નજીકની.
કાળની (ના.) વખતની.
સર્વાંગે (ના.) આખા શરીરે.
નિમાળા (ના.) વાળ.
જુસ્સો (ના.) શૌર્ય.
શીકલ (ના.) ચહેરો.

પાઠ ૭ મો.

ગરવી (વિ.) મગરૂર, વિશાળ.
અરૂણું (વિ.) ઉગતા સૂર્યના રંગ જેવું રાતું.
ધ્વજ (ના.) ધજા.
ઝળળળ (અ.) તેજસ્વી, ચકચકિત.
અંકિત (વિ.) આંકેલો.

દ્વારકેશ (ના.) દ્વારિકાના ધણી, પ્રભુ.	જુદ્ધરમણ (ના.) લઢાઈમાં ઘુમવું તે.	ઘુમે (ક્રિ.) મચે.
સહાયમાં (ના.) મદદમાં.	સોયે (ક્રિ.) શોભે.	વદ્યા (કૃ.) કહેવાયા.
સાક્ષાત (અ.) પ્રત્યક્ષ.	સત્વરે (અ.) જલદી, એકદમ.	રત્નાગર (ના.) મહાસાગર.
સુભટ (ના.) શૂરવિર.		

કવિતાની સમજુતી.

અન્વય—ગરવી ગુજરાત જયજય, (તારૂં) અરૂણું પરભાત દીપે, પ્રેમ શૌર્ય અંકિત કસુંબી ધ્વજ ઝળળળ પ્રકાશશે. તું નિજ સઉ સંતતિને પ્રેમ ભક્તિની રીત ભણવ ભણવ. તુજ જાત ઉંચી (ને) સુંદર (છે) જય૦

અર્થ—હે? વિશાળ અગર મગરૂર ગુજરાત તારો જય છે અને તારા ભાગ્ય રૂપિ સૂર્યના ઉદય થવાથી રાતારંગના કિરણો જેવું સવાર હોય તેમ દીપે છે. હેત અને શૂરાતનથી અંકાયેલી કુસુંબી રંગની ચળકારા કરતી કીર્તિરૂપી ધજા પ્રકાશશે માટે તું તારાં સર્વ બાળકોને પ્રેમ ભક્તિની રી. શીખવ કારણકે તારી જાત ઉંચી અને સુંદર છે. જય૦ ૧

અન્વય—ઉત્તરમાં અંબા માત, પુરવમાં કાળી માત, દક્ષિણ દિશમાં રક્ષા કરંત કુંતેશ્વર મહાદેવ છે. ને સોમનાથને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ સહાયમાં સાક્ષાત છે. જય૦

અર્થ—હે ગુજરાત તારી રક્ષા કરનાર ઉત્તરે અંબા માતા, પૂર્વે કાળિકામાતા, દક્ષિણે કુંતેશ્વર મહાદેવ અને પશ્ચિમે સોમનાથ મહાદેવ અને દ્વારકાના રણછોડ રાય એ દેવો તારી મદદમાં પ્રત્યક્ષ હાજરા હજુરછે જય૦ ૨

અન્વય—સુભટના જુદ્ધરમણને તાપી (ને) નર્મદા નદી જોય, મહીને બીજી પણ જોય, વળી રત્નાગર સાગર જોય. પર્વત ઉપરથી વીર પૂર્વજો જયકર આશિષદે. સઉ જાત સંપે સોયે. જય૦

અર્થ—શૂરવીરોના રણમાં ઝુઝવાને નર્મદા, તાપી, મહી વિગરે બીજી નદીઓ અને મહાસાગર જુએછે તેમજ વીર પૂર્વજો ઉંચેથી જય થવાની આશિષ આપેછે તે તારી બધી જાત સંપથી શોભેછે. જય૦ ૩

અન્વય—માત ! તે અણહિલવાડના રંગ, તે સિદ્ધરાજ જયસિંગ તે રંગથકી પણ અધિક સરસરંગ સત્વરે થશે. શુભ શકુન દીસે (છેક) રાત વીતીગઇછે (અને) મધ્યાન્હ શોભશે, જન નર્મદા સાથ ઘુમે, જય૦

અર્થ—હે ! માત ? જેઅણહિલવાડના અને સિદ્ધરાજ જયસિંગના વખતમાં જેરંગ ઠાઠ હતો તેનાથી પણ વધારે શોભા ઘણી જલદી થશે એવા સારા શુકન દેખાયછે કે હવે તારી રાત ખલાસ થઈ અને બપોર શોભશે, માણસો નર્મદા શંકરની સાથે મંડ્યા રહેતો હે મગરૂર ગુજરાત તારો જય જયકારછે. ૪

અન્વય—ગુજરાત કોની છે ? કોની (છે.) શું બ્રાહ્મણને વાણીયા કેરી, શ્રાવક ભાટીઆ કેરી, ક્ષત્રી રજપુત કણબી કેરી, ભીલ અને કોળી કેરી (હે) શું બીજા શૂદ્ર તણી કહેવી ? નાના નારે તેની નથી. ત્યારે ગુજરાત કોની છે ?૦

અર્થ—ગુજરાત કોનીછે ? શું બ્રાહ્મણનીછે ? વાણીઆ, શ્રાવક, ભાટીઆ, ક્ષત્રી, રજપુત, કણબી, ભીલકે કોળીનીછે કેશુંબીજા શુદ્રનીછે ! નાના તે કોઈની નથી ત્યારે ગુજરાત કોની છે ? ૫

અન્વય—જેના પૂર્વજ જે વળી આજે જન્મ થકી ગુજરાતી વધા તોપણ કોઈ રીતની આર્ય ધર્મ ને વળી તે રાખી રહ્યા, ગુજરાત તેનીછે તેની (છે.) પછી (તે) ગમે તે જાત હોય (તોપણ)ગુજરાત તેની છે તેની (છે.)૦

અર્થ—જેના પૂર્વજો અને વળી આજે જેઓ જન્મ થકી ગુજરાતી છઇએ એમ બોલ્યા અને કોઈ પણરીતે આર્ય ધર્મ રાખી રહ્યાછે તેની ગુજરાત છે પછી તે ગમે તે જાત હોયની તોપણ તેની ગુજરાત છે. ૬

અન્વય—વળી બીજા પરદેશી જેને ભૂમિએ પાળી મોટા કર્યા (તે), પરધર્મી પણ માતતણું હિત ઈછનારા તે ભાઈઠર્યા, ગુજરાત તેનીછે તેની પછી ગમે તે જાત હોય (તોપણ) ગુજરાત તેનીછે તેની૦

અર્થ—વળી બીજા પરદેશી કે જેને માતૃ ભૂમિએ ઉછેરી મોટા કર્યાછે તે અને બીજા પરધર્મીઓ કે જે માતૃ ભૂમિનું ભલું ચાહનારા છે તે આપણા ભાઈ ઠર્યામાટે તેની ગુજરાતછે પછી તેઓ ગમે તે જાતના હોય તોપણ તેની ગુજરાત છે. ૭

પાઠ ૮ મો.

કૃષ્ણુ (ના.) પ્રભુ.
ખ્યાતિ (ના.) પ્રશંસા.
મશહુર (ના.) પ્રખ્યાત.
લીન થયું=એકતાર થયું.
દુનીઆદારી (ના.) લોક વ્યવહાર.
અભાવ (ના.) અણગમો.
વિરક્ત (વિ.) ત્યાગી.
વધામણું (ના.) મંગળ કાર્ય નિમિતે માતાનું પુજન કરવું તે.
મુક્ત થઈ (ક્રિ.) છુટી.
જંજાળ (ના.) પીડા.
નિર્ગમન કરીશ (ક્રિ.) ગુજારીશ, કાઢીશ.
સ્વામી (ના.) પતિ.
મના (અ.) રજા નહિ.
સંત (ના.) સાધુ.
મહિએર (ના.) પીઅર.
એબ (ના.) લાંછન.
ગણકાર્યું (ક્રિ.) પતકર્યું.
ભવસાગર (ના.) સંસાર રૂપી સમુદ્ર.
સંતાપ (ના.) દુઃખ.
વિષ (ના.) ઝેર.
સાંઢ (ના.) ઝડપથી ચાલનારૂં ઉંટ.
સુષુમણા(ના.)મધ્યનાડી.
દુજો (વિ.) બીજો.
લાડણી (વિ.) લાડકવાઈ.
માર્મિક (વિ.) ભેદ ભરી રીતે.
વ્રજ (ના.) વૃંદાવન.
તાત્પર્ય(ના.) સાર, ભેદ.
દરમિયાન (અ) વખતમાં.

પાઠ ૯ મો.

અધિકાર (ના.) હોદો.
અમલ (ના.) સત્તા.
દોર (ના) દમામ.
દાનત (ના.)ઇચ્છા, વૃત્તિ.
શ્રદ્ધા (ના.) આસ્થા, વિશ્વાસ.
ઉદ્ધતાઈ (ના.) બેવકુફી, બેઅદબી.
સ્થાને (ના.) ઠેકાણે.
નિષ્પક્ષપાતપણે (ના.) વગર તરફદારીએ.
પ્રત્યે (અ.) તરફ.
ઝઝુમે (ક્રિ) લટકે.
યંત્ર (ના.) સંચો.
સંબંધ (ના.) બાબત.
પ્રસંગે (ના.) ટાંકણે.
સહેમાં (ના.) તેજમાં.
ટપ્પો (ના.) તાણો.
દ્રષ્ટાંત(ના.)ધડો, દાખલો.

પાઠ ૧૦ મો.

વિનિમય (ના.) અદલો બદલો.
અવધડ (ના.) હરકત, મુશ્કેલી.
અંકાય(ના.)નક્કી કરાય.
સોદો (ના.) સામાન.
બોજે (કૃ.)પરવડે,પાલવે.
વાપર (ના.) ઉપયોગ.
લેવડ દેવડ(ના.) આપલે.
મૂલ્યવાન (વિ.) કિમતી.
કણીઓ (ના.) દાણા વેચનાર.
સહેજ(અ.)જરાવારમાં.
ખાસ (અ.) જરૂરથી.

પાઠ ૧૧ મો.

આંમંત્રણ (ના.) તેડું.
ગિરિ (ના.) પર્વત.
તળાટી (ના.) તળેટી.
વરણમાં (ના.) જાતમાં.
દ્દઢ (વિ.) સાચી.
વધારે (ક્રિ.) કહ્યાં.
મહાંત (વિ.) મોટા.
કીરતન (ના.) ભજન ગાવાંતે.
વામીએ (ક્રિ.) તજીએ, છોડી દઇએ.
કરૂણા (ના.) દયા.
પક્ષાપક્ષી (ના.) ભેદભાવ.

સમદૃષ્ટિ (વિ.) સરખી નજરવાળો.
વાક્યદાન (ના.) વચન.
નિશા (ના.) રાત્રી.
ભોર (ના.) પ્રભાત, મળસકું.
વાતા (કૃ.) વગાડતા.
ઢંગ (ના.) રીત, ચાલ.
મૌનગૃહિ (ક્રિ.) બોલ્યા-વગર, મુગાથઇને.

અધવધરા (વિ.) વચ્ચે અટકેલા, નહિસમ-જેલા.
ભ્રષ્ટ (વિ.) અભડાએલા.
રાતું (વિ.) રંગેલું.
નેહ (ના.) પ્રેમ.
અંતર (ના.) જુદાઈ.
ફેરા (ના.) જન્મમરણ.
ખરખરો (ના.) પસ્તાવો.
ફોક (અ.) ફોકટ.
ચિંતવ્યો (ક્રિ.) ઇચ્છેલો.

અર્થ (ના.) કામ.
સરે (ક્રિ.) થાય.
ઉદ્વેગ (ના.) સંતાપ.
શકટ (ના.) ગાડું.
શ્વાન (ના.) કુતરૂં.
મંડાણ (ના.) રચના.
યથા(અ.)જેમ,જેવીરીતે.
જુગલ (વિ.) બે.
કર (ના.) હાથ.
જાચ્યું (ક્રિ.) માગ્યું, યાચનાકરૂં.

કવિતાની સમજુતી.

પદ ૧ લું.

અન્વય—ગિરિ તળાટી ને દામોદર કુંડ ત્યાં મહેતાજી નાહવા જાય, ઢેડ વરણમાં હરિભક્તિ દૃઢ (હોયછે) તે પ્રેમ ધરીને પાય લાગ્યા.

અર્થ—ગિરનાર પર્વતની તળેટીમા દામોદર નામે કુંડ છે ત્યાં નરસિંહ મહેતા ન્હાવા જતા હતાં, તેમને દૃઢ ભક્તિવાળા ઢેડ જાતના લોકો ઘણી ઉલટથી પગે લાગ્યા. ૧

અન્વય—કર જોડીને પ્રાર્થના કીધી (અને) વિનતિ તણાં બહુ વધારે વચન (કહ્યાં,) મહાંત પુરૂષ અમારી એટલી અરજ (છેકે) અમારે આંગણે કીરતન કરો.

અર્થ—તેમને હાથ જોડીને પ્રાર્થના કરી બહુ નમ્રતા પૂર્વક ઘણું કરગ-રીને કહ્યું કે હે મોટા પુરૂષ અમારી એવી વિનંતિ છેકે તમો અમારા વાસમાં કીરતન કરો ૨

અન્વય—(કે જેથી) અમો પ્રેમ પદારથ પામીએ (અને) જન્મ મરણ જંજાળ વામીએ. મહેતાજી પરમદયાળ વૈષ્ણવ (હોવાથી) કર જોડતામાં કરૂણા ઉપજી.

અર્થ—તમારા કીરતનથી અમો પ્રેમ કરવાલાયક વસ્તુ મેળવીને જન્મ મરણ રૂપી પીડામાંથી છુટીએ. નરસિંહ મહેતા ઘણાજ દયાળુ અને વિષ્ણુના સાચા ભક્ત હોવાથી હાથ જોડતાની સાથેજ તેમના ઉપર દયા આવી ૩

અન્વય—(જ્યાં) પક્ષા પક્ષી (હોય) ત્યાં પરમેશ્વર નહિ સમદ્રષ્ટિ (પુરૂષને) સર્વે સમાન (હોય છે તેથી) વૈષ્ણવે એવું વાક્યદાન આપ્યું (કે) તુળશી વૃક્ષ (પાસે) ગોમૂત્ર (છાંટી) લીંપજો.

અર્થ—જ્યાં પક્ષપાત હોય ત્યાં ઈશ્વર હોતા નથી પરંતુ સમાન નજર વાળાને તો બધાજ સરખા હોવાથી વિષ્ણુ ભક્ત મહેતાએ એવું કહ્યું કે તુળશીના ઝાડ પાસે ગાયનું મુતર છાંટી લીંપીને જગા પવિત્ર કરજો હું રાત્રે આવીશ. ૪

અન્વય—મહેતાજી નિશાએ આવ્યા, પ્રસાદ લાવ્યા ને ઉત્સવ કર્યો. ભોર થયા લગી ભજન કીધું (ને) સઉ વૈષ્ણવ સંતોષ પામ્યા.

અર્થ—રાત્રે મહેતાજી આવ્યા, પ્રસાદ લાવ્યાને આખી રાત્ર આનંદ કર્યો, છેક વહાણું વાતા સુધી ભજન કર્યું ને બધા વૈષ્ણાવોને સંતોષ થયો. ૫

અન્વય—શંખ, તાળ, મૃદંગ વાતા ને હરિ જશ ગાતા ઘેર પધાર્યા (તેજોઈ) નાગર હસી હસી તાળીઓ લેછે (ને કહે કે) બ્રાહ્મણના આશારે ઢંગ.

અર્થ—શંખ કાંસી અને ઢોલક વગાડતા અને પ્રભુ ગુણ ગાતા ગાતા મહેતાજી ઘેર આવ્યા તેમને જોઈ નાગરો હાસ્ય કરી એક બીજાને તાળી આપી કહેછે કે બ્રાહ્મણના આ ઢંગશા. ૬

અન્વય—અધવધરાને શો ઉત્તર દેઉ (એમ સમજી) મહેતાજી મૌન ગૃહીને ચાલ્યા, લોક જાગ્યા નરનારી પૂછે (કે) મહેતાજી તમે એવા શું ?

અર્થ—અણ સમજુને શો જવાબ આપું એમ જાણી મહેતાજી બોલ્યા વગર ચાલ્યા તેટલામાં લોક જાગ્યા અને સ્ત્રી પુરૂષોએ પૂછવા માંડયુંકે મહેતાજી તમે એવા કેવા. ૭

અન્વય—નાત ન જાણો ને જાત ન જાણો (ને) કાંઈ વિવેક વિચાર ન જાણો. (ત્યારે) કર જાડીને નરસૈયો કહે (કે) મને વૈષ્ણવ તણો આધાર છે.

અર્થ—તમે નાત જાત જુવો નહિ, કંઈ વિચાર કરોનહિ, કાંઈ વિચાર કરો નહિ અને નીચ જાતીને ઘેર ભજન કરવા જાવ એ ઠીક નહિ ત્યારે મહેતાજી એ હાથ જોડીને કહ્યુંકે મને વૈષ્ણવોનોજ આશરો છે. ૮

પદ ૨. જું.

અન્વય—એવારે અમો એવારે એવા વળી તમે કહોછો તેવા. જો ભક્તિ કરતાં ભ્રષ્ટ કહેશો તો દામોદરની સેવા કરશું.

અર્થ—હું એવો છું વળી તમે જેવો કહો તેવો છું છતાં જો ભક્તિ કરતાં મને પતિત કહેશો તો અમે પ્રભુની સેવા કરીશું ૧.

અન્વય—જેનું મન જે સાથે બંધાણું. પહેલું ધર રાતું હતું. હવે હરિ રસ માતું થયું છે (તે) ઘેર ઘેર ગાતું હીડે છે.

અર્થ—એતો જેનું જેમાં મન લાગ્યું. પ્રથમ મન ભક્તિએ રંગેલું હતું પણ હવે તો હરિરસથી પરિપૂર્ણ થયુંછે તેથી તે ઘેરે ઘેર તેને ગાતું હીડે છે. ૨

અન્વય—સઘળા સાથમાં હું એક ભૂંડો (ને) ભૂંડાથી પણ ભૂંડો (છું) તમારે મન માને તે કહેજો (પણ) મને (તો) ઉંડો નેહ લાગ્યો છે.

અર્થ—બધામાં હું એકલો ખરાબછું અને નઠારામાં નઠારો છું તમને ગમે તે મને કહો પણ મને તો બહુ ઉંડો પ્રેમ લાગ્યો છે. ૩

અન્વય—કરમ ધરમની જેટલી વાતછે તે મુજને ભાવે તવ, (પણ) જેથકી સઘળા પદારથ પામે (એવા) મારા પ્રભુની તોલે (કોઈ) નાવે.

અર્થ—નશીબની અને ખોટા ધરમની જેટલી વાતોછે તે મને ગમતી નથી પણ જેના વડે બધી વસ્તુ મળેએવા મારાઈશ્વરની તોલે કોઇ આવે નહિ૪

અન્વય—હુ નરસૈયો હળવા કરમનો (છું પણ) મુજને તો વૈષ્ણવ વહાલા (છે) જે હરિજનથી અંતર ગણશે તેના ફેરા ફોકટ ઠાલા છે.

અર્થ—હુ નરસૈયો હીણભાગી છું પણ મનેતો વૈષ્ણવો વહાલા છે જે હરિજનથી જુદાઈ જાણે તેના જન્મ મરણના ફેરા અર્થ વગરના નકામા છે. ૫

પદ ૩. જું.

અન્વય—જગત ગુરૂદેવ જગદીશને જે ગમે તે તણો ખરખરો કરવો ફોક. આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવસરે. એક ઉદ્વેગ ધરવો ઉગરે.

અર્થ—દુનિયાના ગુરૂ અને ધણી પ્રભુને જે ગમે તેનો શોક કરવો ફોગટ છે કારણકે આપણું ધારેલું કાંઇ થાય નહિ ને ફકત સંતાપ કરવો રહે માટે–જે ગમે૦ ૧

અન્વય—શકટનો ભાર જેમ શ્વાન તાણે (તેમ) હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા (છે) એણી પેરે સર્વ સૃષ્ટિ મંડાણ (તે) કોઇક જોગી જોગેશ્વરા જાણે.

અર્થ—ગાડાનીચે જનારૂં કુતરૂં જાણેકે બધો ભાર હુંજ ખેંચું છું તેવી રીતની અણસમજ માણસોમાં છે કે હું આમ કરૂં હું તેમ કરૂં બધું હુંજ કરૂંછું. આ સૃષ્ટિની રચનાજ એવીરીતે કરેલી છેએવાત કોઇકિ જોગીકે મહા પુરૂષ જાણે છે ૨

અન્વય—નરથી નીપજે તો કોઈ દુઃખી નરહે, શત્રુ મારીને સૌ મિત્ર રાખે, રાયને રંક કોઈ દ્રષ્ટે આવે નહિ (ને) ભવનપર ભવનપર છત્ર દાખે.

અર્થ—માણસથી જો બનતુ હોય તો પછી કોઈ દુઃખી શું કરવા રહે. સૌ શત્રુઓનો નાશ કરીને બધા મિત્રોનેજ રાખે. રાજાકે ગરીબ કોઈ નજરે પડેનહિ અને બધાના ઘરો ઉપર (ઘરઘરપર) છત્ર ચઢાવે ૩

અન્વય—મૂર્ખ માનવી મન વ્યર્થ શોચે, યથા રૂતુ લતા (ને) પત્ર ફળ ફુલ આપે (તથા) જેહના ભાગ્યમાં જેહને જે લખ્યુ તેહને તે સમે તેજ પહોચે.

અર્થ—મુરખ માણસ મનમાં ફોકટ ચિંતા કરેછે પણ સમજતો નથીકે જેમ રૂતુઓ વનસ્પતિને જેવીરીતે વખતેજ પાંદડાં ફળ ફુળ વગેરે આપેછે તેમ જેમના નશીબમાં જેને જે લખેલુ હોય તેને તે વખતે તેજ મળે. ૪

અન્વય—ગ્રંથ ગરબડ કરી વાત ખરી નકરી જેહને જે ગમે તેને પૂજે, મન વચન કર્મથી આપ માની લહે એજ સત્યછે એમ મન સુજે.

અર્થ—પુસ્તક કર્તાઓએ ગોટાળો કરી ખરી વાત નકરી તેથી જેને ગમે તેને તે પૂજે છે. મનવડે વચનવડે અને કર્મવડે જેને આપણે માનીયે એજ સાચું છે એમ મનને લાગેછે ૫

અન્વય—સંસારી સુખ મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું (છે) જુગલ કરજોડી કરી નરસૈયો એમ કહે(છે કે) જન્મ પ્રતિજન્મ હરિનેજ જાચું.

અર્થ—સંસારનાં સુખો ખાલી ફાંફાંછે એમજાણજો કૃષ્ણવિના બીજું બધું નકામુંછે. બેહાથ જોડીને નરસીંહ મહેતો કહેછે કે હુંતો પ્રભુની પાસેજ માગું છું કે જન્મો જન્મ ભક્તિ આપ૦ ૬

પાઠ ૧૨ મો.

અગત્ય (અ) જરૂરીયાત
તારાગણો (ના.) તારાઓનો સમુહ.
સત્તા (ના.) હકુમત.
પ્રેમવૃત્તિ (ના.) હેતભાવ.
વિમુખ (વિ.) ઉલટા.
નિયંતા (વિ.) ઉત્પન્ન કરનાર.
બલકે (અ.) વિશેષ.
દારૂણ (વિ.) જોરમાં સળગતો
અલૌકિક (વિ.) અસાધારણ, અદ્ભૂત.
નાસ્તિક (વિ.) ઇશ્વરને ન માનનાર.
વાસનાઓ (ના.) ઇચ્છાઓ. [હોવાપણું.
અસ્તિત્વ (ના.) હૈયાતી,
સ્વીકારી(ક્રિ) કબુલરાખી.
અવગણના(ના.)અનાદર.
દિલાસો(ના.)મનને શાંતિ.
શ્રદ્ધા (ના.) વિશ્વાસ.
ઉન્નતિ (ના.) ચઢતી.
ઉત્સાહી (વિ.) હોંશીલો.
સ્વાભાવિક (ના.)ખૂલ્લું.
અનંતકાળ (ના.) લાંબા વખત.
ઉદ્ધાર (ના.) મોક્ષ.

પાઠ ૧૩ મો.

સદર (વિ.) મુખ્ય [દિર.
અદાલત (ના.) ન્યાય મં-
વૈદિક(વિ.)વેદને માનનારા
કમન (ના.) નામરજી
અગ્રેસર (વિ.) મુખ્ય.
શૈલી (ના.) ઢબ, પદ્ધતિ.
નિર્વાહ (ના.) ગુજરાન, પોષણ.
આરંભ્યો (ક્રિ.) શરૂકર્યો.
પ્રતિજ્ઞા (ના.) પણ.
સંસાર(ના.)ગૃહસ્થાશ્રમ.
ગ્રંથકાર (ના.) પુસ્તક રચનાર.
સભા પ્રચારક (ના.) સભા સ્થાપનાર.
લક્ષ્મીદેવી(ના.)પૈસો,ધન.
હિમાયતી (વિ.) પક્ષકાર.
મર્મપ્રહાર (ના.) ભેદમાં લખવુંતે.
ઉદારતા (ના.) મોટું મન.
આજીવિકા(ના.)ગુજરાન.
પરવા (ના.) દરકાર
તારવણી (ના.) સાર.
દીનતા (ના.) ગરીબાઇ.
અમર (ના.) જીવતા.

પાઠ ૧૪ મો.

ધનાઢ્ય (વિ.) પૈસાદાર.
સુશીલ (વિ.) સારા આચારવાળા.
સંસ્કાર (ના.) છાપ.
ધુંટડાગળવા—થયું નથયુંકરી મનવાળવું.
સજોડે (અ.) સ્ત્રીપુરૂષ સાથે. [તથી.
પ્રસંગદ્વારા (ના.) સોબ-
પાત્ર (વિ.) લાયક.
વિદ્યારસ (ના.) વિદ્યારૂપીરસ. [મેળવનાર.
આશ્રિત (વિ.) આશ્રય
વિદ્યારસિક (વિ.) વિદ્યાનોપ્રેમી.
ખુશામત (ના.) હાજીહા.
અધમ (વિ.) ખરાબ.
નિર્મળ (વિ.) ચોખ્ખી.
ગર્ભશ્રીમંત (ના.) જન્મથી પૈસાદાર.
સમોવડીઆ (વિ.) બરોબરીયા. [ઉમર.
લઘુવય (ના.) નાની
સહાધ્યાયી (વિ.) સાથે ભણનાર. [બીજાને.
પરસ્પર (અ.) એક
ગાઢ (ક્રિ. વિ.) મજબૂત.
સરી પડી (ક્રિ.) નાશ પામી. [સજ્જડ.
વજ્રક્ષેપની (ક્રિ. વિ.)

સમાજ (ના.) મંડળી.
અગ્રેસર (ના.) આગેવાન.
ગુપ્ત (વિ.) છાનો.
લોકૈષણા (ના.) કીર્તિ.
પ્રતિષ્ઠિત (વિ.) આબરૂદાર.
લફરૂં (ના.) બલા, પીડા.
ફટકાર (ના.) ધિક્કાર.

પાઠ ૧૫ મો.

પંખીડા (ના.) જીવ.
પિયુ (ના.) સ્વામી.
હરિપદ (ના.) પ્રભુચરણ.
અલખ (વિ.) ધ્યાનમાં ન આવે એવા.
લખ (વિ.) ધ્યાનમાં આવે એવા.
દાનવ (ના.) અસુર, [રાક્ષસો.

હરજી (ના.) પ્રભુ.
ધરથકી (અ.) પ્રથમથી.
શૌચ (ના.) પવિત્રતા.
મદ (ના.) અહંકાર.
અનૃત (ના.) જૂઠ.
કરતાર (ના.) પરમેશ્વર.
શર્વરી (ના.) રાત્રી.
દંભ (ના.) ઢોંગ.
ચારૂ (વિ.) સુંદર, પવિત્ર.

(કવિતાની સમજુતી.)

૧

અન્વય—(હે!) પંખીડા પિયુ પિયુ પિયુ પોકારો, ભાઈ આ તો (સંસાર સાગરની) પાર ઉતરવાનો આરો (છે) હૃદે કમળમાં હરિપદ ધારો પંખીડા૦

અર્થ—હે! મનુષ્યરૂપી પંખી સ્વામી પ્રભુ પ્રભુ એમ બોલો-હે ભાઈ આ સંસાર સાગરને તરીને પાર ઉતરવાનો એજ રસ્તો છે માટે હૃદય કમળમાં પ્રભુ ચરણનું ધ્યાન ધરીને સ્વામી સ્વામી એમ બોલો૦ ૧

અન્વય—અલખ (અને) લખ (ના) ભજન (ની જેને) લેહ લાગી (છે અને જે) નર નારી (એએ) જાગીને જોયું (છે–એવી) મીરાં, કરમા, શબરી ને પુરી એ પળમાં પાર ઉતર્યાં (છે).

અર્થ—ધ્યાનમાં આવે એવા અને ધ્યાનમાં ન આવે એવા પ્રભુના ભજનની જેને લગની લાગી છે અને મોહરૂપી રાત્રીમાંથી જાગીને જે સ્ત્રી પુરૂષોએ જોયું છે એવી સ્ત્રીઓમાં મીરાંબાઈ કરમાબાઈ શબરી અને પુરીબાઈ એ સહેજવારમાં તરીપાર ઉતરી ગયાં છે માટે પંખીડા૦ ૨

અન્વય—ગોપીચંદ (અને) ભરતને (લગની) લાગી (તે) પારંપાર વહી ગયા. પીપો સુરદાસ ને દાસ કબીરા એને સકળ સંસાર જાણે (છે.)

અર્થ—ગોપીચંદ અને ભરતને પ્રભુ ભજનની લેહલાગી હતી તે પારોપાર ઉતરી ગયા તેમજ પીપો ભગત, સુરદાસ અને હરિના દાસ કબીર પણ પાર ઉતરી ગયા છે એ વાતને બધી દુનિયા જાણે છે માટે પંખીડા૦ ૩

અન્વય—કુબો કુંભાર, સદનો કસાઈ, ધનોજી જાટ નાભો ઢાઢી ને બીજ્લ ભક્તની સંપત્તિ (આપીએવી) હરિએ ભલી ભલી ભજાડી (છે.)

અર્થ—કુબો કુંભાર સદનો કસાઈ, ધનાજી જાટ, નાભો ઢાઢી અને બીજા ભીલ ભકતોને સંતલોકોની ભક્તિ રૂપી સંપત્તિ આપીને પ્રભુએ સારાસારા ભાગ પરછા દેખાડી આપ્યાછે માટે પંખીડા૦ ૪

અન્વય—જનક રાજાને શુકદેવજોગી તેનો જન્મારો ધન્ય ધન્ય તમે ચતુર (પુરૂષો) ચિત્ત વિચારોકે એનાં ચિતડાં કેવાં હશે.

અર્થ—જનક રાજા અને શુકદેવજી મુનીના જન્મારાને ધન્ય ધન્ય છે. હે શાણા માણસો તમે વિચાર કરોકે એ પુરૂષોનાં હૃદય કેવાં હશે ? માટે પંખીડા૦ ૫

અન્વય—જો બલખ (નો) શાહ (ને) બોખારા (નો) બાદશાહ જેણે સોળસે સાહેલી છોડી વળી અઢાર લક્ષ ઘોડા, દોલત (ને) દુનિયા મેલી ચાલ્યા૦

અર્થ— જુઓ બલ્ખ અને બોખારાના રાજાઓને પ્રભુની લેહ લાગવાથી સોળસે સ્ત્રીઓ તજી અઢાર લાખ ઘોડા તજ્યા દોલત તજી અને સંસાર તજી ફકીરી લઈ ચાલી નીકળ્યા માટે પંખીડા૦ ૬

અન્વય—ભાઈ નાત જાતનો નિયમ નથી દાનવ કોણ (ને) દેવા કોણ દાસ ધીરા (કહે છે કે) હરિધ્યાન ધરેતો હરિજન હરજી જેવા (છે.)

અર્થ—હે ભાઇઓ પ્રભુ ભક્તિ કરવામાં કંઈ નાત જાતનો નિયમનથી ભક્તિમાં તો દેવો અને દૈત્યો સરખાજ છે ધીરો ભગત કહેછે કે હરિનું ભજન કરેતો હરીજન પ્રભુ જેવા છે. માટે પંખીડા૦ ૭

(૨)

અન્વય—તમામ કપટ તજી ધર થકી ધર્મ વિચારો, જે પાપમાં પડતા ધારે તેનું નામ ધર્મ છે.

અર્થ—કપટભાવ છોડી દઈ પ્રથમથીજ ધર્મનો વિચાર કરો જે પાપમાં પડતા અટકાવે તેનું નામ ધર્મ છે. ૧

અન્વય—સત્ય, દયા, તપ (ને) શૌચ એચાર ધર્મના પગછે, એ જેના હૃદયમાં રહ્યા (છે) તેનો આચાર ઉત્તમ (છે.)

અર્થ—સાચું બોલવું, બીજા ઉપર દયા રાખવી, ધર્મપાળતાં પડતું દુઃખ વેઠવા રૂપી તપ અને પવિત્રાઈ એ ચાર ધર્મના પાયા છેતે જેના મનમાં વસ્યા છે તેની રીતભાતને વ્યવહાર સારા પ્રકારનો છે. ૨

અન્વય—વહેમ, મદ, કુસંગ ને અનૃત જો અંગમાં પેસે તો ધર્મનો ભંગ કરે (કારણ કે એ) ચાર ચરણ અધર્મના છે.

અર્થ—વહેમ, અહંકાર, નઠારી સોબત અને જુઠાપણું જો શરીરમાં પેઠું તો જરૂરથી ધર્મનો નાશ થાયછે કારણ કે આ ચારે અધર્મના પાયા છે.૩

અન્વય— જો શરીરમાં સત્યવસે (તો) સાચો વિચાર સુજે, બુદ્ધિ પ્રકાશ બહુ વધે (અને) કરતાર કર ઝાલે.

અર્થ—જો આપણા શરીરમાં સત્ય રહેલું હોય તો સારા વિચાર સુજે બુદ્ધિનું તેજ બહુ વધે અને પ્રભુ આપણો હાથ ઝાલીને સુમાર્ગે દોરવે. ૪

અન્વય—શશી વિના જેવી શર્વરી, દીપક વિના (જેવું) ધામ એમ સત્ય વિન્યા નરદેહ નકામ જાણવો.

અર્થ—ચંદ્ર વિનાની રાત્રી જેવી શોભે, દિવા વગર જેવું ઘર શોભે તેવીરીતે સત્ય વગરની આ કાયા નકામી છે તે શોભતી નથી ૫

અન્વય—જીવ ઉપર જેહને દયા (છે તે) દીનનાં દુઃખ ટાળે (અને) તન, ધન ને વાણી વડે સર્વને સુખ આપે.

અર્થ—પ્રાણી માત્ર ઉપર જેને દયા હોય તે ગરીબોનાં દુઃખ મટાડે અને શરીરે કરીને વચને કરીને અને પૈસાએ કરીને બધાને સુખ થાય એમ કરે૦ ૬

અન્વય—સહુનું કલ્યાણ કરવા અંતર વિષે ભલું ઇચ્છે. ઉર વિષે (કોઈના) અવગુણ નાધરે તેજ દયા પ્રમાણ.

અર્થ—બધાનું સારૂં કરવા વાસ્તે મનથી સારી ઇચ્છાઓ કરે, કોઈના અવગુણ મનપર લેનહિ એનું નામ દયા છે એમ જાણ ૭

અન્વય—ધર્મ પાળતાં કષ્ટ સહે તેનું નામ તપછે (તેવિના) બીજા અનેક દંભ છે તેણે કામ નસુધરે.

અર્થ—ધર્મ પાળતાં જે દુખોપડે તે વેઠવાં તેનું નામ તપ છે તે વિનાનાં બધાં સાધનો નકામાં ઢોંગનાં છે તેનાથી આપણું કોઈ કામ સુધરે નહિ ૮

અન્વય—જે ચતુર સુજાણ હોય (તે) તપ કરી તન દ્દઢ કરે, ઈંદ્રિયોને પ્રાણ જીતે, પોતા તણું મન વશ રાખે.

અર્થ—ડાહ્યાને સમજુ હોય તેજ તપકરીને શરીરને મજબૂત બનાવે ઈંદ્રિયોને વશ કરે અને પ્રાણને પણ કાબુમાં રાખે. અથવા એમ કરે તેનેજ ડાહ્યા અને સમજુ જાણવો. ૯

અન્વય—સુખ અને દુઃખ સમ કરી ગણે, હરખને શોખ (સમજાણે) ધીરજ (અને) ધર્મ ચૂકે નહિ એવા કોક નર (હોયછે)

અર્થ—સુખ અને દુઃખ સરખાં માને હરખ અને શોકમાં પણ અમતા-રાખે તોપણ ન રાજી કે ન દીલગીર થાય દુઃખ પડતાં છતાં પણ ધીરજ અને ધર્મને ચૂકે નહિ એવા વિરલા તો જવલ્લેજ હોય. ૧૦

અન્વય—સઘળી શૌચ ક્રિયા કરી શરીર શુદ્ધ રાખે પછી વીર (પુરૂષજ) જ્ઞાન નીરથી મન તણો મેલધુએ.

અર્થ—નાહાવું ધોવું વગેરે પવિત્રાઈનાં કામો કરીને શરીર શુદ્ધ રાખ્યા પછી જે બળવાન હોય તેજ જ્ઞાનરૂપી પાણી વડે કરીને મનનો મેલ ધોઇને તેને સાફ કરે અથવા આમકરે તેજ શૂરવીરછે એમ જાણવું. ૧૧

અન્વય—એવો ધર્મ ઉરમાં ધરે તેહ પ્રાણી પવિત્ર (છે) આ જગતમાં તેનાં ચરિત્ર ચારૂ (છે અને તેમનું) જીવન સફળ (છે.)

અર્થ—ઉપર કહ્યા પ્રમાણેનો ધર્મ જે મનમાં રાખે તેજ માણસ પવિત્ર છે અને દુનિયામાં તેનાં કાર્યો સુંદર સારાંછે અને તેનો અવતાર સફળ છે ૧૨.

પાઠ ૧૬ મો.

પુરાતન (વિ.) જુના.
આધુનિક(અ.)હમણાંના.
અદ્યાપિ(અ.) આજપણ.
સાંભરણ(ના.)યાદદાસ્ત
ખગોળવિદ્યા (ના.) આકાશીપદાર્થોની વિદ્યા.
પૂરોહિતો(ના.)વિદ્વાનો, બ્રાહ્મણો.
પ્રવિણ (વિ.) કુશળ.
આત્મા (ના) જીવ.

પાઠ ૧૭ મો.

દરમિઆન(અ.)અરસો.
નાકું (ના.) કાણું.
વિભાગ (ના.) ભાગ
માફક (અ.) પેઠે.
વાકેફ (વિ.) મહિતગાર.
કરાઈ (ના.) પાટીઆં વહેરનાર.
મુશકેલી (ના.) કથાવટ
ચાલાકી (ના.) ચપળતા, ઝડપ.
લક્ષ (ના.) ધ્યાન.

મથન (ના.) પ્રયત્ન, માથાકુટ.
પરઠીલેવું (ક્રિ.) નક્કી કરવું, ઠરાવવું.

પાઠ ૧૮ મો.

પરોણાગત (ના.) મેમાનગીરી. [આવકાર
સત્કાર (ના.) માન-
યોગ્યતા (ના.) લાયકાત.
સંપ્રદાય (ના.) રીવાજ, ચાલ.
વૈશ્વદેવ (ના) નિત્ય ભોજન પહેલાં અગ્નિ દેવને બળિદાન આપવાની વિધિ. [ગત.
અતિથિ (ના.) અભ્યા-
ષોડશોપચાર (ના.) પુજાની સોળસામગ્રી.
સંકોચ (ના) ઓછું પડવું, ભીડ.
યજમાન (ના.) ગ્રહસ્થ.
પ્રકૃતિ (ના.) આદત.
વ્યવસ્થા (ના.) ગોઠવણ.
ત્રાસ (ના.) કંટાળો.
ઉમળકો (ના.) હોંશ.
વળાવો (ના.) ભોમીઓ.

કવિતાની સમજુતી.

અર્થ—ભુખ્યાં તરસ્યાં હોય તેમને લુખું પાકું જે મળે તે જમાડે ને તેમને રાજી કરે. ધીમું ધીમું બોલીને હસાવીને થાક્યા હોય તેનો થાક મટાડે. કંઈ કંઈ કથા વાર્તા કાઢીને દુઃખ ભુલાવે અને શાન્તિ પમાડે. મધનાં જેવું મીઠું અનાજ પોતે જમે ને જમાડે અને એના ઉપર મેમાનને પ્રેમઉપજાવે.

પાઠ ૧૯ મો.

રાય (ના.) રાજા.
કર્મ (ના.) નશીબ.
રંક (ના.) ગરીબ.
અંક (ના.) આંકડો હિસાબ.
હઈડાં (ના.) હૃદય.
પ્રૌઢો (વિ.) મોટો.
ગલથુથી (ના.) બાળક જન્મે કે પછી ધાવતાસુધી. ગોળઘીનુ પાણી પાયછે તેને ગલથુથી કહેછે.
ધેનું (ના.) ગાય.
પંચામૃત (ના.) દહીં, દુધ, મધ, ઘી ને ખાંડથી દેવને નવરાવવા માં આવેછે તેને પંચામૃત કહેછે.
કલ્પતરૂ (ના.) ઇચ્છિત પદાર્થ આપનારૂ ઝાડ.
જ્યોત (ના.) બળતું.
શ્યામશરીર (ના.) ઈશ્વર.
ધુમ્રપાન (ના.) પંચાગ્નિ તાપની આંચ વેઠવી.

કવિતાની સમજુતી.

અર્થ—ઉધમ રાજાને કર્મ ગરીબ છે તેનો તમારી પાસે હિસાબ કહું છું તે તમે બધા ધ્યાન દઈ મનમાંથી અહંકાર કાઢી નાંખી તપાસી જોજો. ૧

કર્મના આધિન (બીજથી) જેઉધમ કરવામાં આવે તેમાં તરતજ દગો ફટકો જણાયછે. પહેલાં ઈશ્વિરે નાગાં શરીર ઘડ્યાં છે તેને ધીરજવાન માણસો ઉધમથી ઢાંકે છે. ૨

મા પોતાના બાળકને મોટો થવાને માટે ગળથુથી પાવાનો ઉધમ કરે છે તોજ બાળક મોટો થાય છે. જેના વંશમાં જે જન્મ્યો તેના વંશનો જે ઉધમ હોય તેજ તે કરે છે. ૩

જોજો ઉધમની રીત કહું છું. ઘરમાં ઘણી ગાયો બાંધી હોય ત્યાં બાપડું કર્મશું સમજે, જો ઉધમી પુરૂષ દોહવાનો ઉધમ કરે તોજ દૂધ મેળવે છે. ૪

તેનું પંચામૃત થાય છે. કહો ઉધમ વગર કર્મ શું ખાય, પરમેશ્વરે જ્યારે આ સૃષ્ટિ બનાવી ત્યારે, મેડી ઘર વગેરે કાંઈ નહોતું. ૫

પણ જ્યારે ઉધમીઓએ માટી, ચૂનો અને લાકડાંવડે ઘર બનાવ્યાં ત્યારેજ કર્મીં તેમાં રહ્યા, વળી કપાસ વાવે કે રૂ લાવે અને તેનાં વસ્ત્ર બનાવે તોજ પહેરવા પામે, જો આવો ઉધમ કરે નહિ તો બધા કર્મીંઓ નાગા ફરે. ૬

જમીન ખેડીને અનાજ વાવે તોજ મહાદુખ વડે રસ કણ કસ પાકે છે અને તેથીજ કર્મવંત સુખથી જીવી શકે છે. ૭

તલ પકવીને ઘાણીમાં પીલીને તેલ કાઢીને જો સળગાવે તોજ દીવો થાય આપ્રમાણે ઠેકાણે ઠેકાણે ઉધમનું જોર છે બાકી એકલા કર્મવડે તો ઘોર અંધારૂજ રહે. ૮

ઘરમાં ઘણાં અનાજ ભરેલાં હોય પણ તેને પકવ્યા વગર શીરીતે રંધાય દૂધને મેળવીને જ્યારે આખરે છે ત્યાર પછી તેને વલોવતાંજ ઘી નીકળે છે. ૯

જમીનના પેટામાં જે પાણી છે તે તો ઈશ્વિરજ જાણેછે, પણ ઉધમ વડે કુવો ખોદવામાં આવે તોજ કર્મવાન પાણી પીએ નહી તો તરસે મરી જાય-૧૦

પૈસા ખરચી સોનું લાવીએ તે ઘરમાં રાખી મૂકાય નહિ પણ તેનાં ઘરેણાં બનાવી શરીરે પહેરવામાં આવે તોજ કર્મવાનનું શરીર શોભે છે-૧૧.

જો ઘરમાં કોઈ ચાકર હોય તે લુગડાં લાવીને પાસે મૂકે પણ ઉઠીને ઉંચો નીચો થયા વગર તે પહેરાય નહિ. ૧૨

બીજી ઘણી સપ્તધાતુઓ છે તેની અનેક ચીજો થાય છે ઉદ્યમી તેના ઘાટ ઘડીને તેનાં નામ પાડે છે. ૧૩

હવન હોમ વગેરે ઉદ્યમથી બને છે ત્યારેજ પરમેશ્વર સંતોષ પામેછે જ્યારે જોરાવર વરસાદ વરસેછે ત્યારેજ બધી દુનિયા જીવે છે. ૧૪.

મોટા મુનિઓ અને તપેશ્વરીઓ હાથવડે ઈશ્વરની પુજા કરે છે. અને પંચાગ્નિ તાપવા રૂપી મોટા ધર્મ કરે છે ત્યારે તેમના કર્મ બળવાન થાય છે. અને પૂન્ય કર્યા વગર કોઈ કંઈ પામતું નથી માટે જે કામ કરે તે ઉદ્યમથીજ થાય છે. ૧૫

પાઠ ૨૦ મો.

લહેજત (ના.) સુરકી, મીઠાશ.
તમતમાટ (ના.) તીખું, તીખાને તમતમાટ કહેછે.
ઉષ્ણ કટિબંધ (ના.) ગરમ પ્રદેશ.
તેજાના (ના.) મસાલો.
સુવાસિક (વિ.) સુગંધીદાર.
મુખવાસ (ના.) જમ્યા પછી મોં સાફ કરવાને કાંઈ ખાવું તે.
નાવિકો (ના.) વહાણવટીઓ.
દસ્ત (ના.) ઝાડો.
ઉત્કૃષ્ટ (વિ.) સારૂં, ઉંચું.

પાઠ ૨૧ મો.

રૂચતો (કૃ.) પસંદ પડતો.
વૃત્તિ (ના.) વલણ, ઈચ્છા.
મહાવિદ્યાલય (ના.) પાઠશાળા, યુનિવર્સિટિ.
નિરાભિમાન (ના.) અહંકારી નહિ.
વિસ્મય (ના.) તાજુબ.
દ્રષ્ટિવિદ્યા (ના.) નીરીક્ષણ શાસ્ત્ર.
પૃથક્કરણ (ના.) તપાસી વિભાગ પાડવા.
વક્ર (વિ.) વાંકું.
ઉપદ્રવ (ના.) રોગ.
ગુરૂત્વાકર્ષણ (ના.) ભારતરફનું ખેંચાણ.
સાહિત્યો (ના.) સામાન.
નિવારણાં કરાતાં=મટાડાતાં.
અનુસરીને (કૃ.) મળતા રહીને. [દ્ભૂત.
અસાધારણ (વિ.) અ-
સમાગમ (ના.) મેળાપ.
નિયમિત (ના.) ઠરાવ્યા પ્રમાણે.
અવકાશ (ના.) વખત, ટાઈમ.
ખામોશ (ના.) સબુરી, ધીરજ, ક્ષમા.
સંશોધન (ના.) શોધખોળ.

પાઠ ૨૨ મો.

સંતતિ (ના.) છોકરાં.
પોચો (વિ.) બીકણ, નબળો.

બંદોબસ્ત (ના.) ગોઠવણ.
દત્તક (વિ.) ખોળે લીધેલો. [ઉમર.
[illegible]વસ્થા (ના.) પાકી
વિલંબ (ના.) દેર.
માલ (ના.) સાર.
અવશ્ય (અ.) નક્કી.
ડોળ (ના.) ઢોંગ.
મુક્તથાઉં = છુટું.
ભવની (ના.) જન્માન્તરની. [દુઃખ.
ભાવટ (ના.) ભુખ,
ઉજમાળો(વિ.)આનંદનો.
પત્ની (ના.) ધણીઆણી.
વારસ(ના.)પછીનો ધણી.
વ્રત (ના.) નિયમ.
યથા વિધિ. (અ.) રીત પ્રમાણે.
કોટી કરતો = ભેટતો.
મસલત (ના.) છુપી ગોઠવણ.
તન્તવો (ના.) તાંતણા.
બલવન્ત (વિ.) જોરાવર.
તદબીર (ના.) યુક્તિ.
લપટાયો (કૃ.) સપડાયો.

કળી શંકવું = જાણવું, સમજવું.
સ્વાધીન કરીદીધો-સોંપ્યો

પાઠ ૨૩ મો.

મૂળસ્થિતિ (ના.) પૂર્વરૂપ.
કૃતિ (ના.) કાર્ય
રૂપાંતર (ના.) ફેરફાર.
ભંડોળ (ના.) મૂડી.
કુશળતા (ના.) પ્રવીણતા.
ખ્યાલ (ના.) વિચાર.
હથોટીવાળા (વિ.) હાથે કામ બેસી ગયેલું એવા.
ઉત્પાદન (ના.) પેદાશ.
પૂરતાં (અ.) ખપજોગાં.

પાઠ ૨૪ મો.

સંબોધન (ના.) બોધ કરવા બોલવું તે.
નીલ (વિ.) ઘેરો આશમાની રંગ.
લીલમ (ના.) આશમાની રંગનું મણિ નીલમ.

લાલગાલે (ના.) રાતા-ગાલની પેઠે શોભતી કેરી.
સોહે (ક્રિ.) શોભે.
સમીર (ના.) વાયુ, પવન.
ભેદી (કૃ.) તોડી.
શશીલેખા (ના.) ચંદ્રની કળા.
તિમિર (ના.) અંધારૂં.
નેક (વિ.) અનેક.
લહેરી (ના.) મોજું, નાનાં મોજાં.
સરીજાય (કૃ.) ધીમે ધીમે નાશ પામે.
લપસે (કૃ.) ખસે, પેસે.
વીચિમાળ (ના.) લહરીઓ. [હોડી.
સફરી (ના,) માછલી,
ચાંદલે (ના.) ચંદ્રમાં
રમ્ય (વિ.) સુંદર.
કલંક (ના.) ડાઘ. [રમાં.
સરઉરે (ના.) સરોવ-
ભાસો (ક્રિ.) જણાવ.
કાસાર (ના.) સરોવર.
કુસુમ (ના.) ફુલ.

કવિતાની સમજુતી.

અન્વય—તમે જે તણે લાલ ગાલે બેઠાં નીલ લીલમ સમાં (હતાં) એવા રૂડા આંબલીયાની ડાળ મૂકીને (હે) કોયલ (તમે) ક્યાં ગયાં.

અર્થ—ઘેરા આશમાની રંગના માણિના જેવાં હે કોયલ તમે જેની લાલ ગાલના જેવી શોભિતિ કેરીના ઉપર બેઠાં હતાં એવી સારી આંબાની ડાળી તજીને તમે કયાં ગયાં, અથવા રતુમડા ગાલની ઉપર ઘેરા આશમાની રંગનું મણિ જેમ શોભે છે એવી રીતે આંબાની પાકી કેરી અગર મોરનાં ઝુમખાં ઉપર શોભતાં એવાં તમે સારા આંબાની ડાળી મૂકીને બીજે કયે ઠેકાણે ગયાં. ૧

અન્વય—ઉંચે આભમાં રાતા રાતા પ્રભાતના રંગ સોહે (છે) તેવા નીચે નીચે આના મોર (શોહે છે તે) મૂકીને.

અર્થ—ઉંચે આકાશમાં સૂર્યોદય પહેલાં રાતા રંગનું વાદળું જેવું શોભે છે. તેવી રીતે જમીનપર નીચે આ આંબાના મોર શોભે છે તે મૂકીને હે કોયલ તમે કયાં ગયાં. ૨

અન્વય—આંબલીઓ આ કાળ વસંત સમીરમાં ફાલ્યો ફાલ્યો તોય તમ વિનાઆજ સૂનો (છે તેને) મૂકીને.

અર્થ—આ વસંત રૂતુના વાયુથી આંબો ઘણો ફાલ્યો ફૂલ્યો છે તોપણ તમારા વગર તે આજ સુનો લાગેછે. તેને મૂકીને હે કોયલ. ૩

અન્વય—શશી લેખાનાં કીરણ જાડા કાળા કાળા મેઘ ભેદીને આંખ ઠારે (પણ) લેખા ન જણાય મૂકીને.

અર્થ—ચંદ્રની કળાનાં કીરણ કાળાં જાડાં વાદળાંની આર પાર નીકળીને આંખને ઠંડક આપે છે પણ કળા જણાતી નથી. મૂકીને. ૪

અન્વય—એમ તિમિરતણાં પડ ભેદી તમતણાં ઉંડાં ગાણાં કાન સૂણે (પણ) તમો ન દેખાવ. મૂકીને.

અર્થ—એવી રીતે અંધારાનાં પડોની આરપાર તમારાં ઘણે દૂરનાં ગાયન કાને સંભળાય છે પણ તમે દેખાતાં નથી. મૂકીને—૫

અન્વય—શશીરેખાની સુંવાળી જાત નદીના તરંગમાં ઉચી નીચી (ને) નાની મોટી થાય (છે.)

અર્થ—ચંદ્રકળાની જાત સુંવાળી ચપળછે તે નદીના પાણીની લહેરોમાં ઉંચી નીચીને નાની મોટી થાય છે. ૬

અન્વય—નૈક લહેરીમાં નૈકજ થાય (છે) પરપોટાના ઉરમાં (પણ થાય છે તે) બેસી (ને) વહેતી વહેતી સરી જાય (છે.)

અર્થ—તે કળા અનેક લહરીમાં અનેક રૂપ ધારણ કરે છે પરપોટામાં પણ તે દેખાય છે અને સ્થીર જેવી જણાઈ ને પછી ધીમે ધીમે વહેતી નાશ પામે છે. ૭

અન્વય—તેમ આજ અમ તણાં ઘણાં ઉર તેમાં તમતણું એક ગાન શતકાય બની લપસે.

અર્થ—તેવીરીતે આજ અમારાં ઘણાં જણનાં હૃદયોમાં તમારૂં એકજ ગાયન ઘણા ભાગ બનીને પેસેછે. ૮

અન્વય—ઉંચી નીચી ઘણી વીચિમાળ ઉપર જોતા જોતામાં સફરી બાણ સમ સરી જાય (છે.)

અર્થ—ઉંચી નીચી ઘણી લહેરીઓ ઉપર થઇને જોત જોતામાં નાની માછલી તીરની પેઠે સરકી ચાલી જાય છે. ૯

અન્વય—તેમ તિમિર તરંગની માળ ઉપર તમતણું લીસું લીસું ગાન આજે સરી જાય (છે.)

અર્થ—તેવી રીતે અંધારાની લહેરીઓમાં થઇને તમારૂં સુખ કારક ગાન અમારા હૃદયમાં સરી પેસી જાય છે. ૧૦

અન્વય—કાસાર ચંચુ ભરતાં તમે સરઉરે રૂડે ચાંદલે રમ્ય કલંક તેવા ભાસો,

અર્થ—સરોવરના પાણીમાં ચાંચ ભરતાં સરોવરમાં ચંદ્રના કલંક પેઠે તમે સુંદર લાગો છો. ૧૧

અન્વય—આતિમિરમાં કુસુમ તણી કળી તમવાસ આવે (પણ) કુળી પાખડીઓ ન દેખાય.

અર્થ આ અંધારામાં કુળી પાંખડીઓ દેખાય નહિ તોપણ ફૂલની કળીની વાસ આવે છે તેમ તમારા ગાયનના સુર રૂપી વાસ આવેછે પણ તમે દેખાતાં નથી. ૧૨

અન્વય—તારા તણું તેજ આભમાં ઉંચું ઝીણું દેખાય (પણ) તારો જોવાય ના (ને) ઝલાય ન.

અર્થ—આકાશમાં ઉંચું તારાનું તેજ ઝીણું જણાય છતાં પણ તારા દેખાય નહિને પકડાય પણ નહિ. ૧૩

અન્વય—તેવું તમારૂં ગાન ઉંડું ઉંડાણુમાં સુણાય (પણ) તમો દેખાવના (ને) ઝલાવ ન.

અર્થ—તે તેજના જેવું તમારૂં ગાયન આઘે દૂર ઉંડાણુમાં સંભળાય પણ તમે દેખાવ પણ નહિને પકડાવ પણ નહિ. ૧૪

પાઠ ૨૫ મો.

મોટાઈ (ના.) મોટાપણું.
વાસના (ના.) ઇચ્છા.
અંકુર (ના.) ફણગો.
બચપણુ (ના.) નાનપણ.
અનુકુળ (ના.) ફાવતા.
સંજોગો (ના.) પ્રસંગો.
પ્રબળ (વિ.) જોરાવર.
જાદે (વિ.) વધારે.
વિઘ્ન (ના.) આડ, હરકત.
સામાન્ય (વિ.) સાધારણ
સતત (અ.) ચાલુ.
અગાધ શક્તિ (ના.) અત્યંત બળ.
પ્રશંસા (ના.) વખાણ.
અસહ્ય (વિ.) અતિ કઠણ.

પાઠ ૨૬ મો.

સામ્રારાજ્યો (ના.) મોટાં રાજ્યો.
રસાળ (વિ.) ફળદ્રુપ.
ભવ્ય (વિ.) મોટા.
નિરીક્ષા (ના.) અવલોકન.
બારીક (વિ.) ઝીણી.
અધ્યયન (ના.) ભણવાનું કામ.
વતરણા (ના.) લેખણ.
સંબંધી (વિ.) સગા.
પાટનગર (ના.) રાજધાની.
સર્વોપરિ (વિ.) બધાના ઉપર સત્તા ચલાવનારૂં.
આરાધના (ના.) પૂજા.
પેગંબર (ના.) ઇશ્વર તરફના સંદેશા કહેનાર.
ધીટપણું (ના.) હિંમત.

પાઠ ૨૭ મો.

વાયુપુત્ર (ના.) હનુમાન.
બળનિધાન (વિ.) જોરના ભંડાર.
બેલી (ના.) મદદગાર.
ભસ્મ (ના.) રાખ.
દીનભાવ (ના.) નમ્રતા.
નિરધાર (ના.) નિશ્ચય.
અનિત્ય (વિ.) નાશવંત.
પ્રલય (ના.) નાશ.
પામર (ના.) કંગાલ, ગરીબ.
નિત્ય (વિ.) કાયમ રહેનારી.
યાવચ્ચંદ્રદિવાકરૌ (અ.) જ્યાંસુધી સૂર્ય ચંદ્ર તપે ત્યાંસુધી.
કારમું (વિ.) ભયંકર.
નિરંતર (અ.) વગર અટકવે.
મૂર્તિકાર (વિ.) પ્રતિમા ઘડનાર, સલાટ.
પ્રવાસ (ના) મુસાફરી.
ગ્રામ (ના.) ગામ.
પ્રાપ્તિ (ના.) મેળવીને એકઠું કરવું.
યુવઋતુ (ના.) જુવાનીનો સમય.
અફળ (વિ.) નકામી.
અલાભ (ના.) ગેર ફાયદા.
જામે (ક્રિ.) થાય.
ઉંબરગ્રહી=ઘેરરહેવાથી.
ઋણ (ના.) કરજ
વંશ પરંપરા (ના.) પેઢી દર પેઢી.
ઉપભોગ (ના) ભોગવટો.

ખેદ (ના.) ઉદાસી.
કૃપાનિધાન (વિ.) કરૂણાના ભંડાર.
દૈવ (ના.) નશીબ.
અપરાધ (ના.) વાંક
વિજ્યા યાત્રા (ના.) જીત-કરવા રૂપી જાત્રા.
વિરલા (વિ.) પરાક્રમી.
ભંડારી (ના.) ખજાનચી

કવિતાની સમજુતી.

અર્થ— ચતુર માણસ અને આરસ પહાણની કીંમત તેના વજન ઉપર નથી પણ એતો જેમ જેમ દૂર દેશાવર જાય તેમ તેમ તેની વધારે વધારે કીંમત ઉપજે છે. ૧

શાસ્ત્રનો ઘણો અભ્યાસ, પંડિતોનો સમાગમ, ઘણાં ગામોની મુસાફરી, રાજસભામાં જવું આવવું અને ગુણકાના સમાગમમાં રહેવું એપાંચ ચતુરાઈનાં ઠેકાણાં છે. ૨

જુવાનીમાં મુશાફરી કરી જેણે ભાવથી પૈસો એકઠો કર્યોનહિ. તે મૂર્ખની જુવાનીને ધીક્કાર છે અને એ નકામી ગઈ તે પાછી આવવાની નથી. ૩

જે માણસ ગામમાં ઘર પકડીને બેસી રહેતો તેને ત્રણ જાતના ગેરફાયદા થાય. એક તો ફાટેલાં લુગડાં પહેરવાં પડે બીજું કરજ થાય અને ત્રીજું તેનો જશ કદી વધે નહિ. ૪

પાઠ ૨૮ મો.

વિલાપ (ના.) રૂદન.
કરકોટક (ના.) એક નાગનું નામ.
વિવિધ (વિ.) ઘણીરીતે.
વ્યાકુળ (વિ.) ઉદ્વેગ પામેહું, સંતાપવાળું
અવની (ના.) પૃથ્વી.
વામા (ના) સ્ત્રી, રામા.
એકલડિ (વિ.) એકલી.
અવધ્ય (અ.) અવધી, છેડો. હદ.
કોકીલાસ્વરી (વિ.) કોયલાજેવા સુરવાળી.
વિખવાદ (ના.) કલેશ, કજીયો.
ગમયંતી (કૃ.)ગમતી.
વિશ્વમોહિની (વિ.)દુનિયાને મોહપમાડનારી.
સૃષ્ટિદોહિની (વિ.) દુનિયાના સારને ગ્રહણ કરનારી. [ગવાળી.
વિરહિણી (વિ.) વિયો-
દર્શ (ના.) દર્શન.
દુર્લભ (વિ.) મેળવવાને કઠણ.
ચર્ણ (ના.) પગલા.
ધર્ણનાં (ના.) જમીન પરનાં.

નિરવાટ (વિ.) રસ્તા વગરનું. [પામેલો.
મોહધારણ (વિ.) મોહ-
કર્મકારણ (વિ.) નૃશી-બ દુઃખનું કારણ થએલુંછે જેનું.
લેલાટ (ના.) કપાળ.
ભૂજ (ના.) હાથ.
કલપે (ક્રિ.) કલ્પાંતકરે, કકળે.
છેહ (ના.) દગો.
કરાડ (ના.) ભેખડો.
દોહેલે (વિ.) મહાકષ્ટે.
નિરમુખ (વિ.) નિરાશ થઇને.
ગાઢો (વિ.) દુઃખ ભર્યો.
દવાડા (ના.) દવાનળ, દવ.
વ્યાળ (ના.) નાગ.
વહ્નિ (ના) અગ્નિ.
જોજન (ના.) ચાર ગાઉનું માપ.
શાતા (ના.) શાંતિ.
દાધો (કૃ.) બળ્યો.
પરિતાપ (ના.) પીડા.

કવિતાની સમજુતી.

અન્વય—નળ નયણે જળ ભરે ને વિવિધ વિલાપ કરે પોતાતણું વ્યાકુળ અંગ પોતે અવનિ પછાડે.

અર્થ—નળ રાજા દમયંતીના વિયોગથી ઘણા પ્રકારે વિલાપ કરીને આંખ્યોએ રડવાથી કરી જોસબંધ આંસુ વહે અને વ્યાકુળતાથી શરીર ભોંયે પછાડે—૧.

અન્વય—વૈદર્ભી વામા રંક રામા વન મધ્ય એકલડી (હોવાથી) ભય ધરશે ને ફાટી મરશે (હવે તેના) જીવ્યાની અવધ્ય ટળી.

અર્થ—વિદર્ભ રાજાની છોકરી દમયંતી ઘણી રાંક છે તે વનમાં એકલી હોવાથી બીકની મારી મરી જશે હવે એના જીવતરની હદ આવી રહી—૨

અન્વય—ફરી કોકીલાસ્વરી નહિ મળે શે વિખવાદ ઉપન્યો (હે) મન ગમયંતી દમયંતી બોલ (એમ) નળે સાદ માંડયો.

અર્થ—કોયલના જેવા મધુર સ્વર વાળી સ્ત્રી મને ફરી નહિ મળે હે પ્રભુ! અમારા બે વચ્ચે શા માટે કલેશ થયો. હે મનને પસંદ પડનારી દમયંતી તું બોલ એવી રીતે નળે પોકાર કરવા માંડયા—૩

અન્વય—(હે) વિશ્વ મોહિની, સૃષ્ટિ દોહિની, સુજાણ સુંદરી, વલ્લભ વિરહિણી, દુર્લભ દર્શ, પિયુના પ્રાણ બોલ.

અર્થ—હે જગતને મોહ પમાડનારી, હે જગના સારને ગ્રહણ કરનારી, હે ડાહી સ્ત્રી, હે પતિના વિયોગ વાળી, હે તારાં દર્શન છે દુર્લભ જેને એવી ધણીને પ્રાણસમાન વહાલી સ્ત્રી તું બોલ—૪.

અન્વય—(નળ) આવ્યાની વાટ જોતો રૂદન કરતો વન ફરતો (હતો ત્યાં) કળીએ ધર્ણનાં ચર્ણ ભૂસ્યાં (અને) વન નિરવાટ કીધું.

અર્થ—દમયંતી મળવાની રાહ જોતો રડતો રડતો વનમાં ફરતો હતો ત્યારે કળીએ જમીન ઉપર પડેલાં દમયંતીનાં પગલાં ભૂંસી નાંખીને બધું વન રસ્તા વગરનું બનાવ્યું—૫.

અન્વય—ભૂપાળ વડડાળે વળગ્યો તે રૂદીયા ફાટે રૂવે, મોહધારણ કર્મકારણ લલાટે ભૂજ દેઈ કહે.

અર્થ—રાજા વડની ડાળીએ બાઝીને હૃદય ફાટી પડે એમ રૂવે, અને એ મોહને વશ થએલો અને નશીબ જેના દુઃખનું કારણ છે એવો રાજા કપાળે હાથ દઇને કહે છે.—૬

અન્વય—રાય વિલપે ઘણું કલપે, સુખ સ્નેહ સંભારે, કબુધ આવી (તે) મન ભાવી (અને) અન્યાયે છેહ દીધો.

અર્થ—રાજા વિલાપ કરી કરી ઘણું કકળે, દમયંતીનાં સુખ અને પ્રીતિને યાદ કરે અને કહે કે મને કબુદ્ધિ થઈ તે મનને ગમવાથી અન્યાયે મને દગો દીધો—૭.

અન્વય—દારૂણ વનની હધ (માં) અજગર, વાઘ વરૂ, (ને) નાગ છે. કરાડ કોતર (માના) સહીંના સ્વર (સાંભળી) સ્યામા સધ ફાટી મરશે.

અર્થ—આ મહાભયંકર વનમાં અજગર, વાઘ, વરૂ ને મોટા સાપ છે અને ભેખડો અને કોતરોમાં સિંહ છે તેમના સાદ સાંભળી દમયંતી તરત મરી જશે.—૮

અન્વય—ગજગામી દોહેલે પામી (અને) દેવ નિરમુખ ગયા સર્વે સ્વયંવર સાથ વાત સાંભળી સુખ પામશે.

અર્થ—હાથીના જેવી ચાલ વાળી સ્ત્રી મહાકષ્ટે મને મળી હતી દેવતાઓ પણ નિરાશ થઇને પાછા ગયાહતા. હવે સ્વયંવરમાં આવેલા સર્વે જણ આવાત જાણીને આનંદિત થશે. ૯

અન્વય—રાયરૂવે (તેનાં) નેત્ર કોણ લૂહે, એવે ગાઢો શબ્દ સંભળાયો (કહે) નળરાય પ્રેમજળ લોહ (ને) મુકાવ (ને) બળતાને બહાર કાઢો.

અર્થ—રાજા રડે તેનાં આંસુ કોણ લુવે? એવામાં દુઃખ ભર્યો પોકાર સંભળાયો કે હે નળરાજા આંસુ લોહીને મને મુકાવ અને આ બળતામાંથી બહાર કાઢ—૧૦.

અન્વય—વીરસેન કુંવર રોઈ રોઈ સ્વર બેઠો (છે એવો) વાણી સાંભળી રાણી જાણી હરખે ભરાયો (ને) સ્વરે ધાયો.

અર્થ—વીરસેન કુંવર નળ જેનો રડી રડીને સાદ બેશી ગયો છે તે બોલી શકયો નહિ પરંતુ સાદ સાંભળીને રાણી છે એમ જાણીને હરખ પામ્યો ને હરખ ભર્યો જે તરફથી સાદ આવતો હતો તે તરફ દોડયો—૧૧

અન્વય—દવાડા બળે (તેમાં) મોટો વ્યાળ બરાડા પાડે (ને) તરફડે (અને) કહે (કે હે) દયાસિંધુ દીનબંધુ નળ ભૂપાળ કાઢ.

અર્થ—દાવાનળ બળતો હતો તેની અંદર મોટો નાગ પડયો પડયો તાપને લીધે તરફડે અને બૂમરાણ કરતો હતો તે નળને કહેતો હતો કે હે કરૂણાના સાગર ગરીબના બેલી નળરાજા મને બાહેર કાઢો—૧૨

અન્વય—નાગે નમસ્કાર કીધો, (અને કહ્યુંકે) (હે) સુજાણ! વહ્નિ વરદાનગયો. હો ગુણવાન (તુંમને) પ્રાણદાન આપ હુંએ કાંઈ ઉપકાર કરીશ.

અર્થ—નાગે નમસ્કાર કરીને હહ્યુંકે મને અગ્નિ બળવાનું વરદાન હતું તે ગયું હવે હે ગુણવંત રાજા તું મને બહાર કાઢીને જીવતદાન આપ હુંપણ કંઈક ઉપકાર કરીશ. ૧૩

અન્વય—વિષથી ન બીધો (તે) જોજન દેહ પ્રમાણ નાગ લીધો (તેને) ખાંધે ચડાવી બહાર લાવી મૂકયો (ને તેનો) પ્રાણ શાતા પામ્યો.

અર્થ—પોતે સાપના ઝેરની બીક ન ગખતાં જેનું શરીર ચાર ગાઉલાંબુ છે એવા સાપને લઈ ખભે મૂકીને બળતાના બહાર લાવીને મૂકયો પછી નાગના જીવને શાંતિ વળી. ૧૪

અન્વય—(નાગ બોલ્યોકે) વિપ્ર વાચા (પ્રમાણે) સાચા પૂણ્યશ્લોક (એવા) વૈદર્ભી કાંત (ને) મળ્યો. (પછી) નળ પૂછે (કેતું) સબળ દાધો (એવું) વૃતાંત મને માંડી કહે.

અર્થ—પછી નાગે કહ્યુંકે રૂષિના વચન પ્રમાણે મને ખરા પૂણ્યશ્લોક એવા દમયંતીના પતી તમો મળવાથી મારો જીવ ઉગર્યોછે. ત્યારે નળે પૂછ્યું કે તું શા-કારણથી દાવાનળમાં આવી પડી બળ્યો તેની મૂળથી માંડીને મને વાત કહે. ૧૫

અન્વય—વૃતાંત કહે ભાઈ (તું) કોણછે (કેમ) બહુ પરિતાપ પામ્યો. સર્પ કહે રાય સાંભળો મુને રૂષિનોશાપ હુવો.

અર્થ—હે ભાઈ બધી હકીકત કહેને કહે કે તું કોણછે અને તારે માથે આટલુ બધું દુઃખ શામાટે પડયું ? ત્યારે સાપ કહે કે હે રાજા તમે સાંભળો મને રૂષિનો શાપ થયો હતો. ૧૬.

પાઠ ૨૯ મો.

પવિત્ર (વિ.) નીતિમાન.
વીર (વિ.) બહાદુર.
પ્રતિષ્ઠા (વિ.) કીર્તિ.
વિઘ્ન (ના.) હરકત.
મર્મ (ના.) ભેદ.
કળીગઈ (ક્રિ.) સમજી ગઈ.
સ્વીકાર્યો (ક્રિ.) માન્યો.
સ્તંભ (ના.) આધાર રૂપ, ટેકો.
ઉછાંછળો (વિ.) ઉદ્ધત.
વ્યાપી (કૃ.) ફેલાઈ.
પ્રત્યક્ષ સતા (ના.) જાતી દેખરેખ.
હિત (ના.) ફાયદો.
લગામ (ના.) વહીવટ, કારભાર.
કર્તવ્ય (ના.) કરવાલાયક કામ, ફરજ.
કારકિર્દિ (ના.) અમલ.
સાધુ (વિ.) પવિત્ર.

પાઠ ૩૦ મો.

કર (ના.) વેરો.
ન્યાયાધિશ (ના.) ઈન્સાફ કરનાર અમલદાર, જડજ. [મંદિર,કોરટ.
અદાલત (ના.) ન્યાય
અપરાધી (વિ.) ગુનેગાર.
તુરંગ(ના.)કેદખાનું,જેલ.
નેસ્તી (ના.) સીધુ સમાન વેચનાર.
આશ્રય (ના.) મદદ.
મ્યુનિસિપાલિટિ (ના.) શહેર સુધારાઈ ખાતું.
સીધા (વિ.) ઉઘાડા, દેખીતા.
આડકતરા (વિ) પરભાર્યાં, બીજી રીતેના.
વાસ્તવિક (વિ.) ખરી.

પાઠ ૩૧ મો.

અસર (ના.) પરિણામ.
કેફી (વિ.) ઘેન, આળસ, ઘેલછા વગેરે વિક્રિયા થાય એવા.

અલૌકિક (વિ.) નવાઈ જેવી.
લહેજત (ના.) મઝા.
દુર્વ્યસન(ના.)ખરાબટેવ.
ગુલામ (ના.) તાબેદાર.
ક્વચિત (અ.)કોઈવિખત.
દાણ (ના.) હાંસલ, જકાત.
સ્થાનિક (વિ.) વાવેતર વાળો પ્રદેશ તે.
કસુંબો (ના.) અફીણ ઓગાળી કરેલું પાણી.
દસ્ત (ના.) ઝાડો.
ખાંસી (ના.) ઉધરસ.
નિદ્રા (ના.) ઉંઘ.
પાયમાલ (ના) હેરાન.
ત્યાગકરી (ક્રિ) છોડી દઈ
પ્રતિજ્ઞા(ના.)પણ,નિયમ.

પાઠ ૩૨ મો.

દિવ્ય (વિ.) અદ્‌ભૂત.
મંદિર (ના.) મકાન.
મહોદધિ (ના.) મહાસાગર.

લુપ્ત થયાં (ક્રિ) ડૂબી ગયાં, નાશ પામ્યાં.
અમર (ના.) કાયમ રહેવું.
ભૂકંપ (ના.) ધરતી કંપ.
ગરવા (વિ.) વિશાળ.
શિલાખંડ (ના.) પત્થરના પર કોતરેલા લેખ
વિશ્વમંદિર (ના.) સૃષ્ટિ રૂપી ઘર.
વ્યોમ (ના.) આકાશ.
ઉચ્ચારે (ક્રિ.) ગાય, કહે.

નભપટ (ના.) આકાશ રૂપી વસ્ત્ર, આકાશનું પડ.
તારક લેખ (ના.) તારારૂપી લખાણ.
સંધ્યા અભ્રરંગ (ના.) સંધ્યા સમયના વાદળના રંગ જેવા.
વર્ણના (ના.) રંગના, જાતના.
ઉકેલવા (ના.) વાંચવા, સમજવા.

કુમારિકા (વિ.) કુંવારી, સંગમ વિનાની.
સરિતા (ના.) નદી.
કુમારિકા સરિતા—સરસ્વતિ નદી.
સ્મિત (ના.) હસવું.
સૂચવતી (કૃ.) જણાવતી.
બુઝવતી (કૃ.) ઓલવતી, નાશ કરતી.
પ્રેમસરિત પૂર (ના.) પ્રેમથી ઉભરાતું પાણી.

કવિતાની સમજુતી.

(૧)

અન્વય—માનવ રાજે કીર્તિકાજે મંદિરો રચ્યાં (તે) આજે કાળ મહોદધિ મહિ કહિ લુપ્ત થયાં.

અર્થ—રાજાઓએ કીર્તિ મેળવવા સારૂ કંઈ કંઈ ભવનો બનાવ્યાં પણ તે બધાં આજ કાળરૂપી મહાસાગરમાં કહીં ડૂબી ગયાં તે જણાતાં નથી-૧

અન્વય—નામ અમર કરવા કીર્તિસ્તંભ ઉભા કરતા તે સહસા ગરવા ભુકંપ ગળી લઈ જાતા.

અર્થ—કોઇ કોઈ તો નામ કાયમ રાખવાને કીર્તિ સ્તંભ ચણાવતા તે સ્તંભો સહેજમાં મોટા વિશાળ ધરતીકંપો ગળી લઈ ગયા મતલબકે ધરતીકંપથી નાશ પામ્યા—૨

અન્વય—નામ નિશાન ન રહે (ને) રાનમાં રખડતા રહે (એવા) શિલાખંડ ચૂર્ણ થઈ જગોજગ મૃતસમ પડતા-(જણાય છે.)

અર્થ—જેનાં નામ ને નિશાન નથી એવા પત્થરના લેખોના ભુકે ભુકા થઈ જંગલોમાં કયાંય પડ્યા હશે અને કંઈક ઠેક ઠેકાણે મુડદા જેવા પડેલા જોવામાં આવે છે.—૩

અન્વય—અચળ કીર્તિને કાજ લેખો કોતરી રાખ્યા (તે) આજ ઘસાઈ ભૂસ્યા (અને) ધૂળમાં દટાયા દેખો.

અર્થ—કાયમજશ રહેવા વાસ્તે કોતરી રાખેલા લેખો હતા તે આજ બધા ઘસાઇને ભૂસાઇને ધૂળમાં દટાઈ ગયેલા દેખાય છે. ૪

અન્વય—એક અચળ ને ભવ્ય આ વિશ્વમંદિર ભાસે (છે) જેનો ચોપાસે વ્યોમ તણું અનુપમ ઘુમટ (છે.)

અર્થ—ફકત કાયમ નાશ ન પામે એવું મોટું આ સૃષ્ટિરૂપી મંદિર દેખાય છે તેને ચારે તરફ આકાશરૂપી અલૌકિક ઘુમટ છે. ૫

અન્વય—એ એક મહાન પુરૂષ તણી કીર્તિ ગાએ (તે) અહીં કો વિરલા રૂડીપેર નીરખી શકે.

અર્થ—એમંદિર એક મહાપુરૂષ કે જે ઇશ્વર તેના જશ ગુણ ગાય છે તે અહીંયા કોઈ જ્ઞાની માણસો સારી રીતે જોઈ સમજી શકે છે. ૬

અન્વય—(તેમાં) દિવ્ય ભાષામાં વિધ બિધ ભારે લેખ લખીયા એ એક મહાનપુરૂષ તણા ગુણ ઉચ્ચારે

અર્થ—તે મંદિરમાં દેવતાઈ ભાષામાં જુદી જુદી જાતના અમૂલ્ય લેખ લખ્યાછે તે લેખો એક મહાપુરૂષ ઇશ્વરના ગુણ ગાયછે. ૭

અન્વય—જગ રચના માંહિ એ લેખ અનુપ રૂપ દીસે (વળી) નભપટ પર તારકલેખ કયાંહિ ચળકતા.

અર્થ—આ સૃષ્ટિની રચનામાં એ લેખો ઉપ માન અપાય એવા રૂપના છે અને આકાશના પડપર તારારૂપી લેખો કંઈ કંઈ ચળકતા જણાયછે. ૮

અન્વય—કહીં કહી સંધ્યા અભ્રરંગના લેખ સુહાતા, કો ઘડી ઈંદ્રધનુષ્ય વર્ણના લેખ જણાતા.

અર્થ—કોઈ કોઈ ઠેકાણે સંધ્યા સમયના વાદળના રંગ જેવા રંગના અને કોઈ વખતે મેઘ ધનુષ્યની જાતના સપ્તરંગી લેખો શોભતા જણાયછે. ૯

અન્વય—એમ નિરંતર વિવિધ લેખ રચના દીપી રહે એ દિવ્ય અદ્ભૂત લિપિ કો વિરલ વાંચી શકે.

અર્થ—એવી રીતે હર ઘડીએ જુદી જુદી જાતના લેખોની બનાવટ શોભેછે એ લેખોની અલૌકિક નવાઈ જેવી ભાષા કોઈક બહાદુર ને જ્ઞાનીજ વાંચી શકે. ૧૦

અન્વય—દેશાટન કરી ભવ્ય મંદિરો ભલે નીરખું (અને તેમાંનો) ગૂઢ લેખ (અને) લિપિભેદ ભલે હું ઉકેલી ન શકું.

અર્થ—પ્રવાસ કરી જગ જગનાં મોટાં મંદિરો જોઉં અને તેમાં લખેલા છાના લેખ અને ભાષાના ભેદ ભલે હું વાંચી ન શકું. ૧૧

અન્વય—(પણ) એક મહાન મંદિર નીરખવા દ્રષ્ટિ ચાહું (છું અને) દિવ્ય પુરૂષે લખેલા લેખ ઉકેલવા સમજવાની શક્તિ પ્રભુ પાસે માગું છું ૧૨

અર્થ—પણ હું આ એક મોટા વિશ્વ મંદિરને જોવાની અને એ દિવ્ય પુરૂષે લખેલા લેખ ઉકેલવા સમજવાની શક્તિ પ્રભુ પાસે માગું છું. ૧૨

(૨)

અન્વય—અહીંઆં વિશાળું સહસ્ત્ર લિંગ તળાવ હતું, અહીંઆં જુનું પાટણ (હતું તે) આ અહી લાંબું સૂતું, અહીંઆં આ રાણીવાવતણાં હાડ પડેલાં (છે) અહીં આ મોટા બુરજ માટીના ભેળા મળ્યા.

અર્થ—આ જગ્યાએ મોટું સહસ્ત્રલિંગ તળાવ હતું અને આજગ્યાએ જુનું પાટણ શહેર હતુ તે અહીં લાંબું સુતું મતલબકે તેનાં ખંડેર રહ્યાં છે. આજગ્યાએ આ રાણીવાવની માત્ર હાડરૂપે નિશાનીજ રહેલી છે અને એ શહેરના કોટના મોટા બુરજ પડીજઇને ધુળ ભેગા મળી ગયા છે. ૧

અન્વય—હાવાં એમ નામ દઈ દઈ વાતો કરવી રહી (છે હે !) પુરાણ પાટણ પુરી? હાલ તુજ હાલજ આવાં! એવો કોણ ગુજરાતનો પુત (હશે કે) આ સ્થળમાં ઉભોરહી જેહ નયન જળમાં ભીંજ્યાં નહિ (હોય?)

અર્થ—હવે એવી રીતે નામ દઇને દઇને વાતો કરવાની છે. અરે! જુની પાટણ નગરી હમણાં તારી આવીસ્થિતિ થઈ? ગુજરાતનો એવો કયો પુત્ર હશે કે આઠેકાણે ઉંભો રહીને જેની આંખો આંસુથી છલકાઈ નહિ હોય. ૨

અન્વય—પેલી કુમારિકા સરિતા નિર્મળ જળ લઈ વહે છે (તે) લાડતી પાસે ધસે (અને) ઘેલી (જેવી) લાજે નાસે, ખરે! ઇશ્વર કરૂણા આ નદી સ્વરૂપે વહી સ્મિત કરી પ્રીતિભરે (અને) તું પે આલિંગન ભરે.

અર્થ—પેલી કુંવારી સરસ્વતિ નદી ચોખ્ખું પાણી લઈ વહે છે તે લાડ કરતી પાસે આવતી અને શરમ આવવાથી ઘેલી જેવી નાસતી જણાય છે. ખરેખર પ્રભુની મેહેરબાની આ નદીના રૂપમાં વહી જાણે મંદ મંદ હસી તારા ઉપર ઉમળકો આણી હેતથી તને કોટી કરતી હોય એમ લાગેછે. ૩

અન્વય—(હે) પાટણ? તું પેં એ દયાધરંતી સુચવતી (હોય એમ લાગે છે કે) કાળની ગતિ મનુજકૃતિને ભલે બુઝવતી (પણ)મુજ પ્રેમસરિતપૂર અણુખૂટ્યું વહ્યું જાશે, (અને) ધન વિભવ છો લુટાય (પણ) મુજ ઝરણુ લુટ્યું જાય ન.

અર્થ—હે પાટણ નગરી તારા ઉપર દયા રાખતી હોય એમ સુચવે છે અને એમ જણાવતી લાગે છેકે કાળની ગતિ માણસનાં કરેલાં કામોનો ભલે નાશ કરે પણ મારૂં પ્રેમથી ભરેલું પૂર નિરંતર વગર ખૂટે વહેશે. પૈસા ટકા ભલે લુંટાઈ જાય પણ મારૂં પ્રેમી ઝરણ લુંટાઈ શકાવાનું નથી. ૪

અન્વય—મનુજ પર્વતશૃંગ તોડી મદભરીઓ મા'લે, (અને) જાણે(કે) નિજ કૃતિ અમર (છે પણ) જતે કાળ કાળ ગળે. ને કોમળું પાણી પોચું મૂજ તનડું ઘડ્યું તેતો તેમનું તેમ રહે (ને) અનંત યુગ પહોચ્યું.

અર્થ—માણસનામાં પર્વતોનાં શિખરો તોડવાની શક્તિ હોવાથી તેમ ફરી અહંકારમાં મોજ માને અને જાણે કે મેં કર્યું તે કદિનાશ પામવાનું નથી. તે પણ વખત જતે કાળના સપાટે નાશ પામે છે. અને મારૂં શરીર કોમળ અને નરમ પાણી જેવું બનાવ્યુંછે તેતો તેવું ને તેવુંજ અનંત યુગ સુધી પહોચતું રહેશે. ૫

પાઠ ૩૩ મો.

આયુષ્ય (ના.) આવરદા.
વૈદિક (વિ.) અધ્યયન કરનાંર, વેદપાઠી.
મુસદ્દી (ના.) મહેતાગીરી, કારકુનનું.
ઉર્ફે (અ.) અથવા બીજાનામની સાથે આશબ્દ બોલાયછે.
લત (ના.) લેહે.
પ્રતિષ્ઠા (ના.) આબરૂ.
તાન (ના.) લેહે.
આવેશ (ના.) જુસ્સો, જોમ.
મહેણું (ના.) ઠોક, ઠપકો.
સહવાસ (ના.) સમાગમ.
વીટંબણા (ના.) મુશ્કેલી.
ચિત્તવેધક (વિ.) હૃદય પીગળાવે એવાં.
મહત્વ (ના.) મોટાઈ.
અખિલ (વિ.) સમગ્ર, બધા.

પાઠ ૩૪ મો.

ઉદય (ના.) ચડતી.
ચિત્રલેખન (ના.) ચિત્ર કાઢવાથી કહેવાનું સમજાય તે.
પદ્ધતિ (ના.) રીત.
વિગ્રહો (ના.) લડાઇઓ.
પાયમાલ (ના.) ખરાબખસ્ત.
સ્વસ્થતા (ના.) શાંતિ.
થાળે પડયો (ક્રિ) ટંટા ફીસાદ મટીગયાં
જામવા (ક્રિ.)આબાદ થવા.
ખુશકી (ના.) જમીન

કાવતરૂં (ના.) કપટ, દગો.
વકતૃત્વ (ના.) બોલવામાં.
તત્વજ્ઞાન (ના.) ઈશ્વર સંબંધીનું જ્ઞાન.
શિલ્પી (ના.) સલાટ, કોતરકામ કરનાર.
ગણના (ના.) ગણતરી.
આભારી (ના.) ઉપકાર નીચે દબાયલા.
નૌકા સૈન્ય (ના.) દરીઆઇ લશ્કર. [જતાં.
કાળાંતરે (અ.) વખત

પાઠ ૩૫ મો.

વદન (ના.) મોંઢું.
દીલગીર (વિ.) ઉદાસ, શોકાતુર.
અનુકંપા (ના.) અરસપરસ લાગણી.
અન્યોન્યાશ્રય (ના.) એક બીજાને મદદ કરવી તે.
આરંભ (ના) શરૂઆત.
વસુધા (ના.) પૃથ્વી.
બહેતર (અ.) ભલું.
અપશબ્દ (ના.) કુવચન.
આદરવો (કૃ.) સ્વીકારવો.
તત્પર (અ.) તૈયાર.
સવડ (અ.) સોઈ, અનુકુળતા.

પાઠ ૩૬ મો.

વિધવિધ (વિ) જુદાજુદા.
ભવ (ના.) જન્મારો.
ગથ (ના.) નાણું.
ગાંઠવો (ક્રિ.) ભેગો કરવો.
અભ્યાસ (ના.) ટેવ.
અવસર (ના.) વેળા.
ઉઠાવ (ના.) ખીલવણી.
કળ (ના.) યુક્તિ. [ણસ.
પરજન (ના.) પારકું મા-
પેખી (કૃ) જોઇને.
સુપેર (ના.) સારી રીતે.
ઘેર (ના.) ઘેરાવ.
તરણુ (ના.) ઘાસ, તરણુ
ઓપે (ક્રિ) ખીલે, શોભે

કવિતાની સમજુતી.

અર્થ—હે વિદ્યાર્થીઓ તમે જુદીજુદી રીતે વિચાર કરી આ વિવેકની વાત વાંચો અને એમાંથી સારા ગુણ શોધો. ૧

તમે નિશાળનું ભણવાનું પૂરૂં કર્યું એટલે ભણી રહ્યા એમ કદિ કહેશો નહિ. ૨

જો તમે આખી જીંદગી સુધી ભણ્યા કરો તો પણ (પાક) જ્ઞાન લેવાનું ખૂટેજ નહિ. ૩

આપણી એક રીત છે કે અકલ અને પૈસો જ્યાં મળે ત્યાંથી એકઠો કરવો એજ રીતે સારા ગુણ શોધો. ૪.

બધી જગ્યાએ અને દરેક વખતે એજ ભણતર અથવા ટેવ પાડી સારા ગુણ શોધો ૫

તમે જેમ જેમ ધ્યાન દઈ મનમાં મનન કરી તે વખતે આપણો જીવ જે જે કાંઈ કામ કરે તે જુઓ. ૬–૭.

એ વખતની આગળ જે જે બનાવો બન્યા હોય તે તે બનાવો તમે ધ્યાન દઈ તપાસી જુઓ તો તેથી બુદ્ધિની ખીલવણી થઈ ઘણીજ અક્કલ વધે. ૮–૯.

વળી આપણા શરીરના સાંધા, ને આપણી શક્તિ અને આખી દુનિયા સંબંધે વિચાર કરી જોશો તો જણાશે કે ઇશ્વરે આ શરીર કયા કારણથી અને કેવી યુક્તિથી બનાવ્યું છે. ૧૦–૧૧.

પ્રથમ આપણું મન ઓળખો પછી પરાયો માણસ આપણી પાસે આવે તો તે સારો છે નઠારો છે મૂર્ખ છે વિદ્વાન છે ખુશીમાં છે કે શોકાતુર છે એ સમજતાં ઓળખતાં શીખો. ૧૨–૧૩.

આપણે માણસના ગુણો જાણવાની જરૂર છે એમ સમજીને ગુણો જાણવાને પછી એક બીજાના દુઃખ અને અદેખાઈ વગેરે નઠારા ગુણ તજીને સમજણ આપો અને લ્યો. ૧૪–૧૫.

પછી એક જરૂરની બાબત એ છે કે ઇશ્વરના ઉપર પ્રેમ કરવા સંબંધી સમજ મેળવો. અને એજ પ્રભુએ દયા કરીને આપણને શીશી બાબતનાં દાન આપ્યાં છે તેનો વિચાર કરો ૧૬–૧૭.

માણસે બનાવેલાં કામો જોઈ પછી પ્રભુએ બનાવેલાં કામો સારી રીતે જુઓ. ૧૮

પહાડ, પથરાઓ, જંગલો, પ્રાણીઓ, તારામંડળ, સમુદ્ર, સુરજ અને ચંદ્રમા વગેરે જોતાં આપણને અનેક પ્રકારના વિચાર ઉપજે છે. ૧૯-૨૦.

એક ફક્ત ઘાસ, ફળ અને ફુલમાંજ જુઓ તો તેમાં ઇશ્વરની ઘણીજ કળા દેખાઈ આવે છે. વળી જેમ જેમ તમે વિચાર કરશો તેમ તેમ તમારી બુદ્ધિ ઘણીજ ખીલશે. ૨૧–૨૨

માટે દલપતરામ કવિ કહે છે કે હોંશ ખંત રાખીને તમે એ સારૂં ભણતર ભણો અને સારા ગુણ શોધો. ૨૩.

પાઠ ૩૭ મો.

ચમત્કારિક (વિ.) નવાઈ જેવા.
કાવ્યશાસ્ત્ર (ના.) કવિતાના નિયમોનું પુસ્તક.
આધ્યાત્મિક વિદ્યા (ના.) આત્મા સંબંધિ જ્ઞાન મેળવવાની વિદ્યા.
પ્રાકૃતિક (વિ.) ઇશ્વર કૃત.
સંશોધન (ના.) ખોળ, શોધ.
આકર્ષાયું (ક્રિ.) ખેંચાયું.
ઐહિક (ના.) આલોકનું.
અંકુશમાં (ના.) કબજામાં, ઉપયોગમાં.
બલિહારી (અ.) ખૂબી
યોજના (ના.) હીકમત ગોઠણ.
સાંકેતિક (વિ.) સંકેતકરી નક્કી કરેલા.
સ્વર સંવાદક (વિ.) સ્વરને લઈ જનારૂં.
સ્વરધારણ (વિ.) સ્વરને રાખનારૂં.
લઢણ (ના.) ઢબ.
ધ્વનિ (ના.) અવાજ.

પાઠ ૩૮ મો.

સરસ્વતિમંદિર (ના.) વિદ્યાનું ધામ.
પ્રચાર (ના.) ફેલાવો.
ધનાઢય (વિ.) પૈસાદાર.
વીરરસ (વિ.) શૂરાતન ઉપજાવે તેવાં, જુસ્સાદાર.
પરિચય (ના.) સહવાસ.
શૈલિ (ના.) પદ્ધતિ.
ઉત્કંઠા (ના.) જીજ્ઞાસા, ઉલટ.
વિનય (ના.) નમ્રતા.
બેદરકારી (ના.) તમા વગર.
વિરોધ (ના.) તફાવત, જુદાપણું. [સ્થાપન.
પ્રતિપાદન (ના.) સિદ્ધ,
ઉલ્લંઘન કરવું (ક્રિ.) તોડવું, ઓળંગવું.
વિલંબ (ના.) દેર.

પાઠ ૩૯ મો.

અર્થાત (અ.) એટલે.
સુલભ (અ.) સહેલી.
અવ્યવસ્થા (ના.) બંદોબસ્ત નહિ.
તરંગી (વિ.) ખોટા વિચાર વાળી.
વૃત્તિ (ના.) મનની ઈચ્છા.
ખુશામત (ના.) હાજીહા.
ખલેલ (ના.) અડચણ.
પ્રવીણ (વિ.) માહિતગાર.
પ્રારબ્ધ (ના.) નશીબ.
સંધિ (ના.) સમય, વખત.
સ્વાર્થીઆ (વિ.) આપમતલબી.
રહેણી (ના.) વર્તન.
મામ (ના.) મમત.
આસ્થા (ના.) શ્રદ્ધા.
ઉત્કર્ષ (ના.) ચઢતી, ઉદય.
સંકલ્પ (ના.) નિશ્ચય.

પાઠ ૪૦ મો.

પ્રાચી (વિ.) પૂર્વ.
નભ (ના.) આકાશ.
રક્ત (વિ.) રાતું
અતિશે (વિ.) વધારે.
વિતર્ક (ના.) બહુદોડાવેલી કલ્પના.
ખવાસ (ના.) રાજાની ચાકરી કરનાર નોકર.
ડમાક (ના) ભપકો.
આદર્શ (ના) પ્રતિબિંબ.
તાતો (ફૂ.) તપેલો.
મહી (ના.) પૃથ્વી.
મૃન્મય (વિ.) માટીનું બનેલું.
લગ્ન (ના) લેહે, ધ્યાન.
અંગીઠું (ના.) ધાતુ ગાળવાનું કુંડું.
ભાનુ (ના.) રવિ.
ચમૂ (ના.) સૈન્ય.
મિન્યુટ (ના.) મિનિટ

કવિતાની સમજુતી.

અર્થ—પૂર્વ દિશામાં આકાશ રાતું દેખાય છે તેથી એ જગા ઘણી સોભાયમાન દેખાય છે અને જાણે કે મોટા પ્રતાપી રાજાનાં લગ્ન હોય અને તેથી આજે આનંદનો ગુલાલ ઉડતો હોય તેમ જણાય છે.—૧

આકાશની રતાશ જોઇને કવિ કલ્પના કરી કહેછે કે સૂર્ય દેવની સ્વારી ઘણી ઝડપથી દોડતી આવેછે તેથી આ રાતી ધૂળ ઘણી ઉડે છે--૨

પૃથ્વી અને આકાશ મળી જવાથી એની વચ્ચેનો સાંધો (ક્ષીતિજ) જણાય છે તથા તેથી તૃષ્ણાનો છેડો આંવ્યો એમ ગણાય છે અને એ ક્ષીતિજ છેક પાસે જણાય છે છતાં એનો પાર આવતો નથી એને નજીકથી જોવા જનાર માણસ છેતરાય છે – ૩

જેમ અજાણ્યા માણસો રાજાના ખાસ હજુરી નોકરનો ભપકો જોઇ તેને રાજા જાણીને નમે છે તેમ સૂર્યના પ્રતિબીંબનું તેજ પડ્યું તે દેખીને અણ સમજુ માણસો એજ સૂર્ય દેવ છે એ જાણે છે--૪.

ઉદીયાચળ પર્વતપર રાતું આકાશ છે તે અને હવામાં જે સૂર્યનું પ્રતિબિંબ છે તે બંને જાણે રૂડી લાલ જાજમ પાથરીને તેના ઉપર એક સિંહાસન લાવીને મૂકયું હોય એમ જણાય છે—૫

જેમ મોટો કેસરિ સિંહ કુદકો મારીને ઉઠે તેવી રીતે કુદીને સૂર્યનારાયણ આવ્યા તેના બિંબમાં પ્રતિબિંબ મળી જાય છે અને પ્રતિબિંબનો નાશ થવાથી એક રૂપ થાય છે—૬.

જેવો પ્રતિબિંબમાં સૂર્યનું બિંબ મળી ગયું એટલે જાણે કે સિંહાસનપર રાજા બેઠો હોય એમ જણાય છે, અને રણસંગ્રામમાં લશ્કર મોકલવામાં આવેછે તેમ દશે દિશામાં પોતાનાં કિરણોરૂપી લશ્કરને મોકલ્યું—૭.

જાણે ક્રોધથી તપી ગયો હોય તેવો સૂર્યદેવ રાતા રંગના જણાય છે અને આ લોકનું અંધેર મટાડવાને તથા લોકોનું પાલન કરવા માટે પ્રતાપી રાજા આવ્યા હોય એમ જણાય છે—૮.

તેમને જોઇને માણસો હૃદયમાં હેત લાવી નમન કરે અને જય જય એમ બોલે અને જેમ ગુરૂને પ્રભુ બરાબર ગણે છે તેમજ સૂર્યદેવને પણ પોતાના ઇષ્ટ દેવ ગણેછે—૯

જાણે કે આ પૃથ્વી તે માટીનું કોડીયું હોય અને મહાસાગરનું પાણી તે દીવેલ ભર્યું હોય તેમાં ધ્યાન સ્વરૂપી દીવાસળી લાગવાથી સૂર્યરૂપી દીવાની જોત બળતી હોય એમ જણાય છે—૧૦.

જો દુર્બીનમાંથી સૂર્યને જોઇએ તો જાણે બળતા અંગારાનું કુંડું ધીકતું હોય તેમ જણાય છે અગર તોપના ગોળાને કીનખાબના પાટા વીંટયા હોય એમ જણાય છે—૧૧.

પૃથ્વીથી એ બાર લાખ ગણો મોટો છે તોપણ સૂર્ય છેક નાનો જણાય છે તે જોઇને એવું અનુમાન થાય છે કે મોટા માણસો કદાપિ પોતાની મોટાઈ જણાવતા નથી—૧૨.

સૂર્ય નવ કરોડ મૈલ છેટે છે તોપણ તેનું તેજ બધે ફેલાય છે. તેમ જે રાજાને ઇશ્વર પૂરેપૂરી મોટાઈ આપે તે રાજાનું રાજ્ય બધે ફેલાય—૧૩.

જેમ પરદેશમાં બીજા દેશના રાજાનું માન હોતું નથી તેમ એ પૃથ્વી કરતાં ત્રણ લાખ ગણો વજનમાં ભારે છતાં તે એક નાના ગોળા જેવડો દેખાય છે, તેને બુદ્ધિમાન પુરૂષો જાણેછે અને અણસમજુને એ વાતનું ભાન પણ હોતું નથી—૧૪.

સૂર્યની આડું હવાનું પડ છે તે થોડી વારમાં નાશ થવાનું છે. ત્યાંસુધી જાણે ભવાયો પડદામાં રહીને નાચ કરતો હોય એવો દેખાવ જોઇને મનને આનંદ થાયછે.—૧૫.

જેમ સેનાપતિ સેનાને ઝડપથી ચલાવે છે તેમ સૂર્યનો પ્રકાશ ઘણો ઝપાટા બંધ પૃથ્વી તરફ આવેછે તે એક મિનિટમાં એટલા બધા મૈલ ચાલે છે કે જેની ગણતરી એક લાખને છયાસી હજાર મૈલ થાય છે—૧૬.

પાઠ ૪૧ મો.

પ્રવેશ (અ.) દાખલ.

કુરાન (ના.) મુસલમાનોનું ધર્મ પુસ્તક.

ભવ્ય (વિ.) વિશાળ, શોભાયમાન.

સંગેમરમર (ના.) આરસના જેવો એક જાતનો ચળકતો પત્થર.

રોનકદાર (વિ.) ભપકાદાર.

દોષરહિત (વિ.) ખામી-વગરનું.

સંપૂર્ણપણું (ના.) પૂર્ણતા.

સમર્થ (વિ.) જોઇએતેવા, જોરાવર.

અવર્ણનીય (વિ.) જેનું વર્ણનથઈ શકેનહિ તેવું.

સિતાબ (ના.) એક જાતનાં ઝાડ.
તબક (ના.) માળ, મજલો. [શ્રેષ્ઠ.
અત્યુત્તમ (વિ.) ઘણોજ
સ્ફટિક (ના.) એક જાતના મણિ. [ણીબત્તી.
રોશની (ના.) પ્રકાશ, ઘ-
સુવર્ણમય (વિ.) સોનેરી.
ચંદની રાત (ના.) અજવાળી રાત્ર.
સંસ્કાર (ના.) છાપ.
ભિન્નતા (ના. જુદાપણું.
તલ્લીન (ના.) તેમાંજ ડુએલી. [વાળો.
હિમમય (વિ.) બરફ

પાઠ ૪૨ મો.

કરકસર (ના.) સંભાળીને ખરચ કરવો તે.
થાપણ (ના.) મુડી.
બહોળા હાથે (ના.) છૂટથી. [કત વગર.
સહી સલામત (અ.) હર-
જોખમ (ના.) નુકશાન.

પાઠ ૪૩ મો.

ટપ્પા (ના.) મુસાફરી કરવાની ગાડીઓ.
ખામી (ના.) ખોડ, ઉણપ.
અણધારી (વિ.) નધારેલી.
આફત (ના.) સંકટ.
વિધિ (ના.) ક્રિયા.
સ્પેસિઅલ (વિ.) ખાસજુદી ગાડી.
અધવડ (ના.) હરકત.
દબાવવા (કૃ.) દમ ભરાવવા.
જામી (ક્રિ.) સળગી.
વાગબાણ (ના.) બોલરૂપી તીર.
અખત્યાર (ના.) સત્તા.
શીરસ્તેદાર (ના.) મુખ્ય કારકુન.

પાઠ ૪૪ મો.

ગુજારે (ક્રિ.) દુઃખ પાડે.
શિરે (ના.) માથા ઉપર.
અંતરે (ના.) મનમાં.
કાજી (ના.) ન્યાય કરનાર
ઉન્મત્ત (વિ.) પરવાવગરનો.
સ્વાનંદ (ના.) આત્માના આનંદમાં.
પરાઈ (વિ.) પારકી.
પ્રારબ્ધ (ના.) નશીબ.
બાજીગરી (ના.) ચાલાકી કરનારના ખેલ.
છલ્બલ્ (ના.) કુડકપટ, દગો ફટકો.
ગ્રીવામાં (ના.) કંઠમાં.
પ્રાવૃષ (ના.) વર્ષા.
પરવરી (કૃ.) વહી. [પણ.
કિશોર વય (ના.) બાળ-
પળી (ક્રિ.) જતું રહેતું,
કર્તવ્ય (ના.) ફરજ.
સમર (ક્રિ.) યાદકર.
સ્વામ (ના) પ્રભુ.
ખટકી (કૃ) ચોટી, પેશી.
સુભગ (ના.) કલ્યાણ.
વમળ (ના.) ગુંચવાડા પીડા.
વામ (ક્રિ.) હોમી દે.
મામ (ના.) મમતા.

કવિતાની સમજુતી.

(૧)

અર્થ—ઇશ્વર તારા ઉપર જે આફતો નાંખે તે તું સહન કરજે એ વ્હાલા પ્રભુને જે ગમ્યું વહાલું લાગ્યું, તેને તું વહાલું માનજે.—૧

જો કે આ દુનિયાના બોલવામાં જુઠાપણું છે અને દુનિયામાં અત્યંત દુઃખો છે પણ તારા મનનો આનંદ જરાપણ ઓછો થવા દઇશ નહિ.—૨

કચેરીમાં (કાજીનો) ન્યાય કરનારની કોડીની પણ કિંમત નથી. માટે તું દુનિયાનો ન્યાય કરનાર થઇને ફોકટનું દુઃખ માથે વહોરી લઇશ નહિ.—૩

આ દુનિયા કાચના યંત્ર જેવી છે તેમાં ખરી વસ્તુ દેખાતી નથી, માટે સારા કે નરતા કોઇની સોબતમાં જરાપણ રહીશ નહિ.—૪

હમેશાં ચોખ્ખા દિલથી શાંતિ અને સંતોષમાં રહેજે અને મનમાં જે કંઈ હર્ષ કે શોક હોય તે કોઇને કહીશ નહિ—૫.

મનમાં ગુસ્સારૂપી શત્રુનો વાસ છે તેને તરતજ કાઢી મૂકજે અને જે ઘડી ભલાઈ કરવામાં જાય તેને મહાલક્ષ્મી બરાબર માનજે—૬.

તું હમેશાં કોઈની દરકાર રાખ્યા વગર આત્માના આનંદમાં રહેજે એજ ખરૂં સુખ છે એમ માન, અને જો પીવાય તો પ્રભુ પ્રેમ રૂપી પ્યાલો ભરીને પી—૭.

કોઈના કડવા શબ્દો સાંભળે તોપણ તેને તું મીઠા શબ્દોજ કહેજે પણ પારકી મૂર્ખતા માટે તું કડવી વાણીરૂપી ઝેર મુખપર લેતો ના.—૮

અરે નશિબ તો એવું ગાંડું છે કે જો આપણે માગીએ તો તે આપણાથી દૂર ને દૂર નાસે છે અને માગીએ નહિ તો એ દોડતું આપણી પાસે આવે છે, માટે એને ભરોસે કદિપણ રહેવું નહિ—૯.

તું મોહ વગરનો રહી શાંતિમાં રહે એ મોટામાં મોટું સુખ છે તેથી જગતનાં કાર્ય ગારૂડીના ખેલ જેવાં ખોટાં છે માટે બધી જાતના છળ કપટ છોડી દે—૧૦

ઇશ્વરના નામરૂપી ફુલોને ગુંથીને પ્રભુ ગુણની કવિતારૂપ હાર બનાવી હેત વડે પ્રભુને વહાલા એવા તારા કંઠમાં પહેરાવજે મતલબ કે મુખે ઇશ્વર ગુણ ગાયા કરજે—૧૧.

તું કવિરાજ થયો પછી તને શું દુઃખ છે. બાલાશંકર કહે છે કે નિજાનંદની મસ્તીમાં તું મોજ ભોગવજે—૧૨.

૨

વસંત રૂતુ ગઈ વળી ચોમાસું પણ વહીજશે. તેમ તારૂં બાળપણ ગયું અને ખરી જુવાની પણ વહીજવા આવી પણ તને તારી એક ખરી ફરજ

છે તે દેખાયછે કે નથી દેખાતી ! તારા માથાઉપર એક લાંબી મુસાફરી (મોતની) કરવાની બાકી છે માટે હીંમત રાખ અને પ્રભુનું સ્મરણ કર—૧.

ગયા વખતની એટલે અગાઉની ઉત્પન્ન થએલી આદત હેત અને આશાઓ નડે, અને તે ઘણા વખતની જુની થએલી જડો રૂપી આદતો ઉખડેવા—કહાડવા પ્રયત્ન કરીએ તોપણ તે ઊલટી વધારે ઊંડી ઊંડી પેશીને મજબૂત થતી જાય તારાથી શાંતિવાળી ફરજ કે આગળનું કલ્યાણ જણાતું નથી ! તારે માથે મોતરૂપી લાંબી મુસાફરી કરવાની બાકીછે માટે બધી હરકતોને હોમી દઈ દરકરી તેથી નડરતાં પ્રભુનું સ્મરણ કર—૨.

મુર્ખતા, છોકરાં છૈયાં અને આગળનાં કરેલાં પાપો જે મનમાં વાસ કરીને રહેલાં છે તે નડે અને આપણા સુકાર્યમાં વારે ઘડીએ હરકતો કરીને ફટદઇને હસે. પણ ચોખ્ખું પવિત્રતા વાળું કામ શું આપણને નવું જોર નહિ આપે ? તારે માથે મોતરૂપી લાંબી મુસાફરી કરવાની બાકી છે માટે મમતા છોડી દઇને પ્રભુનું સ્મરણ કર—૩.

પાઠ ૪૫ મો.

નિવારણ (ના.) મટાડવાનો ઉપાય.

ઇતિ (ના.) દુ:ખના વખત.

અતિવૃષ્ટિ (ના) ઘણોજ વરસાદ.

અનાવૃષ્ટિ (ના.) વરસાદ ન વરસે તે.

શુક (ના.) પોપટ, પક્ષીઓ.

અનિષ્ટ (વિ.) નઠારાં.

પરિણામો (ના.) ફળો.

વેરાન (વિ.) ઉજડ, મેદાન જેવાં.

કવચિત્ (અ.) કોઈ વખત.

વિગ્રહ (ના.) લઢાઈ

હાનિકારક (ના.) નુકશાન કર્તા.

હૃદયવેધક (વિ.) છાતી ફાટે એવાં.

તંગી (ના.) તાણ, ખેંચ.

અણીને (ના.) કટાકટી, આખર.

પુષ્ટિ (ના.) મત, મળતાપણું, ટેકો.

મુકત (વિ.) બચેલા.

ભવિષ્ય (ના.) આવતો વખત.

યોજ્યા (ક્રિ.) કામે લગાડ્યા.

કમકમાટ (ના.) કંપારી.

પાઠ ૪૬ મો.

ધોરણ (ના.) નિયમ.

વહેવાર (ના.) કામકાજ.

અનુભવ (ના.) માહિતી.

ઢંગ (ના.) નિયમ, સુઘડતાને કુશળતા.

ધડો (ના.) નિયમ, બોધ, દ્રઢતા અને નિશ્ચય.

દીસીઆવે (ક્રિ.) દેખાય.

આહાર વિહાર(ના.) ખાવુંને મોજમાણવી.[વાળું

દીર્ઘદ્રષ્ટિનું (ના.) વિચાર

અગમચેતિ (ના.) આગળથી સમજવું.
જમાવ્યાં (ક્રિ.) વધાર્યાં.

પાઠ ૪૭ મો.

પ્રાબલ્ય (ના.) બળ, જોર.
જામદારખાનું (ના.) ખજાનો, ભંડાર, ત્રીજોરી.
કાબુમાં (ના.) કબજામાં.
ઉગ્ર (વિ) જુસ્સાવાળા.
સૈનિકો (ના.) લડવૈયા.
હરીફ (ના.) શત્રુ.
વાસ્તવિક (વિ.) ખરો.
સહેમાં (ના.) ધાકમાં.
સાંપ્રત (અ.) હાલના.
અનુકરણ (ના.) નકલ, એકના જેવું બીજું કરવું તે.

પાઠ ૪૮ મો.

જરૂર આતી(ના.)ખપની
સમશાન (ના.) મુડદાં બાળવાની જગ્યા.
કારમો (વિ.) ચમત્કારીક.
કાય (ના.) શરીર.
ઝાંખ (ક્રિ.) જો.
પાજી (વિ.) કંજુસ.
રણક્ષેત્ર (ના.) લડાઇનું ઠેકાણું.
જામ (ના.) પહોર.
ઠોર (ના.) ઠેકાણે.
અગમ (ના.) ભવિષ્ય.
સહી (અ.) નક્કી.
નોક (ના.) ટેક, વટ, આબરૂ.
જામીઆં (કૃ.) વધ્યાં.
ખરાબે (ના.) કુસંગતે, અનિતિને રસ્તે.
અરણુવે (ના.) સમુદ્રમાં.
દામ (ના.) પૈસો.

કવિતાની સમજુતી.

અર્થ—હે ભાઈ આ જીવતર સાચું અને ઉપયોગનું છે અને મરીને સ્મશાનમાં જવું એ છેવટનું ઠેકાણું નથી એમ સમજ. આ જીવ અને શરીરનો જે ચમત્કારિક રીતે થએલો સંબંધ છે, એકજ ઠેકાણે કાયમનો રહેલો છે એમ માનીશ નહિ પણ હે માટી (માસ હાડકાં વગેરે) ના બનેલાં માણસ તારૂં શરીર આખરે નાશ પામી માટીમાં મળી જશે અને પછવાડે અહીંઆં શરીરની શીહાલત થશે એ આ શરીરમાંથી જીવ છુટો પડીને ગયા પછી જાણતો પણ નથી—૧.

આ જગતમાં અવતાર ધરીને બહુ મઝા ભોગવવી અગર મનમાં રીસ કરવી એમાંનું અહીં કાંય કામનું નથી એમ પોતે જાણો અને બહુ હેતથી રોજના નિયમપ્રમાણે આજના કરતાં કાલે વધારો થાય એમ દિનપર દિન વધારો થાય એવો ઉદ્યમ કરવાને કામની સારી શરૂઆત કરો એમ કરવામાં જે વાંદરાં જેવા હોય તેજ નઠારા વહેમ લાવીને ઉદ્યમ કરે નહિ.—૨

બારીક નજરથી કાળની પાંખનો ઝપાટો તપાસી જો તેની ઝડપ આગળ વીજળીનો વેગપણ હારી જાય માટે કાળ આવતા પહેલાં હે ભાઈ આ વખતમાં હુન્નરો ઘણા છે તે પૈકી જે શીખવામાં સારી રીત હોય તેની સેવ-ાકર અને ઈશ્વર ઉપર ભાવ ધરી મનમાં હીંમત રાખી સાચા ઉદ્યોગમાં રાજી થા અને બહાદુર અને બળવાન બની ધર્મને ચુકીશ નહિ અને તું મરણના ભયને લીધે કંજુસ થઈશ નહિ—૩.

જગતરૂપી લઢાઇના ઠેકાણાને આંખો વડે જોઈ ભાવથી જરા વારમાં નાશ પામે એમ જાણ. અને આ જગત બે પહોર એટલે થોડા વખતનું ઠેકાણું છે અને ઝાંખુ છે એવું જાણ, દાનથી દેવોપણ મોક્ષ આપે છે, માટે નામ અમર થાય એવાં હીંમતનાં કામ કર. આઠેકાણે જેમ ઢોર મારને વશ થઇને ચાલેછે તેમ તું પ્રભુને પ્રતાપે થા નહિ—૪.

ભવિષ્ય અથવા નશીબના ભરોસે ન રહેતાં નક્કી સારૂંજ થશે એમ જાણી તેનાથી દૂર રહે અને જે વાત બની ગઈ તે ભલે થઈ એમ જાણીને ઉદાસ થઇને તે વાત્ત મનમાં લાવીશ નહિ હાલનો સમય સૌથી સારો છે એમ જાણીને બધા દુર્ગુણ છોડી દઇને ઉદ્યમ કર, અને મનમાં પ્રભુને રાખીને નમ્રતા બતાવીને તરત તાકીને હીમતથી કામ કર—૫.

મોટામોટા માણસોનું જીવતર સારૂ એમ સંભારી સંભારીને લોકો બોલે ખરા પણ એમાંના લોકોની ટેક એક તરણાની બરોબર પણ કયાં હતી એવા માણસો પણ પ્રખ્યાત થયા અને જેમનાં જોર ઘણાંજ વધ્યાં. આપણે પણ આ સંસારમાં સારી આબરૂ વધે મનથી એમ ઇચ્છા રાખીએ તો નક્કી તેમ થાયજ—૬.

આપણી બધી ઇચ્છાઓને તજીને એવાં કામ કરો કે જેથી આપણાં નામ નિશાન રહે અને આપણો દાખલો જોઇને તેથી આ સંસાર રૂપી સમુદ્રમાં જીંદગી રૂપી વહાણ ફેરવતાં જેનું વહાણ અનીતિ રૂપી ખરાબે ચઢીને નાશ પામે અને જીવ પોતાની પાસે કંઈ ન રહેવાથી સંસારમાં એકલો તરફડીઆં મારતો હોય તેવો માણસ મનથી હીંમત રાખે—૭.

મનમાં પ્રેમ અને હીંમત રાખી ચાલ તૈયાર થા અને કામને હાથમાં લે પછી આળસ છોડી દઇને બહુ પ્રેમથી તેની પછાડી મંડયો રહીને ચંચળ-તાથી જાળમાં જેમ માછલાં પકડે તેમ કામને હાથપર કરી લે. અને

ધીરજ રાખીને અદ્દભૂત કામો કર અને કામ કરવામાં કદીપણ પાછો પડીશ નહિ અને કામ પૂરૂં થયા પછીજ પૈસા-ફળ મળવાની રાહ જો આમ કરીશ તો પ્રભુ સેહેજમાં આપી રહેશે—૮.

અરે ઓ માણસ મારૂં કહેલું મનપર લઈ આ સારા નવે છંદ ગાઈ ગોખીને ગુણવાન થા અને એમાં જે વાત કહી તે ધ્યાન રાખીને ગ્રહણ કર અને મનમાં ખરા વિચાર લાવ નહિ આ ગરીબ રણછોડ કવિની અરજ વાંચીને તરત ઝડપથી એનો તોલ કર, અને જો મનના ખરા સુખની ઇચ્છા રાખતો હોય તો ભક્તિ ભાવથી પ્રભુનો દાસ થઇને એની સેવા કર—૯.

પાઠ ૪૯ મો.

શ્રીમંત (વિ.) ધનવાન.
સ્પષ્ટ (વિ.) ખુલ્લો.
કોમળ (વિ.) નરમ, પોચું, લાગણીવાળું.
પરાયણ (અ.) પ્રવૃત્ત, તત્પર. [સારવાર.
માવજત (ના) બરદાસ્ત,
પ્રવીણ (વિ.) હુશીઆર, જાણીતી. [કેળવણી.
તાલીમ (ના.) અભ્યાસ,
સજ (ના.) તૈયાર.
ચકચૂર (વિ.) ભરપૂર, પૂરેપૂરાં.
ગેરવ્યવસ્થા (ના.) બંદોબસ્તની ખામી.
વૃત્તાંત (ના.) હકીકત.
ભગીરથ(વિ.)મહાભારત
વિરામ (ના.) આરામ, વિશ્રામ.
દુર્દશા (ના.) નઠારી હાલત, દુઃખ. [વખત.
અવકાશ (ના.) જોગ,
દરકાર (ના.) કાળજી.
અતિશ્રમ (ના.) ઘણી મહેનત.
વિઘ્ન (ના.) અડચણો.
અનિષ્ટ (વિ.) ખરાબ.
ત્યાગી (વિ.) પોતાના સ્વાર્થને તજનારી.

પાઠ ૫૦ મો.

જામી (કૃ.) વધી, ફેલાઈ
ઉપરાજ્યો (ના.) નાનાં રાજ્યો.
પરોક્ષ (વિ.) ગુપ્ત.
આશ્રય (ના.) મદદ.
ત્રાહેત્રાહે(અ.)તોબાતોબા.
સહાયતા (ના.) મદદ.
વિકરાળ (વિ.) બિહામણા.
ત્રાસદાયક (વિ.) દુઃખ દેનાર.
નિમિત્ત (ના.) બહાનું.
માતબર (વિ.) પૈસાદાર.
તકસાંધી=લાગ જોઈ.
કાલી (ના.) એ નામની દેવી. [પૂર્ણ કરતા.
ઉજવતા (કૃ.) વિધિયુક્ત
ઉત્સવ (ના.) તહેવાર.
આરાધતા (કૃ.) પુજા કરતા.

પાઠ ૫૧ મો.

રત્નાકર (ના.) મહાસાગર
ઉદધિ (ના.) સમુદ્ર, સાગર.
મૌક્તિકો (ના.) મોતી.
વૃથા (અ.) ફોકટ.
ચિંતાશીલ (વિ.) ફીકરમંદ.

ક્રોધોન્મત્ત (વિ.) ક્રોધથી ગાંડો થએલો..	રમ્ય (વિ.) સુંદર.	સદીસા (અ.) આંગળથી
વારિ (ના.) પાણી.	નંદન (ના.) ઈંદ્રનુંવન.	ધ્રુવ (ના.) ખરો માર્ગ.
હૈમ ભવનો (નો.) સુવર્ણ મંદિરો.	વિક્રમી (વિ.) પરાક્રમી.	હોકો (ના.) દિશા બતાવનારૂં યંત્ર, સદ્ગુરૂ
પ્રાસાદો (ના.) મહેલો.	પ્રિયતમા(ના)વહાલી સ્ત્રી	ટંડેલ (ના.) વહાણનો માલિક.
	કાંતા (ના.) રૂપાળી.	
	લક્ષી (કૃ.) ધારીને.	

કવિતાની સમજુતી.

અર્થ—હે સાગર! તારી રત્નની ગુફાઓમાં તું શું રાખેછે? તું મણિ જેવી ઘણી તેજસ્વી શક્તિઓ અને મોતિ આપેછે પણ એ સૌ જે દિવસે ચળકે છે અને નકામાજ દીપે છે તેની કાંઈ ગણતી નથી તેને હે ચિંતાયુક્ત સમુદ્ર તારી પાસેજ રાખી મૂક. અમે એ માગતા નથી—૧.

અરે? તારી પાસે બહુ ધન અને ઘણી મોઘી કીંમતનાં રત્નો ભરેલાં છે. તે તારા પાણીને તળીએ શાંતિમાં રહેછે અને ત્યાંથી ઘણા શોભે છે. વળી હજારો વહાણોના ચૂરેચૂરા કરી તેમાંની લક્ષ્મી તારી ગુફાઓ રાખેછે. હે ક્રોધથી ગાંડા થયેલા સમુદ્ર એ બધું તારૂં તારી પાસેજ રાખી મૂક એને જમીન માગતી નથી—૨.

તોપણ હજી તારા તળીઆમાં બહુ ભંડાર છે વળી તારૂં પાણી મોટાં પૂર રૂપે અગર મોટાં મોટાં નગરોમાં ફરીને મોટા મોટા સુવર્ણ મહેલો રેતીથી ભરી દીધા છે. જ્યાં મોટી મોટી નંદનવનના જેવી સુંદર જગાઓ અને સુશોભિત મહેલો હતા અને તેમાં સુંદર ક્રીડા થતી હતી ત્યાં હાલ કંઈ નામનિશાન પણ નથી. અરેરે હે સમુદ્ર! તેના ઉપર માત્ર નાશ થવાને વાસ્તેજ માણસો દોડેછે.—૩

હજીપણ તળીએ અને મોજાંઓમાં ઘણો ભંડાર ભરેલો છે. તેં તારા પાણીમાં બહુ શૂરવીરો અને ડાહ્યા અને સારાસારા માણસો ભર્યા છે તેઓ તારી ગર્જના અને લડાઈના હોકારા બીલકુલ સાંભળતા નથી. હે ભયંકર મશાણ જેવા સમુદ્ર? ધન તું રાખ પણ એ બધા શૂરવીરો અને સજ્જનો અમને પાછા આપ.—૪

તેં જે જમીન ઉપરથી લૂટી લીધાં છે, જેને સંબંધી જનો રાતદિવસ રડીરડીને યાદ કરે છે અને તેમનું હેત ઘડી પણ ભૂલતા નથી એવા લઈ લીધેલા પરાક્રમી પુરૂષો અને સુંદર રૂપાળી સ્ત્રીઓ એ બધાંને પાછાં આપ. એ બધાં અને દટાએલા દ્વીપો અને બુરજો છે એ બધું તારૂં નથી.—૬.

વહાલી સ્ત્રીઓના વહાલામાં વહાલા એવા કંઈ સ્વામિઓને તેં લુંટી લીધા છે, વળી આશા ભરેલા જુવાન પુરૂષોની વહાલી સ્ત્રીઓને તેં તાકીને ખેંચી લીધી છે. તો હે સમુદ્ર! મારૂં આટલું કહેલું તો તારે સાંભળવું પડે છે કે એ બધાં મરી ગએલાંને તું પાછાં આપ. હે સમુદ્ર? તે મહા મોંઘા પુરૂષોને જમીન પાછાં લેશે, માટે એ બધાં મરી ગયેલાને પાછા આપ.—૬.

(૨)

હે ભાઈ આ કાયારૂપી વહાણ તોફાનમાં સપડાયું છે અને હાથમાં ઈલાજ રહ્યો નથી. તે તારા ઉપાયો બચવામાટે બહુ કામે લગાડયા પણ રાત પડી ગઈ એટલે અસુરૂં થઈ ગયું. અને ગરમીમાપક યંત્રમાં પારો નીચે ઉતરવા માંડયો ત્યારે પ્રથમથીજ જાણ્યું કે વહાણ તોફાને સપડાયું છે તેને બચાવવાને ઘણી મેહેનત કરી પણ લગારે ફાવ્યો નહિ કારણ કે રોગરૂપી વાદળે સજ્જડ ઘેરી લીધું છે—૧.

વહાણના શઢો એટલે શરીરના અવયવો ફાટીને ચીથરાં થઈ કયાં કયાં ઉડીગયા એટલે કમજોર થઈ સ્થીર થઈ ચલન વલન બંધ પડી ગયું. મહા ખરાબ વંટોળ છુટયો એટલે મરવાવખત જે શ્વાસ ચાલે છે તે ચાલવા માંડ્યો હવે તે માણસશીરીતે ખરા કરે એટલે બચે. એ તોફાનમાં વહાણ ડોલમ ડોલા થઇને અંદર પાણી ભરાવા લાગ્યું છે એવામાં જે સુકાન (શુદ્ધિ) ભાગ્યું એટલે ચકડોલે ચઢ્યું મળમૂત્ર રૂપી અથવા પૂણ્ય કરવા રૂપી બહુ માલ નાખી દીધો તોપણ એ પૂરેપૂરૂં તરે નહિ અને ઘણા ખલાસી લોકો તણાયા તો પછી ઉતારૂ કેમ કરીને ઉગરે, અંધકારને લીધે રસ્તો સુજે નહિ અને રસ્તો દેખાડનાર સદ્‌ગુરૂપણ દેખાય નહિ એવી વેળાએ વહાણને ચલાવનાર જીવરૂપી ટંડેલ ઉભો રહીને જુએ છે કે હું કયારે અને કયાં ડૂબું છું—૩.

જેમ કોઈ કેફીએ નીશો કર્યો અને જેમ શુદ્ધિ રહેતી નથી તેવી રીતે થાકથી ટંડેલ બેભાન થઇને ધીમે ધીમે શ્વાસ કાઢવા માંડ્યો પછી લાલશંકર

ટ ડેલનું વહાણુ ખરાબે ચડવાથી ભાગી ગયું અને તેમનો વારસ નર્મદાશંકર રડીને રહ્યો તેની પાસે ખાલી ખોખું પણ રહ્યું નહિ—૪.

પાઠ ૫૨ મો.

અર્વાચીન (અ.) હાલની.
નૌકાબળ (ના.) દરિયાઈ બળ. [આગબોટો.
મનવારો (ના.) લડાઈની
બચાવ (ના.) રક્ષણ.
અખતરો (ના.) પ્રયોગ.
તરી (ના.) જળની.
ટોર્પિડો (ના.) ડુબતી મનવારો.
અરમાર (ના.) લડાઈની મોટી આગબોટ.
હેરત (ના.) અજબ, તાજુબ.
અકસ્માત (અ.) ઓચિંતિ
અદૃશ્ય (વિ.) ગુપ્ત.
શસ્ત્રવૈદ (ના.) વઢાડકાપ કરનાર ડાક્ટર.

પાઠ ૫૩ મો.

પ્રભુતા (ના.) મોટાઈ.
મજરો (ના.) નમન.
હરીલે (ક્રિ.) લઇલે.
કર (ના.) હાથ.
વાવરો ક્રિ.) કામે લગાડો
વણસે (ક્રિ.) બગડશે.
નરધારી (અ.) નક્કી કરેલી.
મેદની (ના.) પૃથ્વી.
ઘડી (ક્રિ.) બનાવી.
ઘડી (ના.) વખત.
ટળી (કૃ.) નાશ પામી.
દાહતી (કૃ.) બાળતી.
મળીની (વિ.) મેલી.
નિર્મળી (વિ.) ચોખ્ખી
જણુશે (ના.) સિલકે, જણશમાં.
રંજન (વિ.) ખુશી કરનારા.
તનવંત (વિ.) દેહધારી, શરીરવાળો.
વંદશે (ક્રિ.) નમશે.
નિજનો (સ.) પોતાનો.
હજારવસા (ના.) ઘણું કરીને.
કહેણ (ના.) વચન.
સમાપર (અ.) વખત આવ્યે.
મદોન્મત (વિ.) અહંકારથી છકેલા.
પિછાન (ના.) ઓળખાણ
બ્રહ્મ (ના.) ઈશ્વર.
રસાળ (વિ.) રસિક.
પ્રતિપાળ (વિ.) પાલન કરનાર.

કવિતાની સમજુતી.

(૧)

અર્થ—હે જગતની બનાવટના બનાવનાર સ્વામિ, હે દયાળુ પ્રભુ તમે અમારા ઉપર ઘણી દયા કરો, તમે તમારી મોટાઈ રાખીને મારૂં નમન અથવા અરજ કબુલ કરી મારો જે કાંઈ રોગ છે તેને મટાડી દે—૧.

મને સુખી બનાવવા માટે તમારા હાથ મારા તરફ લંબાવો જેથી હું સુખી થઇને તમારી સારીરીતે ભક્તિ કરૂં. તારૂં પુજન અને સેવા ન કરવાથી ખરેખર માણસો નક્કી કરેલી ધારણાઓ બગાડશે. પાર પડશે નહિ—૨

હે પ્રભુ જે માણસો આ દુનિયામાં જનમ લેછે તેની બધી પીડાઓ તેં મટાડેલી જણાય છે, તેઓને તેં તારા દીકરાને દીકરી બરાબર ગણ્યા છે અને દુઃખની વખતે તેમનાં દુઃખ મટાડ્યાં છે—૩.

હે ઉપકારી પ્રભુ ! તેં જેજે વખતે જેજે માણસોને ઉત્પન્ન કર્યાં છે તેમના ઉપર તે ઘણાં ઉપકારો કર્યાં છે. હે ગુણવાન પ્રભુ ! તારા ગુણ વાંચીને ગાઇને અમારી જરાએ જરા પીડા નાશ પામી છે—૪.

દરરોજ અમારા અંતઃકરણને બાળતી હતી એવી નઠારી બુદ્ધિ નાશ પામી અને અમને ચોખ્ખી શુદ્ધ બુદ્ધિ મળી. જો કદાપિ કવિ તારા ગુણની કવિતા બનાવીને કહેવા માંડશે તો એના મોટાઢગલે ઢગલા થશે પણ પાર આવશે નહિ—૫.

અમારાથી નખમાં પણ ન ખમાય તે દુઃખો કેટલાક પ્રાણીઓ જીવતાં વેઠે છે. જગતમાં ઠગવાને માટે બધા માણસો ઠગારાની વાતો કરે છે પણ હે જગતના પાળનાર પ્રભુ ! તેઓનાં પાપનો તું નાશ કરે છે—૬.

એક રજકણનો પાર પામવાનું કહી શકીએ પરંતું તારા ગુણનો પાર પામવાને અમારૂં આ ડહાપણ જરાએ આગળ ચાલી શકે એમ નથી. સિલકમાં આ દુનિયામાં ઘણા લોકો ફરે છે તેઓમાં જે નશીબદાર હોય તેજ સારી ઇચ્છાઓ રાખે—૭.

હે સુખના કરનાર પ્રભુ ! માણસો ખુશી થાય એવા ઘણી જાતનાં રંગો બનાવ્યા છે તે તેં માણસોના સુખને માટેજ બનાવ્યા છે. શરીરવાળો થઇને તને જે નમશે નહિ તે માણસ તો વાંદરાની બરોબર ગણાશે—૮.

તને તજી દેવાની વાત જે કોઇ કરશે તેને સૌ આત્મઘાતી ગણશે. તારા ગુણોની ગણતરી કરવાને કોઇ ગણનારો માણસ તૈયાર થશે તો તે તારા ગુણોને ગણતાં ગણતાંજ મરી જશે—૯.

તારા ગુણોને ગણતાં કદી અને છેડો આવે નહિ તો હું ઓછી અક્કલનો દલા[illegible] બનાવીને શું [illegible] [illegible] રહું—૧૦.

(૨)

કદાપિ કોઇ માણુસ અહંકાર કરે તે ઘણું કરીને બહુ હલકો નીચ ગણાય છે. માટે હું ખરૂં વચન કહું છું તે બધા ધ્યાન દઈ સાંભળો કે અહંકાર છોડી દો અને પ્રભુની ભક્તિ કરો—૧.

લંકાનો રાજા રાવણ ઘણો અહંકારી હતો તેનો અહંકાર પણ નરમ પડી ગયો અને વખત આવ્યે બધા માણસો તેના દુશ્મન થયા અને તેથી નક્કી તેના જીવનું નુકસાન થયું માટે અહંકાર છોડી—૨.

વળી દુરજોધન અને કરણ જેવા રાજાઓ જેઓ મહા અહંકારમાં છકેલા હતા અને વળી ગરીબોને દરરોજ સદાવ્રત આપતા હતા તેપણ અહંકારથી મરી ગયા માટે અહંકાર છોડી૦—૩

જેઓ દુનિયામાં લડવૈયામાં પ્રખ્યાત હતા અને તેઓ યુક્તિ પ્રયુક્તિ વડે શત્રુઓના ઉપર ગુસ્સો કરતા હતા એવા બળવાન પુરૂષો તીરકામઠાં મૂકીને મરીગયા માટે અહંકાર છોડી૦—૪.

જેમના માથા ઉપર છત્તરની ઠંડી છાયા થતી અને કંઇપણ કામ કરતાં જરાપણ બીતા નહોતા એવા માણસો પોતે મરી ગયા અને ફક્ત તેમના સારા મોઠા ગુણો લોકોમાં બોલાતા રહ્યા છે માટે અહંકાર છોડી૦—૫

જો માણસ બધાજ સારા ગુણ ધારણ કરે પણ મનમાં જો લગાર પણ અહંકાર રાખે તો જેમ દુધસાકરમાં જરા ઝેર ભળ્યું હોય તેના જેવું થાય માટે અહંકાર છોડી૦—૬.

જો તમે જગતમાં ખરાદિલથી આબરૂ મેળવવાની ઇચ્છા રાખતા હો તો તમે કદિપણ અહંકાર કરશો નહિ, અને તમે જેમ જેમ નરમાશ રાખતા જશો તેમ તેમ તમે ગુણવાન થશો માટે અહંકાર છોડી૦—૭.

જો તમારા મનમાંથી અહંકાર નાશ પામશે તો તમોને ઘણાસારા દોસ્તો મળશે અને પરમેશ્વર પ્રત્યે સાચો પ્રેમ ઉત્પન્ન થઇને તેમના ચરણનું સ્થાન મળશે એટલે પ્રભુ સંબંધી ખરૂં જ્ઞાન થશે માટે અહંકાર છોડી૦—૮.

સર્વ રૈયતે અને રાજાઓએ આ રસવાળા નવ છંદ સાંભળીને વિચારપૂર્વક બધી હકીકત હૃદયમાં ધારણ કરીને પછી એનો તોલ કરો એમ દલપતરામ કવિ કહે છે૦—૯.

પાઠ ૫૪ મો.

ખનીજ (વિ.) ખાણમાં ઉત્પન્ન થતા.
લગતા (અ.) સંબંધ ધરાવતા.
કુદરતી (વિ) ઇશ્વિર કૃત.
વિચિત્રતા (ના.) નવાઈ જેવા બનાવ.
પરિપૂર્ણ (વિ) સંપૂર્ણ.
મુસારો (ના.) રોજ, પગાર
દર (ના.) ધારો, કીંમત.
સ્પર્ધા (ના.) હરિફાઈ.
તોટો (ના.) ખોટ.
પ્રયાસ (ના.) મહેનત.

પાઠ ૫૫ મો.

શિલા (ના.) પત્થર.
જાન્હવી (ના.) ગંગાનદી
શ્રમહર્તા (વિ.) થાક મટાડનાર. [દેવ.
પાર્વતિ પતિ (ના.) મહા-
અંગપંક (ના.) શરીર પરનો કાદવ.
સ્કંધ (ના.) ડાળીઓ.
પ્રજ્વલન (ના.) બળતું, લાહ્ય.
આતુર (વિ.) આશાવાન
આરત (ના.) દુઃખ.
શરભ (ના.) એ નામનું હાથી મારનારૂં પ્રાણી.
પરિભવ (ના.) હાર, પરાજય.
કિન્નરીઓ (ના.) સ્વર્ગની ગાનારી સ્ત્રીઓ
ત્રિપુર વિજય (ના.) ત્રિપુરા સુર સાથેની લઢાઇમાં શંકરે મેલવેલો જય.
શિવવલ્લભ (વિ.) શંકરને વહાલું.
બળિ નિયમન (વિ.) બળિ રાજાને પાતાળમાં દાબનાર.
વામન (ના.) ઇશ્વિરી અવતાર.
ક્રૌંચ (ના.) હિમાલયમાંથી ટીબેટમાં જવાની એક સાંકડી ખીણનું નામછે.
ભૃગુકુળ દીપક (વિ.) પરશુરામ.
વીશભુજ (ના.) રાવણ.
ખખલ્યા (કૃ.) ઢીલા થયા છે.
તુહિન (ના.) બરફ.
વપુ (ના.) શરીર.
શમાવા (ક્રિ.) શાંત કરવા
જનન (ના) ઉત્પન્ન થવું.
ધન્વંતરી (ના.) દેવના વૈદ્ય.

કવિતાની સમજુતી.

(૧)

અર્થ—હે મેઘ! તું જે હિમાલય પર્વત બરફને લીધે સફેદ દેખાયછે, જેની શિલાઉપર કસ્તુરીમૃગના બેસવાને લીધે સુગંધીનો પાસ બેઠેલો છે અને જ્યાંથી ગંગાનદી નીકળે છે ત્યાં જઈ પહોચ. એ થાકનો નાશ કરે એવા શિખર ઉપર જે વખતે તું બેશીશ તે વખતે જાણે શંકરનું વાહન જે

પોઠીઓ શરીર ઉપરનો જાણે કાદવ ઉરાડતો હોય ને જેવી શોભા થઈ રહે તેવી શોભા થશે—૧

હે વરસાદના દેવ! અતિશય પવનને લીધે દેવદારના ઝાડની ડાળીઓના પરસ્પર અથડાવાથી અગ્નિ ઉત્પન્ન થઈ જંગલી ગાયોના પૂછડાના ગુચ્છવડે ફેલાઇને બળતુ કરી દવ લાગી પર્વતને દુઃખ દે તે વખતે તારી અનરગળ વૃષ્ટિની ધારાથી ઓલવવાનું તને ઘટે છે કારણ કે સારા માણસો જે ભંડોળ એકઠું કરી રાખે છે તે દુઃખીઓનાં દુઃખ મટાડવાને વાસ્તેજ એકઠું કરે છે—૨.

શરભ નામનું પ્રાણી હાથીની ભ્રાંતિથી તારાંકાળાં વાદળાંઉપર એકદમ તરાપ મારે છે ત્યારે શરભના શરીરનો નાશ કરવા માટે તું ચપળ હોવાથી ક્રોધ વડે ગગનમાં ઉંચે જતો રહીને તડોતડ અવાજ કરતા કરા રૂપે તેના-ઉપર મારો ચલાવી જાણે ખડખડાટ હસતો હોય એમ લાગે છે. શરભ પ્રાણીની પેઠે વગર સમજણે જે કામની શરૂઆત કરે છે તેમાંના કોણ નિષ્ફળ નથી થયા બધાજ હાર્યા છે.—૩.

વેણુંઓમાં પવનના સુસ્વાટા અથડાવાથી એક જાતનો મીઠો સુર થાયછે તેની સાથે ગાંધર્વ લોકોની સ્ત્રીઓ કોયલના જેવા મધુર સ્વરથી પ્રેમપૂર્વક શંકરે ત્રિપુરા દૈત્ય ઉપર મેળવેલા યશનું ગાન ગાયછે તે વખતે તું પખાજના જેવા અવાજથી ગુફાઓની અંદર ગાજે છે ત્યારે સંગિતમાં જોઇતા પૂરે પૂરા સાહિત્યવડે મહાદેવજીને વહાલું એવું ગાયન થતું હોય એમ લાગે છે—૪.

હિમાલય અને તેની તળેટી વગેરે પ્રદેશમાં જેજે કંઈ વધારે હોય તે જોઇને પછી બળી રાજાને પાતાળમાં ચાંપનાર વામનજીના કાળા જાડાને લાંબા પગના જેવા સુંદર આકારનો બનીને ટીબેટમાં જવાની સાંકડી ખીણ કે જેમાં થઇને દરવર્ષે હંસની સવારી આવે છે ને જાય છે અને જે પરશુરામે એકવીશવાર પૃથ્વી નક્ષત્રી કરવાના બળનું વરદાન મેળવવાનો એજ ખરો રસ્તો છે અને જે ક્રૌંચની બારીના નામે ઓળખાય છે તેમાં તું પેશ—૫

એ બારીમાથી પાર નીકળીને ઉંચે ઉંચે ઉત્તર તરફ જા અને શ્રી કૈલાસ કે જે શંકરનું નિવાસ સ્થાન છે ત્યાં જઇને હેતથી તું તેમનો વહાલો માનીતો મહેમાન થા. જો તને શ્રીશંકર તેડેછે. જો રાવણે કૈલાસની

નીચે હાથ ઘાલીને ઉપાડવાને કરેલી મહેનતથી જેના સાંધા ઢીલા થતાથી ડગમગ ડોલતો-થરથર કંપતા કૈલાસ શીખરની કેવી શોભા જણાય છે—૯.

(૨)

હે પર્વતોમાં શ્રેષ્ટ હિમાલય તારી ઘણીજ શોભા છે અને તારા ઉપર હજારો વખત વારી જાઉ હે મિત્ર તારૂં પરાક્રમ હું શું કરૂં ! કાળરૂપી મહા ઝેરી શેષ નાગ તેના માથા ઉપર પૃથ્વી શોભે છે તેની પણ ઉપર તું રહેલો છે હે ગિરીવર—૧.

ગગનરૂપી ઝરૂખામાંથી ચાંદની રૂપી સ્ત્રી ખુશી થઇને તને નીરખે છે હે ગિરિવર—૨.

તારાં આધિ વ્યાધિ અને ઉપાધિરૂપ પાર વગરનાં દુઃખોને સમાવવામાટે તારા શરીર ઉપર તું સદા બરફ રાખે છે હે ગિરિવર૦—૩.

અને દ્દઢ વૃત ધારી શ્રીકૃષ્ણ ભગવાન વાંસળી વગાડી ગાયન કરતા હોય તેમ તું વાંસમાં પવન ભરાવાથી અચળ ઉભો ઉભો વાંસળી વગાડી ગાન કરતો હોય એમ લાગે છે હે ગિરિવર—૪

વળી તું દેવોના વૈદ ધન્વંતરીની પેઠે તમામ ઔષધીનો રાખનાર અને નિરોગી છે હે ગિરિવર—૫

વળી તું ટાઢ, તડકો, વરસાદ અને દાવાનળની જ્વાળાઓને જરાપણ લેખવતો નથી. હે ગિરિવર૦—૬.

તારાઉપર પવન ઘણા જોશમાં ઝપાટા મારે છે તોપણ તેની તું જરાય દરકાર કરતો નથી. હે ગિરિવર૦—૭.

માટે હે હિમાલય તારાઉત્પન્ન થવાને અને આ સૃષ્ટિઉપર રહેવાને ધન્ય છે કારણ કે તું હમેશાં સુખદાયકજ બની રહેલો છે. હે ગિરિવર૦—૮.

પાઠ ૫૬ મો.

સલ્તનત (ના.) પાદશાહી, રાજ્ય. [દળાં.

વિકળ (ત્રિ.) કદરૂપાં, દો-

ક્ષણભંગુર (વિ.) પળમાં નાશ પામે એવી.

એળે (ના.) નકામી.

ગમગીન (ના.) ઉદાસ, દીલગીર.

ઇનિસાન (ના.) દુનિયા, રૈયત.

આલીશાં (વિ.) વિશાળ.

જર્જર (વિ) પડવાની હાલતમાં.

જીર્ણોદ્ધાર (ના.) ફરીથી મજબુત કરવું તે.

કાએલ (વિ.) ચપળ.

બાહોશ (વિ.) હીંમતવાન

રોમેરોમ (ના.) દરેક રૂવાંડામાં. [કરાર.
સંધિ (ના.) સલાહ,
કાવતરૂ (ના.) કપટની જાળ. [કાપવું તે.
શિરચ્છેદ (ના.) માથું
તરછોડયો (કૃ.) તિરસ્કાર કર્યો.

પાઠ ૫૭ મો.

ફતેહમંદ (વિ.) વિજયી, યશસ્વી.
ચોથ (ના.) ઉપજનો ચોથો ભાગ ખંડણી તરીકે લેવો તે.
સુરક્ષિત (વિ.) સારી રીતના બંદોબસ્તવાળા.
વિગ્રહ (ના.) લડાઈ.
સંતોષ્યાં (ક્રિ.) શાંત પમાડ્યાં.
જાહોજલાલી (ના.) મોટાઈ, દબદબો.
અનુપમ (વિ.) જેને ઉપમા ન અપાય એવી
અંધાધુંધી (ના.) ગેરબંદોબસ્ત.

પાઠ ૫૮ મો.

હયાત હતો (ક્રિ.) જીવતો હતો. [કરવા.
સમારવા (કૃ.) દુરસ્ત
મના કરી (ક્રિ.) ના કહી.
હાથકરી (ક્રિ.) કબજે લીધી.
મુસીબતે (ના.) ઘણી મહેનતે, પરાણે.
કારાગૃહ (ના.) કેદખાનું.
નૌકાધિપતિ (ના.) દરિયાઈલશ્કરનો ઉપરી.
અરસામાં (ના.) દરમિયાન.
સમર્થ (વિ.) શક્તિવાન.
ધડો (ના.) સ્થીરતા.
જલદ (વિ.) ગરમ.
સલામતી (ના.) નિર્ભયપણું.
કાસળ (ના.) મૂળ.
પરિચય (ના.) સહવાસ, સમાગમ.
તરકટ (ના.) કાવતરૂં.
ભેટો (ના.) મેળાપ.
ફરમાન (ના.) હુકમ.

પાઠ ૫૯ મો.

સભાસદ (ના.) મેમ્બર.
આડતીઆ (ના.) વચ્ચી આત.
પરવાના (ના.) પટા.
ભાંજગડ (ના) વાંધાં.
સમાધાન (ના) નિકાલ.
કસર (ના) બાકી, ખામી.
મુક્ત (વિ.) છૂટો, અલગ
મુકાબલે (ના.) સરખામણિમાં.
રૂએ (ના.) આધારે.
ઈલિકાબ (ના.) ખીતાબ.
દુરંદેશી (ના.) દીર્ઘદ્રષ્ટિ.
મસલત (ના) સલાહ, વિચાર.
વાલી (ના.) સંભાળનાર.
ચીરીને (કૃ.) વચ્ચે થઇને
તહ (ના.) સલાહનું લખત.

પાઠ ૬૦ મો.

સન્નિધિમાં (ના.) રૂબરૂમાં
પ્રતિષ્ઠિત(વિ.) આબરૂદાર
વફાદારી (ના.) પ્રમાણિકપણું.
કુમક (ના.) મદદ.
ભરમાવે (કૃ.) ખોટો વહેમ ખવરાવે.
ખિલ્લત (ના.) સરપાવ.
પ્રતિનિધિ (ના.) વકીલ.
ઈનાયત (ના.) ભેટ.
પતરાજી (ના.) શેખી.
નામોશી (ના.) ગેરઆબરૂ.
અફસોસ (ના.)પશ્ચાતાપ.

પાઠ ૬૧ મો.

અલગ (અ.) દૂર.

રૂચ્યું (કૃ.) ગમ્યું.
ઇરાદો (ના.) વિચાર.
વિષ્ટિ (ના.) સલાહ.
ઝઝુમતાં (કૃ.) તાકી રહ્યાં
યોજના (ના.) ગોઠવણ.
જીગરથી (ના.) ખરા દિલથી.
બરબાદ (વિ.) ધૂળધાણી.
બહેતર (વિ.) ભલું.

પાઠ ૬૨ મો.

જુમો (ના.) જોખમદારી
પગ પેસારો (ના) ધુસવાનું.
કટ્ટો (વિ) ધણાખારિલો.
અંધાધુંધી (ના.) અવ્યવસ્થા.
વિષમ (વિ.) કફોડી.
તોછડો (વિ.) તીરસ્કાર ભરેલો. [પણાનો.
ઉદ્ધત (વિ.) ઉછાંછળા-
ખાલસા (વિ.) પોતાને તાબે.

પાઠ ૬૩ મો.

શીખ (ના.) પંજાબના વતની, નાનકપંથી.
મહંત (ના.) મહાપુરૂષ.
મુલ્લા (ના.) મુસલમાન ધર્મગુરૂ.
દરવેશ (ના.) ફકીર.
પ્રતિષ્ઠા (ના.) સ્થાપના.
વચનામૃતો (ના.) બોધરૂપે કહેલાં વચનો.
લડાયકવૃત્તિ (ના) લડવાની ઇચ્છા. [તેવો.
અજીત (વિ.) જીતાય નહિ
પાંખમાં (ના.) પક્ષમાં
બેવફા (વિ.) નીમક હરામ, અપ્રમાણિક.
કેર (ના.) ત્રાસ.

પાઠ ૬૪ મો.

ઘોર (વિ.) ભયંકર.
અંકાએલી (વિ.) યાદગાર
બારીક (વિ) કટાકટીનો
કસોટીએ ચઢયાં=પરીક્ષા થઈ.
ભથ્થું (ના.) મુસાફરી બદલ પગાર ઉપરાંતનું લવાજમ.
પ્રકોપ (ના.) ક્રોધ.
સરંજામ (ના.) સામાન.

પાઠ ૬૫ મો.

સનદ (ના.) મંજુરીના હુકમો.
વૃદ્ધિ (ના.) વધારો.
સુગમતા (ના.) સહેલાઈ.
ઐકય (ના.) એકપણું
ખીલવટ (ના.) ખીલવણી, સાંધણ.
સમગ્ર (વિ.) સામટો, બધો, એકંદર.
સ્પષ્ટ (વિ.) ખુલ્લું.
તગાવી (ના.) ખેડુત લોકોને ખેતીનાં સાહીત્યો માટે નાણું ધીરવાંતે.
દાઈ (વિ.) ગર્ભવંતી સ્ત્રી સુખથી જણે એવી હીકમત જાણનારી સ્ત્રી, નર્સ.
વરિષ્ટ (વિ) ઉપરી, મુખ્ય
કારકીર્દી (ના.) અમલ.
ગટરો (ના.) ગંદુ પાણી જવાની મોરીઓ.
ફીલસુફી (ના.) પદાર્થ વિજ્ઞાન.
અગ્રણી (ના.) આગેવાન, મુખ્ય.

પાઠ ૬૬ મો.

દૈનિક (વિ.) રાત દિવસ થવાની, પોતાની ધરી ઉપર ફરવાની.
વાર્ષિક (વિ.) સૂર્યની આસપાસ ફરવાની.
સંજ્ઞાઓ (ના.) ઓળખાણ વાસ્તે આપેલાં નામો.
તીરકસ (વિ.) ત્રાંસાં.

અનુભવ (ના.) જાત માહિતી.
અનુમાન (ના.) ધારણા, અટકળ.
લંબ (વિ.) સીધાં.
આંસ (ના.) ધરીનો છેડો
સંપાતબિંદુ (ના.) ક્રાંતિવૃત્ત વિષુવવૃત્તને છેદે છે તે બિંદુ.

પાઠ ૬૭ મો.

હવામાન (ના.) વરસાદ, વાયુ, ગરમી વગેરેની અસર.
મોનસુન (ના.) મોસમનો
અસમાન (વિ.) સરખી નહિ.
ઉષ્ણતામાન (ના) ગરમીની અસર.
સમોષ્ણવૃત્ત (ના.) ગરમીનું સરખાપણું બતાવનારી લીટી.

પાઠ ૬૮ મો.

ભરતી (ના.) સમુદ્રના પાણીનું ચઢવું તે.
ઓટ (ના.) સમુદ્રના પાણીનું ઉતરવું તે.
નિયમીત (વિ.) નિયમ પ્રમાણે.
ચમત્કાર (ના.) નવાઈ જેવો બનાવ.
સભર (ના.) સમુદ્રની ભરતી પછીની અને ઓટ પહેલાંની સ્થિતિ, ભરેલી સ્થિતિ.
નિખાર (ના.) ઉતરતી સ્થિતિ; ઓટ પછીની અને ભરતી પહેલાંની સ્થિતિ.

પાઠ ૬૯ મો.

ઓળો (ના.) પડછાયો, છાયો.
કેન્દ્ર (ના.) મધ્યબિંદુ.
સમીપ (અ.) પાસે.
ખગ્રાસ (વિ.) પૂરો ઘેરાએલો.

પાઠ ૭૦ મો.

જ્વાળામુખી(ના.) જેમાંથી બળતુ નીકળે તે.
દ્રવરૂપ (ના.) પ્રવાહિ.
પૃષ્ટ (ના.) સપાટી.
નિકટ (વિ.) પાસેનો.
ઉત્પત્તિસ્થાન (ના.) પેદા થવાની જગ્યા [ઘણી.
પ્રચંડ (વિ.) જોસવાળી,

પાઠ ૭૧ મો.

સંપાદન કરવું (ક્રિ.) મેળવવું.
સમુળગા (અ.) મુદ્દલ.
સખસ (ના.) માણસ.
રાજ્યતૃષ્ણા (ના.) રાજ્ય મેળવવાની પ્રબળ ઇચ્છા
આકાંક્ષા (ના.) ઇચ્છા, ઉમેદ, ઉત્સાહ.
પ્રસાર (ના,) ફેલાવો.
અર્થાત્ (અ.) તાત્પર્ય.
પ્રદક્ષિણા (ના.) ચારે તરફ ફરવું. [વતની.
રૂમી લોકો (ના.) રોમના
લય પામ્યું (ક્રિ.) નાશ પામ્યું. [ઠેકાણું.
મથક (ના.) મુખ્ય
બખેડા (ના.) બળવા, લઢાઇઓ.

પાઠ ૭૨ મો.

ટાપુ (ના.) બેટ.
અંતર (ના.) છેટું.
મહત્વ (ના) અગત્ય.
સમુદાય (ના.) જથો, સમુહ. [શ્રેષ્ટ.
ઉત્કૃષ્ટ (વિ.) ચઢિયાતું,
યુનાઇટેડ સ્ટેટસ (ના.) સ્વતંત્ર સંસ્થાનો.

પાઠ ૭૩ મો.

પંકાતો (ક્રિ.) વખણાતો.
જોગવાઈ (ના) સગવડ.
ઉમેરો (ના) વધારો.

સરાસરી (ના.) પ્રમાણ, અજમાયસ.
બાધ (ના) હરકત.
ઉદ્‌ભિજ્જ (ના) વનસ્પતિની. [કુશળતા.
કૌશલ્ય (ના.) ચાતુરી,
સંપત્તિ (ના.) દોલત, દ્રવ્ય. [દરે.
સામટે મેળે (ના.) એકં-
આયાત (ના) આવક.

પાઠ ૭૪ મો.

બ્રિટિશ (ના.) અંગ્રેજોનું.
અખંડ (વિ.) ભાગ પડ્યા વગરનું, સળંગ
વિસ્તાર (ના.) ફેલાવ.
દુંદુભિ (ના.) એકજાતનું વાજું. [મોટા.
વિસ્તિર્ણ (વિ) વિશાળ,
ઉન્નતિ (ના.) ચઢતી.
નિષ્પક્ષપાતી (વિ.) તરફદારી વગરનું.

પાઠ ૭૫ મો.

અંગો (ના.) ભાગો.
કૉડ (ના.) કોડલીવર ઑઇલ બને છે તે માછલી.
અરણ્યો (ના.) જંગલો.
સ્કોચ (ના.) સ્કોટલંડના વતની.

છક (અ) દંગ, તાજુબ.
જાથુની (ના.) કાયમની.
નિકટ (વિ.) ધાડો.
હકુમત (ના.) સત્તા.

પાઠ ૭૬ મો.

કાર્ય (ના.) કામ.
કાર્યશક્તિ (ના.) કામ પાર પાડવાનું બળ.
સ્પષ્ટ (વિ.) ખુલ્લો.
ચોક્કસ (વિ.) ખરો, પૂરો.
પ્રતિરોધ (ના.) અટકાવ.
ગમનશક્તિ (ના.) ગતિને લીધે ઉત્પન્ન થનારૂ બળ.
સંભાવ્યશક્તિ (ના) સ્થાન પરત્વે એકઠું થયેલુ બળ.
સંચય (ના.) જમાવ.
આંદોલન (ના.) કમ્પ, લહરીથી હાલવું તે.

પાઠ ૭૭ મો

બારીક (વિ.) ઝીણામાં ઝીણી.
નિરીક્ષા (ના.) તપાસ.
યંત્ર (ના.) થોડી મહેનતે ઘણું કામ થાય એવાં સાધન.
કોશીશ (ના.) પ્રયત્ન.
તફાવત (ના.) ફેર.

ખૂધા (ના.) જાડું લાકડું, વળીનો કકડો.
અનુકૂળ (વિ.) ફાવતું.
યાંત્રિક (વિ.) યંત્રવડે મળતું.
વાસ્તવિક (વિ) ખરીરીતે.
ટોટો (ના.) નુકશાન.
મૂળભૂત (વિ.) પાયારૂપ.

પાઠ ૭૮ મો.

જળચાપ (ના.) પાણીથી વસ્તુ દબાય તેવો સંચો.
શોષું (કૃ.) ખેચું, કાઢીલઉં.
વાતાવરણ (ના.) વાનું ઢાંકણ.
મેર (ના.) બાજુ, પડખું.

પાઠ ૭૯ મો.

આર્કિમીડીસ (ના.) એ નામનો વિદ્વાન.
વલણ (ના.) ગતિ, શક્તિ
તારકશક્તિ (ના.) તારવાનું બળ. [ચુકાં.
અનિયમિત (વિ.) વાંકા-
છલાછલ (વિ.) ટોકે.
બીના (ના.) હકીકત.
સહેલાઈ (ના) સહજ.
ઘટ (ના.) ઓછાપણું.
કમી (વિ.) ઓછું.

પાઠ ૮૦ મો.

કેશાકર્ષણુ (ના.) તાંતણાં ઉપર થઈને પ્રવાહિ પદાર્થનું ચઢવું.
સાયંસંધ્યા (ના.) સાંજે કરવાનું ખટકર્મમાંનું એક કર્મ.
ઉપરણો (ના.) અંગવસ્ત્ર
છિદ્રાળુ (વિ.) છેટે છેટે રજકણો હોય તે, કાણાં કાણાં વાળો.
વક્રરેખાકૃતિ (ના.) વાંકી લીટી જેવો આકાર.

પાઠ ૮૧ મો.

પ્રસરણ (ના.) ફેલાવ.
વિસ્તારપામે=ફૂલે.
વિશેષ (વિ.) ખાસ.
બલૂન (ના.) હવામાં મુસાફરી કરવાનું સાધન.
અદ્યાપિ (અ.) હજીસુધી.
ચોકસ (વિ.) નિયમિત.

પાઠ ૮૨ મો.

અવાજ (ના.) નાદ, સ્વર.
વેગ (ના.) ગતિ. [ખીલી.
સ્ક્રુ (ના.) પેચવાળી
આંદોલન (ના.) હાલ્યાં કરવું તે, થથરાટ.
ખોભણુ (ના.) ખાંચા.
આબેહુબ (વિ.) બરાબર મળતું. [સત્યતાએ.
વસ્તુતઃ (અ.) ખરીરીતે.
ધ્વનિ (ના.) સ્વર, અવાજ.
ત્વચા (ના.) ચામડી.
ગ્રહણ કરવું (ક્રિ.) લઈ લેવું. [લોચા.
સ્નાયુ (ના.) માંસના
યોજના (ના.) ગોઠવણી.
જાથુ (વિ.) કાયમ.
ત્વરા (ના.) ઉતાવળી ગતિ.
સ્વરભેદ દર્શક (વિ) અવાજનો તફાવત બતાવનારો.
સંધાન (વિ.) સાંધણુ.
તીવ્ર (વિ.) ઉંચો.

પાઠ ૮૩ મો.

પરાવર્ત્તન (ના.) કિરણોના પાછા ફેંકાવાને.
વક્રીભવન (ના.) કિરણોના વાંકા પડવાને.
અવસ્થાંતર (ના.) હાલતનું બદલાવું.
ઝળઝળુ (ના.) સુરજ ઉગતા પહેલાં અને આથમ્યા પછી દેખાતો પ્રકાશ.
સમીપ (અ.) નજીક.
થર (ના.) પડ.
તીવ્રતા (ના.) ગરમી.
નિરીક્ષારથળ (ના.) આકાશી પદાર્થો જોવાની જગા. [જોડે.
સંસર્ગ (ના.) સહવાસ,
નેત્રપટ (ના.) આંખનું પડ.
સંસ્કાર (ના.) છાપ.
વિલક્ષણુ (વિ.) જુદી પ્રકારના.
પ્રતિરૂપ (ના.) બીજું રૂપ.

પાઠ ૮૪ મો.

મેઘ ધનુષ્ય (ના.) ચોમાસામાં સાત રંગનું ધનુષ્યના આકારમાં કોઇ વેળા દેખાયછે તે.
આરંભ (ના.) શરૂઆત.
પાસાવાળા (વિ.) પહેલદાર.
પૃષ્ટ (ના.) પાસાં.
ઉષ્ણ (વિ.) ગરમ.
પૃથક્કરણ (ના.) છૂટું પડવું.
પ્રસરણ (ના.) ફેલાવું.
અસમાન (વિ.) વત્તું ઓછું.

સ્પેક્ટ્રમ (ના.) મેઘ ધનુષ્યના આકારનો પટો, બીલોર કાચ વડે કપડાઉપર પાડેલો હોય તે.
દર્શાવી (ક્રિ.) બતાવી, જણાવી.
પ્રત્યેક (વિ.) દરેક.
અપારદર્શક (વિ.) આરપાર ન દેખાયતેવા.
શોષણ (ના.) ચૂસવાની ક્રિયા. [મણિ.
મુકાબલો (ના.) સરખા-
રૂપાંતર (ના.) આકાર-બદલાયતે.

પાઠ ૮૫ મો.

વિદ્યુત (ના.) વીજળી.
પ્રવાહ (ના.) વહેણ.
પાત્ર (ના.) વીજળી ઉત્પન્ન કરવાનું વાસણ.
બેટરી (ના.) ઘણાં પાત્ર જોડે મૂકે તેને.
વિદ્યુતવાહક (વિ.) વીજળીનો પ્રવાહ ચાલી રહેતેવો. [ને કુદવું.
ઉત્ક્રમણ (ના.) હાલવું
ઉચ્ચાલન (ના.) સાદુ યંત્ર
કળ (ના,) ચાંપ, કી.

સંસર્ગ (ના.) મેળાપ, અડકવું.
અવાહક (વિ.) પ્રવાહને ખેંચે નહિ તે.
અકસ્માતો (ના.) ઓચિંતી આવનારી આફતો.

પાઠ ૮૬ મો.

વિકાર (ના) ફેરફાર.
રસાયનપ્રીતિ (ના.) રસાયણ ક્રિયાથી પદાર્થોનું એક થવું, પરમાણુંઓનું વળગવું. [સદોદિત.
નિરંતર (અ.) હમેશાં,
પ્રકૃતિ (વિ.) ખાસીયત, ખાસગુણ.
ઘટકો (ના.) રજકણો.
સંયોગ (ના.) મેળાપ,
ગંધીલ (ના.) ગંધકની સાથે રસાયનીસંયોગ થઈ બનેલો પદાર્થ.

પાઠ ૮૭ મો.

બંધારણ (ના) બનવું.
અવિભાજ્ય (વિ.) જેના ભાગ ન થાય તે.
પ્રયત્ન (ના) પ્રયાસ.
જળજનક (વિ.) પાણી બનાવનાર.

પાઠ ૮૮ મો.

દ્રાવ્યતા (ના.) પીગળવાપણું.
અદૃશ્ય (વિ.) ન દેખાવુંતે.
દ્રાવક (વિ.) પીગળે એવી.
મર્યાદા (ના.) હદ.
અપવાદ (ના.) બાધ.
સિલિકા (ના.) ચકમકની રેતી.
ધાપણુ (ના.) જીપ્સમ.
કસ્તર (ના.) રજ, કચરો.

પાઠ ૮૯ મો.

ભિનાશ (ના.) ભેજ.
ઉષ્ણતા માને (ના) ગરમીથી. [થવાની ક્રિયા.
બાષ્પભવન (ના.) વરાળ-
નીમે (વિ.) અરધા.
શુમાર (ના.) આશરો, પ્રમાણ.
અવગુણકારી (વિ.) નુકશાન કરનાર.

પાઠ ૯૦ મો.

અલ્કલી (ના.) એસિડની વિરુદ્ધ ગુણના પદાર્થ.
જલદ (વિ.)ઉગ્ર.
લિટમસ (વિ.) એક જાતનો કાગળ.
જાસ્વંતી (વિ.) જાસુદ.

એસિડ (ના.) તેજાબ.
ક્ષાર (ના.) ખાર.

પાઠ ૯૧ મો.

જ્વાળાગ્રાહી (વિ.) જલદી બળે તેવો.
નિર્ભય (વિ.) ઝટ ન સળગે તેવી.
તંદુરસ્તી (ના) આરોગ્યતા.
અગત્યનો(ના.) જરૂરનો.
સંયુક્ત (વિ.) ભળેલા, જોડાએલા.
રચવામાં (કૃ.) વધવામાં, બનવામાં. [તેવાં.
બરડ (વિ.) ઝટે ભાગે

પાઠ ૯૨ મો.

દહન (ના.) બળવાની ક્રિયા.
વાસ્તવિક(વિ.) ખરેખરો
જાન (ના.) જીવ.
દમ (ના.) શ્વાસ.
ભાવાર્થ (ના) સાર.
ઉચ્છ્વાસ (ના.) પાછોનીકળતો સ્વાસ.
અનુમાન(ના.) અટકળ, ધારણા.
ઘટકાવયવો (ના.) અવયવનાં રજકણો, ભાગો.

પાઠ ૯૩ મો.

કાર્બન (ના.) કોયલો.
ગ્યાસ (ના.) વાયું.
કાર્બોનિક એસિડ (ના.) કોયલામાંથી નીકળતો વાયુ.
ચૂર્ણપાષાણ (ના.) ભુકરો પત્થર, ઝટ ભાગે તેવો પત્થર.
સેન્દ્રિય (વિ.) બાળવાથી પાછળ કંઈપિણ પદાર્થ પડ્યો રહે તેવો.
ગ્રેફાઇટિ (ના.) જેમાંથી પેન્સિલ બને છે તે.
ઓપ (ના.) ઢોળ.
ગચીઆં (ના.) ચોસલાં.
રસાવણજળ (ના.) ધાતુના ખારમા મળેલું પાણી.

પાઠ ૯૪ મો.

બૃહસ્પતિ (ના.) ગુરૂનો તારો.
ગ્રહો (ના.) સ્થીર તારા.
લોહિતાંગ (વિ) લોહિના જેવા રાતા રંગનો.
સંક્રમણ (ના) સૂર્ય અને પૃથ્વીની વચ્ચે સીધી લીટીમાં આવવું.
કાળ (ના.) વખત.
બેશ (વિ.) સારી રીતે.
નાયક (ના) ઉપરી, શ્રેષ્ટ.
ત્વરા (ના.) ઉતાવળી ગતિ.
સ્વપ્રકાશક (વિ.) પોતાની જાતે પ્રકાશનારો.

પાઠ ૯૫ મો.

ભવ્ય (વિ.) સુંદર.
મેખલા (ના.) માળા.
ચક્ર (ના) કુંડાળાં.
હર્શલ (ના) એક ખગોળ શાસ્ત્રી. [તારો.
ધૂમકેતુ (ના) પૂછડીઓ
વિષમતા (ના.) ખામી.

પાઠ ૯૬ મો.

વિસ્મયકારક(વિ.) નવાઈ જેવા.
બ્રહ્માંડ (ના.) સૃષ્ટિ.
અગણિત (ના.) ગણિ શકાય નહિ તેટલા.
અડસટ્ટો (ના.) સુમાર.
સમુહ (ના.) જથો.
વર્ગણી (ના.) જાતવારી, તફા. [બનવાનો.
ધનીકરણ (ના.) ઘન-
દલીલ (ના.) કારણ.
સંભવિત (વિ.) બનાવાજોગ. [વખત.
જમાનો (ના.) કાળ,

પાઠ ૯૭ મો.

ભ્રમણ (ના) ફરવાની ક્રિયા.
મધ્યોત્સારી (વિ) મધ્યમાંથી દૂર ખેચનારૂં.
મધ્યાકર્ષક (વિ.) મધ્યમાં ખેંચનારૂં.
અંશો (ના.) ભાગો.
વાંધો (ના.) તકરાર
સ્વીકાર્યો(કૃ.) કબૂલ કર્યો.

પાઠ ૯૮ મો.

સપાટી (ના.) ઉપરનું પડ.
શેષો (ના.) બાકી રહેલા ભાગો.
ભૂસ્તરવેત્તા (વિ.) પૃથ્વીના અંદરના પડોનું જ્ઞાન ધરાવનાર.
ઉત્પાત (ના) બાકી રહેલા ભાગ, અવશેષ.
કિવલ (ના) કલમ, સ્ટીલ.

મહાન પુરૂષોનું ચરિત્ર.

ગોપીચંદ—ગૌડ બંગાળાના રાજા ત્રૈલોક ચંદ્રનો પુત્ર, તેની માતાનું નામ મૈનાવતી હતું. તેની રાજધાની કાંચનપુર નામે નગરમાં હતી. એ રાજા અતિ રૂપાળો, નાજુક, દયાળુ, ધાર્મિક, પ્રજા પ્રેમી, શૂરવીર અને ચતુર હતો તેણે પોતાના પરાક્રમથી ઘણા દેશો જીતી પોતાના રાજ્યનો વિસ્તાર વધાર્યો હતો. તેને બારસો પરણેલી અને સોળસો રાખેલી સ્ત્રીઓ હતી.

માતા મૈનાવતી જાલંદર નાથ યોગીની શિષ્યા હતી. તે રોજ ગુરૂ દર્શને જતી તેની ગોપીચંદની મુખ્ય પટરાણી ઓમા અદેખાઈ કરીને ગોપીચંદને ઉંધુંચતું ભરવવાથી ગોપીચંદે જાલંદર નાથને કુવામાં નાંખી દઈ લાદથી કુવો પુરાવી નાખ્યો. એક દિવસ ગોપીચંદ સ્નાન કરવા બેઠો હતો તેને બધી રાણીઓ તેલ અત્તર ફૂલેલ વગેરે સુવાસિત પદાર્થો ચોળી સ્નાન કરાવતી હતી તે વખતે માતા મૈનાવતી ઉપર ઝરૂખામાં બેઠી હતી ને પોતાના પુત્રને નાહતાં જોઇને આવો રૂપાળો દેહ નાશ પામશે અને પોતાનો સ્વામિ પણ આવો રૂપાળો હતો તે મરી ગયો તે યાદ આવવાથી આંખમાં આસું આવ્યાં તેમાંનું એક આંસુ ગોપીચંદના ગાલ ઉપર પડવાથી ઉનું લાગ્યું અને ઉપર જોયું તો પોતાની માતાને રડતી જોઈ નાહીને તરત ઉપર જઈ રોવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યુંકે, બેટા તારી આવી રૂપાળી કાયાનો નાશ થવાનો છે માટે પ્રભુનું ભજન કરી શમ દમથી વિશ્વતરીજા અને અમરથા ફરીને આ શરીર મળશે નહિ. ત્યારે ગોપીચંદે કહ્યુંકે મા અમર શી રીતે થવાય? મૈનાવતીએ કહ્યુંકે મારા ગુરૂ હતતો તને અમર બનાવત. આ ઉપરથી

ગોપિચંદને પસ્તાવો થયો. પછી જાલંદરનાથના શિષ્ય કાનીફનાથ જાત્રાથી આવ્યા તેમણે ગુરૂને કુવામાં નાંખેલા જાણીને ગોપીચંદના ઉપર બહુ ક્રોધ કર્યો પણ ગોપીચંદે અને મેનાવતીએ ક્ષમા માગવાથી કાનીફનાથે સોનું રૂપું ત્રાંબુ અને લોઢું એ ચાર ધાતુનાં ગોપીચંદના જેવડાં પુતળાં બનાવ રાવ્યાંને કુવા કાંઠે જઈ સોનાનું પુતળું આગળ ધરી ગોપીચંદ પાસે આદેશ કરાવ્યો ગુરૂના શાપથી તે પુતળું બળી ગયું એ પ્રમાણે ત્રણ પુતળાં બળી ગયાં ચોથી વખત આદેશ કર્યો ત્યારે ગુરૂએ ધ્યાનથી જાણી લીધુ કે મારા શિષ્યનો આશ્રય ગ્રહણ કર્યો છે તેથી ગુરૂએ અમર રહો બેટા ગોપી ચંદ એવો વર આપી પોતે બહાર નીકળ્યા. પછી ગોપીચંદને વૈરાગ થવાથી ગુરૂ દીક્ષા લઈ પોતાની રાણીઓ પાસે ભીક્ષા માગી તમામ રાજ્ય પાટ તજી યોગી થઈ ગુરૂસાથે અરણ્યમાં ચાલ્યો ગયો.

ભરત—દશરથ રાજા પુત્ર અને શ્રીરામચંદ્રજીના ઓરમાનભાઈ. એમનો રામચંદ્ર ઉપર એટલો પ્રેમ અને ભક્તિભાવ હતો કે, રામ વન-વાસ ગયા ત્યારે પોતે રાજ્ય ન કરતાં અયોધ્યા બહાર રહી રામની પાદુકાનું પુજન કરી શ્રી રામચંદ્રજીના આવતા સુધી તેમનું નામસ્મરણ કરી પછી રામચંદ્રજીની સાથે રહી તેમની સેવા કરી પરમ પદને પામ્યા.

નાભોઢાઢી—એ જાતીના અંત્યજ છતાં પ્રભુભક્ત હતા. તે આ શરે ૩૦૦ વરસ ઉપર થઈ ગયા છે. એ જન્મથી આંધળા હતા અને તેમના માબાપ ઘણાંજ ગરીબ હતાં. તે પાંચ વર્ષના થયા ત્યારે આખા દેશમાં દુકાળ પડ્યો. ભીખ માગતાં પણ અન્ન ન મળવાથી પાંચ દિવસ અપવાસ થવાથી અને દિકરાનું ભુખનું દુખ ન જેવાયાથી તેમનાં માબાપ તેમને જંગલમાં મૂકીને જતાં રહ્યાં. નાભાજી ભૂખ અને માબા-પના વિયોગ દુ:ખથી રડતા હતા તેવામાં ત્યાં થઇને આગ્રેયદાસ અને કીલ નામના સાધુઓ ગંગાસ્નાન માટે જતા હતા તેમને દયા આવવાથી એ બાળકને પોતાની સાથે લઈ જઈ પોતાના મઠમાં રાખ્યા. ધ્યાનથી અંત્યજ જાણી જુદી ઝુંપડી બાંધી આપી તેમાં રાખ્યો. સાધુ કીલે પોતાની પાસેના પાણીથી તેની આંખો ધોવાથી તે દેખતા થયા હતા. નાભાજી સાધુઓનું એઠું જુઠું હોય તે ખાઇને દિવસ કાઢવા લાગ્યો. મઠના સાધુઓ નિત્ય કથા વાર્તા ભજન કરતા તે નાભાજી લક્ષપૂર્વક સાંભ-

ળતા અને તે સર્વે યાદ રાખતા. સાધુના સંગમાં રહેવાથી સાધુઓનું અનુકરણ કરવા લાગ્યા અને રહેતે રહેતે લખતાં વાંચતાં શીખ્યા અને કથા વાર્તા કરવા લાગ્યા. તેમ કવિતા પણ કરવા લાગ્યા એમ કરતાં એક દિવસ ગુરૂ અગ્રદાસજી ધ્યાનમાં બેઠા હતા તેમને નાભાજી પંખો નાખતા હતા. તે વખતે ગુરૂનો એક કોઈ શિષ્ય વહાણમાં ડુબવાની અણિપર હોવાથી તેણે ગુરૂ સ્મરણ કરી બચું તો સર્વે વહાણમાંનું ધન ગુરૂ અર્પણ કરૂં એવી પ્રાર્થના કરી બાધા કરી ગુરૂએ ધ્યાનથી જાણી શ્વાસ રૂંધી વાયુનું રૂંધન કરી વહાણને કાંઠે મૂકી, શિષ્યને જોવાના ધ્યાનમાં રહેવાથી, માનસિક ધ્યાન ભંગ થવાથી નાભાજીએ કહ્યું કે. "વહાણ તો કિનારે પહોંચ્યું માટે હવે આપ માનસિ છબીનું ધ્યાન કરો" આ ઉપરથી ગુરૂએ આંખ ઉઘાડી જોયું તો નાભાજીને દીઠાને પૂછ્યું કે કોણ બોલ્યું ત્યારે તેમણે કહ્યું હું બોલ્યો તે ઉપરથી ગુરૂએ પોતાની નાભીની વાત જાણી માટે નાભાસ્વામિ નામ પાડયું. અને એમણે ભક્તમાળ નામનું પુસ્તક રચ્યું છે.

શુકદેવજી—આ પરમજ્ઞાની અને મહાયોગીશ્વર શુકદેવજી મહાત્મા વેદવ્યાસના પુત્ર થાય. એવું કહેવાય છે કે–એક વખતે શ્રીશંકર પાર્વતીજીને મહામંત્રનો ઉપદેશ કરતા હતા. તે વખતે વનમાંના બધાજીવોને દૂર કર્યા હતા પરંતુ એક પોપટનું ઈંડું રહી ગયું હતું તેમાંના જીવે એ ઉપદેશ સાંભળ્યો અને ઉપદેશ ગ્રહણ કરતાં કરતાં પાર્વતીજીને નિદ્રાનું ઝોકું આવ્યું ત્યારે ઈંડું ફૂટી તેમાંથી નીકળેલા પોપટે હુંકારો દીધો. તે ઉપરથી મહાદેવજી તે પોપટને મારવા દોડ્યા. નાસતાં નાસતાં શ્રી વેદવ્યાસ મુનીની સ્ત્રી બગાસુ ખાતી હતી તેના મુખમાં થઈ ઉદરમાં પ્રવેશ કર્યો. તેથી મહાદેવજી પાછા ગયા. પછી બાર વરસ સુધી માતાના પેટમાંને પેટમાંજ રહ્યા કેમે કર્યા નીકળે નહિ. તે ઉપરથી વ્યાસજીએ ભગવાનની પ્રાર્થના કરી તેથી શ્રીપ્રભુ ત્યાં પધાર્યા અને શુકને કહ્યું કે બહાર નીકળ. ત્યારે તેણે "એક ઘડીવાર તમારી માયા સંકેલી લો, તો હું બહાર નીકળું" જેથી મને તમારી માયાનું આવરણ લાગે નહિ. ભગવાને તેમ કર્યું એટલે શુકદેવજી બહાર નીકળ્યા ને તરતજ વનમાં જતા રહ્યા. પિતાના ઉપદેશથી એ મિથિલાપુરમાં જનક વિદેહી પાસે જ્ઞાન મેળવવા ગયા હતા.

એક વખત નારદ મળ્યા તેમને મુક્તિ મળવાનો ઉપાય પૂછ્યો ત્યારે નારદે કહ્યું કે તે તો તમારા પિતા જાણે છે. તે ઉપરથી પોતે ઘેર આવ્યા ત્યાં વ્યાસજીએ તેમને શ્રી ભાગવત ભણાવ્યું. પરીક્ષિત રાજાના અંતકાળ વખતે સાત દિવસમાં શ્રી ભાગવતનો ગુહ્યાર્થ સમજાવી તેને મોક્ષ ગતિ આપી હતી.

ભિલ્લ ભક્ત વાલ્મિકિ—એમના જન્મ વિષે જુદી જુદી વાતો ચાલે છે એકતો એ બ્રાહ્મણ પુત્રહતા, પણ તેમને તેમનાં માબાપ બાળપણથીજ અરણ્યમાં મૂકીને તપકરવા ગયાં હતાં. તેથી તેમને એક ભીલડીએ ઉછેરી મોટા કર્યા હતા. કેટલાક કહે છેકે તેઓ મૂળેજ ભીલપુત્ર હતા. આ બેમાંથી ગમેતે વાત સાચીહો, પરંતુ એટલું તો નક્કી છેકે તેઓ એક ભીલને ઘેર નીચની સંગતિમાં ઉછરીને મોટા થયા હતા અને ત્યાં નીચ કર્મો કરતાં શીખ્યા હતા. તેમનું નામ તેમના પિતાએ રત્નો પાડયું હતું. રત્નો મોટો થતાં તેને ધનુર્વિદ્યા ભણાવીને લૂટ ચોરી કરતાં શીખવ્યું હતું અને એક ભીલડી સાથે પરણાવ્યો હતો. એવનમાંથી જનારા માણસોને મારી લૂંટી પોતાના કુટુંબનું પોષણ કરતો હતો એમ અનેક પાપ કર્યાં હતાં એક વખતે નારદ મુનિ એ રસ્તેથી જતા હતા તેમને તેણે લુંટવા માંડયા નારદ મુનિને એનાં પાપ કર્મોથી દયા આવી ઉપદેશ કરી એના અસંખ્ય પાપોનું વર્ણન કરી બતાવી કહ્યુંકે તું આટલાં બધાં પાપ શા વાસ્તે કરેછે જેને માટે તું પાપ કરેછે તે તારાં સ્ત્રી પુત્ર માતા પિતા વગેરે તારા પાપનાં ભાગીદાર થશે ? રત્નો બોલ્યો અવશ્ય થશે. ત્યારે નારદે કહ્યુંકે જાતું પૂછી આવ. તારા પાછા આવતા સુધી હું અહીંથી ખશીશનહિ એ પ્રમાણે કહેવાથી રત્નો ઘેર ગયો અને સર્વેને પોતાના પાપના ભાગીદાર થવાનું પુછતા સર્વેએ કહ્યુંકે "જે કરે તે ભોગવે" અમે શા વાસ્તે ભાગીદાર થઇએ, તારી ફરજ છેકે અમારૂં પાલન કરવું તે ગમે તે રીતે કર. અમે તને કયાં કહીએ છીએ કેતું પાપ કર્મ કર. તે ઉપરથી રત્નો પોતાના પાપનો વિચાર કરતો પાછો આવી ૠષિના પગમાં પડયો અને સર્વવાત કહી રૂદન કરતાં કહ્યુંકે હું આપને શરણેછું મને પાપથી મુક્ત કરી કૃતાર્થ કરો તે ઉપરથી નારદજીને દયા આવવાથી કમંડળમાંથી તેને મસ્તકે પાણી છાંટી રામ નામના મહામંત્રનો ઉપદેશ આપી ગીચ ઝાડીમાં બેસાડી ઉપર પાંદડાં ઢાંકી જપ કરવાનું કહ્યુંને પોતે જતા રહ્યા. એને રામ

મંત્રનો જપ કરતાં ન આવડવાથી મરા મરા જપવા લાગ્યો. બાર વરસે નારદ પાછા આવ્યા. અને ઝાડીમાં જઇને જુએછે તો તેને રામ નામનો જપ કરતા સાંભળ્યો તે એટલો બધો તલ્લિન થઈ ગયો હતો કે શરીર ઉપર ઉધઇના રાફડા બાઝી ગયા હતા તેમાંથી બહાર કાઢી જોયું તો મહા તેજસ્વી જણાયાને રૂષિને પગે પડી સ્તુતી કરી. એ રાફડામાંથી નીકળ્યા માટે તેમનું નામ વાલ્મિકિ પડયું. એમણે શતકોટી રામાયણ રચ્યું ત્યાર પછી સાઠહજાર વરસે રામાઅવતાર થયો. જ્યારે શ્રીરામ વનમાં જવા નીકળ્યા ત્યારે ચિત્રકોટ ઉપર વાલ્મિકને આશ્રમે કેટલાક દિવસ રહ્યા હતા. જ્યારે ધોબીના વચનથી રામે સીતાને વનમાં મોકલ્યાં ત્યારે વાલ્મિકે ગંગાકિનારે પોતાને આશ્રમે સીતાને રાખ્યાં હતાં ત્યાં લવ કુશનો જન્મ થવાથી તેમને વેદ અને ધનુર્વિદ્યા સીતાને ભણાવી ઉછેર્યાં હતાં એ મોટા રૂષિ ગણાયાછે. તેમને ત્યાં ઘણા રૂષિ પુત્રો વિદ્યાભ્યાસ કરતા હતા. જે રામ નામના જપથી એક ભીલ છતાં મહારૂષિ પદવી પામ્યા એવા રામ મંત્રની મહત્તા કેટલી બધી હશે! શ્રદ્ધા પૂર્વક નિરંતર એ મંત્રનો જપ થાય તો શું બાકી રહે.

કબીર—એ મહાપુરૂષનો જન્મ એક વણકર (તાઈ) ને ત્યાં થયો હતો. એમના જીવનો બધો ભાગ આશ્ચર્યજનક છે. પોતાનો જાતી ધંધો કપડાં વણવાનો હતો તે શીખી તેના ઉપર પોતાના કુટુંબનું ગુજરાન કરતા. યોગ્ય વયે લગ્ન કર્યું તેથી કમાલ નામે પુત્ર ઉતપન્ન થયો. કબીરને પૂર્વ જન્મના સંસ્કાર ને લીધે બ્રહ્મજ્ઞાન ઉત્પન્ન થયું હતું તેઓ બાળપણુથીજ રામની ભક્તિમાં રસ બસ થઈ તત્પર રહેતા, વણતાં વણતાં પણ રામનામ નામનો ઉચ્ચાર કરતા હતા. પણ ગુરૂવિના ગતિ નહિ તેથી ગુરૂ શોધ માટે કાશીમાં આવ્યા અને રામાનંદ સ્વામિને ગુરૂ કરવાની ઇચ્છાથી જેને તેને સ્વામિનો આશ્રમ પૂછતાં કોઈ દયાળુ સાધુને દયા આવવાથી રામાનંદ સ્વામિના નાહાવાના વખતે રસ્તામાં સુવાનું કહ્યું તે ઉપરથી મોટે મળસકે ગંગાના ઘાટ ઉપર જઈ રામાનંદ સ્વામિના રસ્તામાં સુઈ ગયા. સ્વામિએ અંધારે તેના ઉપર પગ મૂકવાથી કબીર બુમ પાડી ઉઠયા તેથી રામાનંદ સ્વામિએ જાણ્યું કે કોઇનું છોકરૂં ચગદાયું તેથી તેને માથે હાથ મૂકી "બચ્ચા રડો મત રામ રામ બોલો" આપ્રમાણે ગુરૂમંત્ર મળ્યો. તે લઈ પછી માળા કંઠી ધારણ કર્યાં અને

પોતે ભક્તિનાં બનાવવા લાગ્યા તેમાં કબીરના દુહાઓ આજે પણ લોકો હોંશે હોંશે વાંચે છે. એક વખતે પોતાના ઘરમાં બીલકુલ અનાજ થઈ રહેવાથી એક વણેલો તાકો તૈયાર હતો તે લઈ બજારમાં વેચવા ગયા ત્યાં રસ્તામાં એક સાધુને ટાઢથી ધ્રુજતો જોઈ તે કપડાનો તાકો તેને આપી દઈ આનંદ પામતા ઘેર આવ્યા ત્યાં જુએ છેતો માને રસોઈ કરતાં દીઠાં. માને બધી વાત કહી અને દાન કરવાની ભલામણ કરી. ત્યારથી એમને દાન આપવાનું શરૂ કર્યું. એક વખત દાન લેનાર ઘણા આવ્યા હતા અને ઘરમાં પૂરતું અનાજ નહોતું તે લેવાને કબીર બહાર ગયા એક જગ્યાએ ભજનના તાનમાં લાગી ગયા અહીં દાન લેનાર ખોટી થતા જાણી ભગવાને કબીરના વેશે આવી સરવેને દાન આપ્યું. કબીરના જીવનમાં આવા આવા ઘણા ચમત્કારો થયા છે. એક વખતે બાદશાહે તેમને નદીમાં ડુબાડી દીધા તેમાંથી નીકળ્યા, અગ્નિમાં બાળ્યા પણ જીવતા રહ્યા, અને હાથીના પગ તળે છુંદાવવાનો વિચાર કર્યો તો હાથી તેમને જોઈ નાશી ગયો. આવી રીતે પ્રભુએ તેમને ઘણી સાહ્યતા કરી હતી તે માત્ર પ્રભુ ભક્તિનોજ મહિમા હતો.

સુરદાસ:—એમનો જન્મ ઇ. સ. ૧૫૪૦ માં બાવા રામદાસ નામના બ્રાહ્મણને ઘેર થયો હતો અને એમનું નામ બિલ્વમંગળ હતું. જુવાનીમાં પિતાનું મૃત્યુ થયું હતું તે વેળાએ તે ચિન્તામણિ નામની વેશ્યાને ચહાતો હતો. તેથી તે રોજ તે ગુણકાને ઘેર જતો. લોકોમાં તેની નિંદા થતી પણ તે ગણકારતો નહિ. અને હમેંશતે ગુણકાનું ચિંતવન કર્યા કરતો. એક દિવસ પોતાને ઘેર બાપનું શ્રાદ્ધ હોવાથી સગાં સંબંધીને જમાડવા વગેરે કામમાં રોકાવાથી ગુણકાને ત્યાં જઈ શક્યો નહિ, તોપણ ગુણકા વગર તેનાથી રહેવાયું નહિ. તેથી મોડી રાત્રે ગુણકાને ત્યાં જવા નીકળ્યો, બહાર જુએ છે તો અંધારી રાતે વરસાદ મુશળધાર વરસતો દીઠો તોપણ તે ચાલ્યો. નદીકિનારે આવ્યો તો નદીમાં પૂર આવેલું. હોડી વગેરે કંઈ મળે નહિ ચોગરદમ ફરવા લાગ્યો પછી નદીમાં પડયો ત્યાં નદીમાં કંઈ લાકડા જેવું તરતું જણાયું. તેને વળગીને સામે પાર ગયો ને ગુણકાને ત્યાં જઇ જોયું તો દરવાજો બંધ દીઠો પણ એક બારીએ કંઇ દોરડા જેવું લટકતું દીઠું તે પકડીને ઉપર ચઢીને અંદર ગયો. ચિન્તામણી

તેને જોઇને ઘણી અજાયબીમાં પડી તેણે વિચાર કર્યો કે અંધારી રાત્રે આવા તોફાનમાં નદીએ પુર આવેલું છતાં આ કેવી રીતે આવ્યો હશે ! બિલ્વમંગળને બેસાડી ધીરેથી પૂછ્યું, બિલ્વમંગળે કહ્યું કે હું તમને કેટલો બધો ચાહું છું. આજે મારા બાપનું શ્રાદ્ધ છતાં આવી ભયાનક રાત્રે નદીમાં પડીને એક તરતા લાકડાની મદદથી નદી પાર કરી બારીએ લટકતા દોરડાના આધારે હું અંદર આવ્યો છું. ચિન્તામણીએ કહ્યું ચાલો મને તે દોરડું બતાવો, કે જઇને જોયું તો મોટો વિષધર નાગ જણાયો, પેલું લાકડું જોયું તો મુડદું જણાયું. ચિન્તામણી ચકિત થઇ અને તેનો મોહ છુટયો, તેણે શુદ્ધિમાં આવી કહ્યું, બિલ્વમંગળ તું ખરેખર ઘેલો થયો છે, તે જેવું મારામાં ચિત્ત રાખ્યું તેવુંજ જો હરિપદમાં રાખ્યું હત તો તારૂં કલ્યાણ થયું હોત. હાડ, ચામ અને વિષ્ટાના કોથળારૂપ આ મારા શરીરમાં તેં આશક્તિ રાખી તેમાં શું સુધર્યું, જે પ્રેમ મને આપ્યો છે તે પ્રેમ હરિપદમાં લગાડો તો તમારી મુક્તિ થશે.

બસ એના કહેવાથી જેમ ખેડેલા ખેતરમાં બીજ વાવે અને ફણગા ફૂટે તેમજ પ્રભુ પ્રેમનો ફણગો ફૂટયો ને તે ગુણકાનો સંબંધ તથા ઘર-બાર સગાં સંબંધી સર્વ તજી પોતે હરિનામ જપતો ચાલી નીકળ્યો. અને સોમગિરિનામના મહાત્મા પાસેથી ગુરૂમંત્ર લઈ હરિ ગુણ ગાતો ફરવા લાગ્યો. એક વખતે પ્રભુ દર્શનની ઇચ્છા થયાથી પોતે વૃંદાવનમાં જતો હતો, રસ્તામાં જતાં એક ગામના તળાવમાં એક સ્ત્રીને નહાતી જોઈ પૂર્વની કામવાસના સ્ફૂરી આવવાથી તેના તરફ જોઇરહ્યા, તે સ્ત્રી નાહીને ઘેર ગઈ તેની પછવાડે પછવાડે પોતે ગયા અને બારણામાં ઉભારહ્યા, એટલામાં તે સ્ત્રીનો ધણી આવ્યો તેણે બારણામાં સાધુને ઉભેલા જોઈ પૂછ્યું. પ્રભુ ! તમે બારણે શા માટે ઉભા છો ? બિલ્વમંગળે કહ્યું આપની પત્નિને એકવાર જોવા ઇચ્છું છું તે સાંભળી ધર્મપરાયણ વેપારી વિચાર કરી બોલ્યા આપની ઇચ્છા પૂર્ણ થશે. હું અતિથિને કદી વિમુખ કરતો નથી બેસો. હું મારી સ્ત્રીને બોલાવી લાવું છું. એમ કરી સ્ત્રીની પાસે જઈ તેને કહ્યું કે આપણી પરીક્ષાનો વખત આવ્યો છે તેમાંથી શ્રીપ્રભુ પાર ઉતારશે માટે મારી આજ્ઞાને માન આપી બારણે ઉભેલા સાધુને સંતોષ આપો. તે સ્ત્રી પતિ આજ્ઞા માથે ચઢાવી વસ્ત્રાલંકાર સજી પતિ સાથે બહાર આવી તેના ધણીએ

કહ્યું મહારાજ, આ મારી સ્ત્રીને આપ દાસી તરીકે ગ્રહણ કરી આપની મન કામના સિદ્ધ કરો. બિલ્વમંગળે તેને સારી પેઠે નિહાળી તૃપ્ત થઈ બેસોય મંગાવી પોતાની આંખોમાં ઘોચી આંખો ફોડી નાંખી કે જે આંખ્યો એ જોવાથી એકામ વશ થયા હતા. એપ્રમાણે આંખો ફોડી શ્રીહરિનાં દર્શન કરવા અથડાતા ટીચાતા વૃંદાવન તરફ જવા લાગ્યા. પ્રભુ ગોવાળ બાળનું રૂપ ધરી તેમને દોરીને વૃંદાવનમાં લઈ ચાલ્યા. રસ્તામાં જ્યારે જ્યારે પ્રભુનું ધ્યાન ધરે ત્યારે તેમને અંતરમાં ગોવાળ બાળની મૂર્તિ પ્રત્યક્ષ થાય તે ઉપરથી (આંખો ફોડવાથી સુરદાસ નામ પડયું તે) સુરદાસ બહુ શોક કરવા લાગી કહેવા લાગ્યા કે મને પ્રભુના દર્શન ક્યારે થશે ? ત્યારે ગોવાળ બાળે કહ્યું કે વૃંદાવનમાં જરૂર દર્શન થશે વૃંદાવનમાં જઈ પ્રભુએ તેમને દર્શન દીધા ત્યારથી પ્રભુ યશ કવિતામાં ગાવા લાગ્યાં. તેમણે રચેલો ૬૦૦૦૦ સાઠ હજાર પદોનો સંગ્રહ સુરસાગર નામથી પ્રસિદ્ધ છે.

પીપા:—એ રાજા હતો અને દેવિ ભક્ત હતો. તે દેવીને પૂર્ણ ભક્તિથી નૈવેદ્ય ભોગ ધરાવતો એક વખતે કેટલાક સાધુ આવી દેવી મંદિરમાં ઉતર્યાને તેમણે ઠાકોરજીના નૈવેદ્ય માટે રસોઈ કરી, તેમની જોડમાંજ બ્રાહ્મણોએ દેવીના નૈવેદ્યને માટે રસોઈ કરી હતી. સાધુએ રસોઈ કરી ઠાકોરજીને થાળ ધરાવતી વખતે પાણીનો છાંટો અનાયાસે બ્રાહ્મણની રસોઇમાં પડયો હશે તેથી ઠાકોરજી તે રસોઇને પણ આરોગી ગયાથી દેવીને નૈવેદ્ય મળ્યું નહીં તેથી દેવી ક્રોધાયમાન થઈ રાત્રે રાજા પાસે જઈ તેને કહ્યું કે હું ભુખી છું. મારો ભોગ ઠાકોરજી જમી ગયા ત્યારે પીપાએ કહ્યું કે શું ઠાકોરજી તારાથી મોટા છે તેણે હા કહી, રાજાએ પૂછ્યું કે શાથી ત્યારે તેણે કહ્યું કે તે મુક્તિ આપે છે, ત્યારે તમારી સેવા કરેલી ફોકટ કે ત્યારે દેવી એ કહ્યું કે તું રામાનંદને ગુરૂ કર એટલે તને મુક્તિ મળશે તે ઉપરથી પીપો રામાનંદ પાસે ગયો અને ગુરૂમંત્ર લીધો પછી રાજાનું ચિત્ત પ્રભુભક્તિમાં લાગ્યું એક વખત પોતાની સ્ત્રીને લઈ પીપો ભક્ત દ્વારકા ગયા અને લોકોને સોનાની દ્વારકા વિષે પૂછ્યું. લોકોએ કહ્યું કે તેતો દરિયામાં છે તે ઉપરથી તે બંને જણ પૂર્ણ પ્રેમથી સાગરમાં પેઠાં, પ્રભુને ચિંતા થઈ અને પોતાના બે સેવકો મોકલી પોતાની પાસે તેડી મંગાવ્યાં ત્યાં તેમણે રાધા કૃષ્ણનાં દર્શન કર્યાં ને થોડા દિવસ રાખી સારી

રીતે સંતોષ્યાં પછી જવાનું કહ્યું ત્યારે પીપા ભગતે નાકહી પરંતુ પ્રભુએ કહ્યું કે લોકોનો મારા ઉપરથી ભરોસો ઉઠી જાય કે પ્રભુનાં દર્શન કરવા ગએલાં ડુબી મુઆં, માટે તમે જાવ હું તમને આ શંખ ચક્ર નિશાની માટે આપું છું તે રાજાને આપજો અને કહેજો કે તેની છાપ મારી સર્વેને પાવન કરે, નિશાની લઈ તેઓ બહાર આવ્યાં તેમને કોરે લુગડે જોઈ તેમની ભક્તિનાં વખાણ કરી લોકો તેમને નમ્યા રાજાપાસે જઈ પ્રભુએ આપેલાં શંખ ચક્ર આપ્યા અને સંદેશો કહી પોતે ત્યાંથી ચાલી નિકળ્યા અને રસ્તામાં અનેકજણને પરચા બતાવી બોધ કરી પ્રભુ ભક્તિના પ્રેમી કર્યા. પોતે હમેશાં ઘણાં ભાવથી સાધુ સેવા કરતા તેમની સ્ત્રી ઘણી રૂપવાન હોવાથી ઢોંગી પુરૂષો સાધુનું રૂપ લઈ તેની માગણી કરતા તો તેનેપણ આપી દેતા પણ તેમની સ્ત્રીપણ પુર્ણ પ્રેમી ભક્ત હતી તેથી પ્રભુ અનેક પ્રકારે તેનું રક્ષણ કરતા, આ પ્રકારે પ્રભુ ભક્તિની બલિહારી છે. ધન્ય છે એવા મહાત્મા જનોને કે જેમણે પોતાના કાર્યોથી જગતને ઉપકારી કર્યું છે.

ધનોજી :—એ જાટ જાતિના હતા તેમના માબાપ ખેતીનો ધંધો કરતા હતા. ધનાજીને નાનપણથી સાધુ સેવા ઉપર પ્રેમ હતો, માબાપ વૃદ્ધ હોવાથી ખેતીનું કામ પોતે કરતા છતાં ઘણાજ ગરીબ સ્થીતિના હતા એક વખતે ખેતરમાં ઘઉં વાવવાના હોવાથી તેમના બાપે કોઇની પાસેથી ઉધારે ઘઉં લાવી આપી ધનાજીને વાવવા મોકલ્યા. રસ્તામાં સાધુ મળ્યા અને તેમણે અનાજની માગણી કરી ત્યારે પેલા ઘઉં આપી દળાવી સાધુને જમાડી દીધા. માબાપના વઢવાની બીકથી રેતીની પોટલી બાંધી ઘઉંને બદલે રેતી વાવી આવ્યા. થોડા દિવસમાં સૌની જોડે તેમના ખેતરમાં પણ ઘઉં ઉગી નીકળ્યા, પડોશી ખેતરવાળાઓએ ધનાપાસે તેનાં વખાણ કર્યાં-ધનો પોતે રેતી વાવી આવેલો તેથી પોતાની મશ્કરી કરે છે એમ સમજી ખેતરમાં ગયો નહિ. પછી તે ખેતરમાં દાણા આવ્યા અને બધા કરતાં સારો મોલ જોઈ પડોશી ખેતરવાળાએ કહ્યું કે હવે તમે ખેતરમાં જનાવર ઉરાડવા ચાલો નહી તો જનાવર ઘઉં ખાઈ જશે. આને પણ ધનાજી મશ્કરી સમજીને ખેતરમાં બિલકુલ ગયાજ નહિ. તેથી પ્રભુને ચિંતા થઈ અને પોતે ટોયાનું રૂપ લઈ ધનાજીનું ખેતર સાચવવા લાગ્યા. પડોશીઓએ તે વાત ધનાને કહી તેના જેવો ટોયો મેળવી આપવાને જણાવ્યું તે

ઉપરથી ધનાજીને લાગ્યું કે કોઈએ પોતાના ખેતરમાં ધઉં વાવી ટોયો મુકયો હશે અને અનાજ તે લઈ જશે ને મારે સરકાર વેરો મફતનો ભરવો પડશે, માટે લાવ હું તેને ખબર આપું કે સરકાર વેરો તારો ભરવો આમ ધારી ખેતરમાં જવા નીકળ્યો ત્યાં જઈ જુએ છે તો બધા ખેતરો કરતાં પોતાના ખેતરમાં પુષ્કળ અનાજ પાકેલું જોયું અને ટોયાને જનાવર ઉરાડતો જોઈ ટોયાને તેના વાવનારનું નામ પૂછવા વાસ્તે તેની પાસે જવા લાગ્યો તેને જોઇને ટોયા રૂપી ભગવાન આ ખૂણેથી આખૂણે એમ નાસવા લાગ્યા તે ઉપરથી ધનાજીની ખાત્રી થઈ કે વાવનારનો ટોયો હોય તો નાશે શા મ ટે? માટે જરૂર એ પ્રભુ છે માટે વધારે પ્રેમથી તેમને પકડવા દોડયો ને ખેતરના ચારે ખુણામાં ફરતાં થાકી જવાથી ભગવાન હાથમાં ન આવવાથી નિરાશ થઈ પડી ગયો. પ્રભુએ ચતુર્ભૂજ સ્વરૂપ ધરી તેને દર્શન દઈ અનાજ બધું ઘેર લઈ જવાનું અને રામાનંદને ગુરૂ કરવાનું કહી પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા. ધનોજી ધઉં કપાવી ગાડાં ભરાવી ઘેર લઈ ગયો પછી રામાનંદ પાસે જઈ ગુરૂમંત્ર લીધો અને પ્રભુ ભક્તિ કરી પ્રભુ પદને પામ્યા. આહા? સંત સેવા અને પ્રભુ ભક્તિનો કેવો મહિમા છે.

સદનો કસાઈઃ—આ જાતે કસાઈ છતાં તેને પ્રભુ ઉપર પૂર્ણ પ્રેમ હોવાથી પોતે જાતે પશુવધ કરતો નહોતો અને બજારમાં માંસ વેચાતું લાવી તે વેચતા. જે નફો મળે તેઉપર ગુજરાન ચલાવતો સાંજે ઘેર જઈ નાહી ધોઈ પવિત્ર થઈ પ્રભુસ્મરણ કરી ભોજન કરતો. દિવસે દુકાન ઉપર બેશી પ્રભુનામ લીધા કરતો તેના તોળવાના કાટલામાં શાલીંગરામ હતા તે એક સાધુના જોવામાં આવ્યાથી તેને બદલે તેટલાજ વજનનો બીજો પથરો આપી સાલીંગરામને સાધુ લઈ ગયા રાત્રે સાધુને શાળીંગરામ રૂપી પ્રભુએ સ્વપ્નું આપ્યું કે મને તો એ કસાઈના ત્રાજવામાંજ રહેવું ગમેછે માટે મને ત્યાં પાછા મુકી આવો તે ઉપરથી સાધુ તેમને પાછા આપી આવ્યા. ને પોતાના સ્વપ્પની વાત કહી અને કહ્યું કે તું ભજન કરેછે તે સાંભળવું આ ઠાકોરજીને ગમેછે માટે મને પાછા આપવાની આજ્ઞા કરીછે તેથી તારા ઠાકોરજી તું પાછા લે. સદનાને ઘણી ચોટલાગી અને ઠાકોરજી પોતાની ભક્તિ સ્વીકારે છે જાણી ઘણો ગળગળો થઈ ગયો અને એ

સાળીંગરામને પોતાના ઇષ્ટ દેવ માની ધંધો મૂકી દઈ જગન્નાથજી જાત્રા કરવા ચાલ્યો. એક સંઘ જતો તેની પછવાડે દૂર દૂર રહી જવા લાગ્યો. સંઘ મૂકામ કરે ત્યારે પોતે પણ દૂર મૂકામ કરે એમ કરતા એક ગામની ભાગોળે શંઘે મુકામ કર્યો. સદનો પણ દૂર એક ઝાડ તળે બેઠો પછી ગામમાં ભીખ માગવા ગયો તેનું રૂપ જોઈ એક સ્ત્રી તેનાઉપર મોહ પામી તેને પોતાનો ધણી આવેથી જમાડવાનું કહી બેસાડયો અને અનેક પ્રકારના શૃંગારિક વાકયો વડે હાવભાવ કરવા લાગી પણ સદનાનું હરિસ્મરણમાં ચિત્ત હતું. તે સ્ત્રીનો પતિ આવ્યા પછી રસોઈ કરી તેને જમાડી પોતાને ત્યાંજ વિસામો કરવાનો આગ્રહ કરી બારણે ઓટલા ઉપર પથારી કરી આપી. મોડી રાત્રે પતિના ઊંધ્યા પછી તે સ્ત્રી રાત્રે બહાર આવી સદનાને જગાડી કહ્યું કે હું તારાઉપર મોહીત થઈ છું માટે ચાલો આપણે નાશી જઇએ. સદનાએ કહ્યું કે મારૂં માથું કાપી નાંખે તોપણ એ વાત બને નહિ. ત્યારે તે સ્ત્રી ઉલટુ સમજી કે તે મારા ધણીનું માથું કાપવાને કહેછે. તે ઉપરથી તે ઘરની અંદર જઈ પોતાના ધણીનું માથું કાપી લાવી ને કહ્યું, ચાલો ઉઠો આપણે રસ્તે પડીએ, સદના એ કહ્યું કે–તેં ઘણું ખોટું કર્યું. તારા ધણીનું માથુ શું કરવા કાપ્યું? હું તો સાધુ છું તને લઈ જઇને શું કરૂં, એ પ્રમાણે સદનાએ જ્યારે લઈ જવાનીના પાડી ત્યારે તે સ્ત્રીએ બૂમરાણ પાડી લોકોને જગાડીને કહ્યું કે આ સાધુને મેં આજે જમાડી મારે ઘેર રાખ્યો ત્યારે તેણે મારા ધણીનું માથું કાપી મારી નાંખ્યો, તેઉપરથી તેને પકડી રાજાપાસે લઈ ગયા. રાજાએ સાધુ જાણી વધારે શીક્ષા ન કરતાં માત્ર તેના બંને હાથ કાપી નાંખ્યાં. પૂર્વે જન્મે સદનો બ્રાહ્મણ હતો, તે સ્ત્રી ગાય હતી ને તેનો ધણી કસાઈ હતો. તે ગાય કસાઇના હાથમાંથી છટકી નાસતી હતી ત્યારે આ બ્રાહ્મણે તેને આડાહાથ ધરી રોકી હતી તેથી કસાઇએ પકડી તેનું માથું કાપી નાખ્યું હતું તે ઉપરથી આ અવતારે તેના હાથ કપાવી પૂર્વનું વેર લીધું. સદનો ત્યાંથી સંઘપાસે પોતાને ઉતારે ગયો અને જગન્નાથજીને રસ્તે પડયો, જ્યારે જગન્નાથજીની લગભગ થવા આવ્યા ત્યારે શ્રીજગન્નાથજીએ પોતાના સેવકોને સ્વપ્નું આપ્યું કે મારો પરમ ભક્ત સદનો નામે કસાઈ છે તે મારાં દર્શન કરવા આવે છે પણ તેના બંને હાથ કપાઈ ગયાથી ઘણું દુઃખ પામેછે માટે

સામાજઈ પાલખીમાં બેસાડીને તેડી લાવો. તે ઉપરથી સેવકો બીજે દિવસે સામાજઈ પાલખીમાં બેસાડી ઠાકોરજી પાસે લઈ આવ્યા. સદનો પાલખીમાંથી ઉતરી ઘણા પ્રેમથી દર્શન કર્યાં પ્રભુ કૃપાથી તેના હાથ સાજા થયા અને પ્રભુએ ચતુર્ભૂજ સ્વરૂપે દર્શન દઈ કહ્યુંકે હે સદના હું તારી ભક્તિથી તારાઉપર પ્રસન્ન છું. મેં તારી પરીક્ષા કરવા તારાઉપર દુઃખ પાડયું હતું પણ તું મારી કસોટીમાં બરાબર ઉતર્યોછે. એમ કહી શ્રીપ્રભુએ તેને પોતાના પદનો અધિકારી કર્યો.

કરમાબાઈ:—પ્રભુની પરમ ભક્તાણી મારવાડ દેશમાં થઈ ગઈ, મારવાડમાં પાણીની તંગાશને લીધે તેનાથી નહાવા ધોવાનું બરાબર બનતુ નહિ તોપણ નાહ્યા ધોયા વગર ખીચડી રાંધી પૂર્ણ પ્રેમથી તે ઠાકોરજીને ધરાવતી હતી અને તે ખીચડી ઠાકોરજીપણ પૂર્ણ પ્રેમથી આરોગી જતા હતા, આ વાત એક સાધુના જાણવામાં આવ્યાથી તે કરમાબાઇને ત્યાં આવ્યો તો તેણે કરમાબાઇને નાહ્યા ધોયાવગર ખીચડી રાંધતાં દીઠી તે ઉપરથી નાહી ધોઇને રાંધીને ભોગ ધરાવવાનો બોધ કર્યો, તે ઉપરથી બીજે દિવસે નાહી પરવારી રસોઈ કરી ભોગ ધરાવતાં વાર થઈ તે વખતે શ્રીજગન્નાથજીમાંપણ રાજભોગ ધરાવવાની વેળા થઈ હતી તેથી ઠાકોરજી જલદી જલદી ખીચડી ખાઈ એંઠે મોંઢે જતા રહ્યા. મંદિરમા સેવકોએ તેમને એંઠે મોંઢે જોવાથી ઘણા પ્રકારે વિનંતિ કરતાં પોતે કરમાબાઇને ઘેર રોજ ખીચડીખાઈ આવવાની વાત કરી ત્યારથી એ બાઈની ભક્તિ વિષે લોકોને ખબર પડી.

શબરીબાઈ:—આ ભક્ત બાઈ જાતે ભીલ્લ હતી તે પોતાના ધણી સાથે જંગલમાં રહેતી હતી તે જંગલમાં વાઘ વરૂની બીક ઘણીજ હતી તેથી રાત્રે તેઓ એક ગુફાની અંદર સૂઈ રહેતાં. એક વખત તે વનમાં એક ઋષિ ત્યાં આવી ચઢયા અને રાત્રી પડવાથી તેમની પાસે રાતવાસો રહેવાની ઇચ્છા જણાવી. ગુફા સાંકડી હોવાથી શબરી અને રૂષિ ગુફામાં સુતાં અને તેનો ધણી બહાર તાપણું સળગાવી જાગતો બેઠો પ તું મળસ્કે આંખ મળતાં વાઘે આવી તેને મારી નાંખ્યો સવારમાં ઉઠીને જોતાં પોતાના પતિને નહિ જોતાં છાતી માથાં કુટવા લાગી તેને સમજાવી પેલા ઋષિ પોતાના આશ્રમે લઈ ગયા. ત્યાં એક ઝુંપડી બાંધી આપી તેમાં

રાખી તેનું ગુજરાન કરવા લાગ્યા. રૂષિસંગે રહેવાથી તેની વૃત્તિ નિર્મળ થઇ. સાધુના જવાના માર્ગો રોજ સાફ કરે અને તેમનાં સમિધ રાત્રે પૂરાં પાડે આપ્રમાણે રૂષિ સેવા કરતાં રૂષિઓ પોતાના પૂન્યમાં ભાગ પડાવનારની તપાસ માટે એક રાતે જાગતા બેશી રહ્યાં તો શબરીને એપ્રમાણે કરતાં જોઈ પોતે અભડાયા એમ સમજી તેને પકડી માર મારતા માતંગ રૂષિપાસે લઈ ગયા. રૂષિએ તેની સુદ્ધ ભક્તિ જાણી તેને છોડાવી પોતાના આશ્રમમાં રાખી તેથી બીજા રૂષિયોએ તેમની સાથેનો વહેવાર બંધ કર્યો. અને તેમની નિંદા કરવા લાગ્યા. કાળે કરી માતંગ રૂષિ-સ્વધામ ગયા તે વખતે શબરીને કહેતા ગયા કે શ્રીરામનાં દર્શન થાય ત્યાં સુધી અહીં રહેજે. શ્રીરામ દર્શનની આશામાં કાળક્રમણ કરતી ફરીને રસ્તા વાળવા લાગી. એક વખત મોડું થવાથી રૂષિયોએ તેને જોઈ તેથી પોતે અભડાયા જાણી ફરીથી તળાવમાં સ્નાન કરવા ગયા તો તે તળાવનું પાણી લોહી જેવું રાતું અને માંહે જીવજંતુ ખદબદતા જોઈ પોતાના નશિબને ધીક્કારવા લાગ્યા. શબરી દરરોજ બોર વીણી લાવી ચાખી જોઇ જે મીઠાં હોય તે શ્રીરામચંદ્રજીને વાસ્તે રહેવા દે એમ નિત્ય પ્રતિ રામચં-દ્રજીની વાટ જોતાં એક દિવસે તે વનમાં શ્રીરામચંદ્રજી પધાર્યા અને શબરીનો આશ્રમ પૂછી પાધરાજ તેના આશ્રમે જઈ પૂર્ણ પ્રેમથી તેનાં એંઠાં બોર ખાધાં. તેમને રૂષિયો એ શબરી પાસે બેઠલો જોઈ પોતેપણ ત્યાં આવ્યાને પેલા તળાવના પાણી બગડવાની વાત કહી ત્યારે શબરીના પગ અંદર બોળો તો પાણી સુધરે એપ્રમાણે કહી પોતે વિદાય થયા અને પોતાની સાચી ભક્તિ કરનારી નીચ જાતીનાં પણ એંઠા બોર ખાધાં એપ્રભુની ભક્ત પ્રત્યેની મમતા કેટલી છે તે બતાવી આપે છે.

જનકઃ—એ મિથિલાપુરીના રજા, એ વિદેહી એટલે સંસારમાં રહ્યા છતાં પોતાના વેદાંત જ્ઞાને કરી સર્વથીમૂક્ત એવા કહેવાય છે. એમની સભામાં બ્રાહ્મણો નાના પ્રકારની વિદ્યા વિષે વાદવિવાદ કરતા. જનકે પોતાના ખેતરમાંથી નીકળેલી એક પાંચ વર્ષની કન્યા નામે સીતાને ઉછેરી મોટી કરી તેનો સ્વયંવર કરી શ્રીરામચંદ્રજીને પરણાવી હતી.

પુરીબાઈ:—એ સ્ત્રી ભક્ત કવિ ગુજરાતમાં એકજ ઉત્પન્ન થયેલાં છે તે કયારે થયાં તે જણવામાં આવ્યું નથી પરંતું તેમનું બનાવેલું "સીતા

મંગળ" નામે સીતાસ્વયંવરનું આખ્યાન વાંચતા જણાય છેકે તેઓ સીતારામનાં પ્રેમી ભક્ત હતાં. તેમની પોતાની બનાવેલી કવિતા અથવા ભજનો હજી સુધી પ્રસિદ્ધિને પામ્યાં નથી પરંતુ બીજા ભક્તોની કવિતા ઉપરથી પુરીબાઈ ભક્ત કવિ હતાં અને તેમને શ્રીપ્રભુનો સાક્ષાત્કાર થયો હતો એમ લાગે છે.

પરશુરામ—એ ભૃગુરૂષિના પુત્ર રૂચિક, તેમના પુત્ર જમદગ્નિના પુત્ર થાય, તેથી તે ભૃગુ કુલોત્પન્ન કહેવાયછે અને એમણે એકવીશ વાર પૃથ્વી નક્ષત્રી કરીને તે પૃથ્વી બ્રાહ્મણોને દાનમાં આપી તેમજ પોતે શ્રીપ્રભુના અંશાવતાર હોવાથી એ ભૃગુકુલદીપક અથવા ભૃગુકુલનો દીવો ગણાયછે. એ વિષ્ણુના દશ અવતારમાંના છઠ્ઠા અને ચોવીશ અવતારમાંના ઓગણીશમાં અવતારછે. એ પિતાના એવા આજ્ઞા પાલક પુત્રહતા કે એકવખત તેમની મા નદિપર જલ ભરવા ગએલાં ત્યાં ચિત્રકેતુ ગાંધર્વ પોતાની સ્ત્રી સાથે જળક્રિડા કરતાં હતાં તે જોવા ઉભાં રહેવાથી વારલાગી. જમદગ્નિ રૂષિએ ધ્યાનથી પોતાની સ્ત્રીનો માનસિક વ્યભિચાર જાણવાથી તેમના બીજા પુત્રોને રેણુકાને મારી નાંખવા કહ્યું પણ તેમણે તે કામ ન કર્યું તેથી રૂષિએ ક્રોધાયમાન થઈ પરશુરામને આજ્ઞા કરી કે તારા ભાઇઓ સહીત તારીમાને મારી નાંખ. પરશુરામે બધાને મારી નાંખ્યાં તેથી રૂષિએ પ્રસન્ન થઈ વર માગવાનું કહેતાં એ સર્વને સજીવન કરવાનું માગ્યું તેઉપરથી રૂષિએ પાછાં સર્વને જીવતાં કર્યાં. માહિષ્મતિ નગરીનો સહાસ્ત્રાર્જુને જમદગ્નિ રૂષિની ગાયનું હરણ કરી ગયો ત્યારે પિતાની આજ્ઞાથી તેની નગરીમાં જઈ તેને અને તેના ૯૦૦ પુત્રોને મારી કામદુધાલઈ આવ્યા અને ચક્રવર્ત્તિ રાજાને માર્યાનું પાપ નિવારણ કરવા યાત્રા કરવાગયા તે દરમિયાન સહસ્ત્રાર્જુન ના ૧૦૦ પુત્રો પરશુરામના હાથમાંથી છટકી ગયા હતા તેમણે આવી જમદગ્નિ રૂષિને મારી નાંખ્યા. રેણુકા વિલાપ કરવા લાગી અને ૨૧ વાર છાતી કુટી અને પરશુરામને યાદ કર્યા. પરશુરામે ધ્યાનથી જાણી માતા પાસે આવી પ્રતિજ્ઞા કરીકે મારી માતાને ક્ષત્રીના ત્રાસથી એકવીશવાર છાતી કુટવી પડી છે માટે હું એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરીશ તે પ્રમાણે તેમણે એકવીશવાર નક્ષત્રી પૃથ્વીકરી હતી. **એ કૈલાસમાં** શંકર પાસે વિદ્યા ભણ્યાહતા. ક્રૌંચ નામની બારીમાંથી પરશુરામ પૃથ્વી નક્ષત્રી કરવાને વાસ્તે હિમાલયમાંથી

આવતા હતા અથવા એક વખત પરશુરામને અને કાર્તિક સ્વામિને પોત પોતાના બળવિષે વાદ થયો હતો તેથી તેમણે ક્રૌંચ નામના પર્વતમાં બાણ-મારી મોટી ખીણ પાડી હતીતે અદ્યાપિ ક્રૌંચની બારીને નામે ઓળખાય છે એને એ તેમના યશની નિશાની છે. એ ખીણમાં થઇને હિમાલયમાંથી ટિબેટમાં જવાય છે.

વાયુપુત્ર હનુમાનઃ—કેશરી વાનરની સ્ત્રી અંજની એ બળવાન પુત્રની પ્રાપ્તિ સારૂ સાત હજાર વર્ષ લગી ઋષિમુખ પર્વત ઉપર શિવની તપશ્ચર્યા કરી હતી. શિવે પ્રસન્ન થઈ કહ્યું કે આજ તું સૂરજના સામું ધ્યાન કરતી જોયા કરજે અને ખોભો ધરી રાખજે ને આકાશમાંથી જે કંઈ તારા ખોબામાં પડે તો તરત ખાઈ જજે. એવું બન્યુ કે તેજ દિવસે દશરથની સ્ત્રી કૈકયીના હાથમાથી યજ્ઞ પ્રસાદિનો ગ્રાશ એક સમડી ઝડપી ગઈ. પરંતુ વાયુના ઘણા જોરથી વાવાને લીધે એ ગ્રાસ સમડીની ચાંચ-માંથી છૂટી ગયો ને પવને અંજનીના ખોબામાં મૂક્યો. તે ખાઈ ગઈ તેથી હનુમાન અવતર્યા. કોઈ કહે છે કે અંજની ગૌતમની પુત્રી, એણે ઇન્દ્રનું કપટરૂપ ન ઓળખતાં ઘરમાં જવાદીધાથી પિતાએ શાપ આપેલો કે તું સદા કુંવારી રહીશ પરંતુ ઘણી વિનવણીથી રૂષિએ “તને લાંછન ન લાગતાં પુત્ર થશે.” તે ઉપરથી તે તપ કરવા વનમાં ચાલી ગઈ. પછી એવું બન્યું કે ભષ્માસુરના નાશને માટે શ્રીવિષ્ણુએ મોહિની રૂપ ધર્યું હતું તેને શિવે જોવાથી પોતે મોહિત થઈ સ્ખલિત થયા હતા તે વીર્ય નારદ લઈ જ્યાં અંજની તપ કરતી હતી ત્યાં આવ્યા ને બોલ્યા કે ઉપદેશ વિના તપ ફળશે નહિ. અંજનીએ ઉપદેશ કરવાનું કહેતાં નારદે વાયુને સંભાર્યોને એણે મહાદેવના વીર્યને કાન વાટે અંજનીના ઉદરમાં મૂક્યું જેથી હનુમાન અવતર્યા આ કારણથી એ વાયુપુત્ર અને શિવપુત્ર કહેવાય છે. એમણે સુગ્રિવાદિ વાનરોની સાથે રહી શ્રીરામને સીતાની શોધ તથા રાવણના યુદ્ધમાં ઘણી મદદ કરી મનુષ્ય શક્તિની બહારનાં કામો કર્યાં છે. એ શ્રીરામના પૂર્ણ પ્રેમી ભક્ત હતા તેમજ એ સદા બ્રહ્મચારી હતા.

મીરાંબાઈઃ—સાતમી ચોપડીનો પાઠ ૧૮ મો જુઓ.

નરસિંહ મહેતોઃ—સાતમી ચોપડીનો પાઠ ૮૨ મો જુઓ.

મોરધ્વજ.

મોરધ્વજરાજા ખંભાતમાં એક મોટો ભક્તરાજ થઇ ગયો. અરજુનને એવામાં અહંકાર થયો હતો કે મારા જેવો શ્રી કૃષ્ણને કોઇ ભક્ત હશે નહી તેથી તે મેલરૂપ જે અહંકાર તે ઉતારવાને શ્રી કૃષ્ણજી તેને મોરધ્વજને ત્યાં લઇ ગયા. અરજુનને એક છોકરાનું રૂપ લેવડાવ્યું અને પોતે એક બ્રાહ્મણનું રૂપ લીધું પછી બંને જણ મોરધ્વજને ઘેર ગયા અને મોરધ્વજને કહેડાવ્યું કે તમારે ત્યાં કોઇ સાધુઓ ભીક્ષા માગવા આવ્યા છે ત્યારે તેણે તેમને કહેવડાવ્યું કે હું હાલ પુંજામાં બેઠોછું તેથી તમે જરા થોભો. હું થોડી વારમાં આવુંછું તે સાંભળી તે બંનેજણ ત્યાંથી રીસાઇને પાછા ચાલ્યા. રાજાએ તે ખબર સાંભળી પુંજા કરવી પડતી મુકી તેમની પાસે તરત ઊઠીને ગયો અને તેમને વીનંતી કરી અને તેમને પાછા વાળી લાવ્યો. પછી તેમને પોતાને ત્યાં પધારવાનું કારણ પૂછયું ત્યારે તેમણે કહ્યું કે અમે તમારે ત્યાં એક ચીજ માગવા આવ્યા છીએ. પણ જો તમે તે ચીજ આપવાનું વચન આપો તો અમે તે માગીએ ત્યારે મોરધ્વજે તેમને વચન આપ્યું એટલે શ્રીકૃષ્ણે કહ્યું કે અમે બંનેજણ બાપ દીકરો થઇએ છીએ અને અમે વનમાંથી ચાલી આવતા હતા ત્યાં વચમાં અમને એક વાઘ મળ્યો અને વાઘે છોકરાને ખાવા લીધો ત્યારે તેને બદલે મેં તે વાઘને મારો દેહ તથા તે જે માગે તે આપવા માંડયું અને તું છોકરાને મારીશ નહીં તેમ કહ્યું પણ તેણે તે માન્યું નહિ અને કહ્યું કે જો તમે મોરધ્વજ રાજાનું જમણું અંગ મને આપો તો હું તે છોકરાને મારૂ નહિ. તે ઉપરથી અમે તમારૂં જમણું અંગ માગવા તમારે ત્યાં આવ્યા છીએ તે સાંભળી તેની રાણીએ કહ્યું કે હું રાજાની અર્ધાંગના છું માટે તમે મને લેઈ જઇને વાઘને આપો તેના પુત્રે કહ્યું કે હું પુત્ર છું તેથી રાજાનુંજ રૂપછું માટે તમે મને તે વાઘને આપો પછી તે બ્રાહ્મણે કહ્યું કે તે બધી તકરાર મારે જોઇતી

નથી મારે તો મોરધ્વજનુંજ જમણું અંગ જોઇએ છે અને તે પણ તમે તેની સ્ત્રી તથા તેનો છોકરો બન્ને જણ ગાતાં ગાતાં તેને વહેરીને આપો અને મોરધ્વજ આંખે એક આંસુ પણ લાવે નહિ તો તે અમે લેવા કબુલ છીએ કારણ કે અમોએ વાઘ સાથે તે પ્રમાણે કબુલાત કરીછે તે ઉપરથી સ્ત્રી તથા દીકરા પાસે મોરધ્વજે પોતાનું અંગ વહેરાવ્યું ત્યારે ડાબી આંખે તેને પાણી આવ્યું તે જોઇ તે બ્રાહ્મણ રીસાઇને ત્યાંથી જવા માંડયું, ત્યારે તેને મોરધ્વજે વારી રાખ્યો અને તેને સમજણ પાડી કે હું કંઇ દુઃખથી આંસુ લાવ્યો નથી પણ મારૂં ડાબું અંગ મને કહે છે કે હુંતો નકામું પડયું રહ્યું અને દાન દેવાના કામમાં ખપ લાગ્યું નહિ તેથી ડાબા અંગને ખોટું લાગવાથી તેને આંસુ આવ્યું. તે સાંભળી બ્રાહ્મણના રૂપે આવેલા ભગવાન તેના ઉપર પ્રસન્ન થયા અને ચતુરભુજ મુર્તી થઇને તેમને દર્શન દીધાં અને તેમને કંઇ વરદાન માગવાનું કહ્યું ત્યારે તેમણે માગ્યું કે હે મહારાજ આગળ કળીયુગ આવે છે તેથી તેમાં ધર્મની દ્રઢતા રહેવી ઘણી કઠણ પડશે માટે તમે આપ્રમાણે કોઇનીપરીક્ષા લેવાસારૂ તપાશો નહીં અને જો તમે એમ કરશો તો કોઇથી ભક્તિ થશે નહિ માટે કોઇની આજથી કસોટી ન કરવી એવું વરદાન આપો. અરનજુન મોરધ્વજની તથા તેની રાણીની તથા પુત્રની ભક્તિ જોઇ દીંગમુઢ થઇ ગયો અને તેનો ગર્વ ગળી ગયોઃ—

અક્રૂરજી.

કંસે શ્રી કૃષ્ણને તેડવાને અક્રુરજીને મધુપૂરી મોકલ્યા ત્યારે અક્રૂરજીની આંખે જળધારા ચાલી કે હું શ્રી કૃષ્ણને કયારે દેખું રસ્તે જતાંજતાં જ્યાં શ્રી કૃષ્ણજી ચાલ્યા હોય તથા બેઠા હોય તે તે જગ્યાએ તે લોટી પડતા અને પોતાને માથે તેમની ચરણ રજ ચઢાવતા. પોતાના દેહનું ભાન પણ તે દર્શણની આશાએ તે ભુલી ગયા. પછી મથુરાં પુરી આવી ત્યાં શ્રી કૃષ્ણજીના દર્શણ કર્યાં એને તેમનું હૈયું પ્રેમમાં ચકચુર થઇ ગયું જે વાત સુકદેવજીએ ભાગવતમાં વર્ણન કરી છે.